MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૦૩-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 કોરોના વોરિયર્સના સન્માનમાં આજે એરફોર્સ કરશે હોસ્પિટલો પર પુષ્પ વર્ષા

6 એચ-૧બી વિઝા અને ગ્રીનકાર્ડ અરજકર્તાઓને અમેરિકામાં ૬૦ દિવસ રહેવાની છૂટ

8 અમદાવાદ-ગાંધીનગરના આકાશમાં એરફોર્સ હેલિકોપ્ટરથી સર્વેલનસ હાથ ધરાયું

12 રાજપીપળાના અને હાલ વડોદરા સી. આઈ. ડી. આઈ. બી.માં ફરજ બજાવતા મુકેશ નેગી એ હવે ફુટ સેનેટાઈઝર યુનિટ તૈયાર કરાવડાવ્યું

ભારતમાં કોરોનાનો કેર: કુલ પોઝિટિવ કેસો વધીને ૩૭ હજારને પાર

૨૪ કલાકમાં રેકોર્ડ ૨૩૯૩ પોઝિટિવ કેસ: ૭૧ના મોત

દેશભરમાં કોરોનાથી ૧૨૧૮ લોકોએ જીવ ગુમાવ્યો, મહારાષ્ટ્રમાં સંક્રમિતોનો આંકડો ૧૧ હજારને પાર,સીઆરપીએફના વધુ ૬૮ જવાન પોઝિટિવ મળ્યા, પૂર્વ દિલ્હીની બટાલિયનમાં અત્યાર સુધી કુલ ૧૨૨ સંક્રમિત

દિલ્હીમાં એક જ બિલ્ડિંગમાં ૪૧ લોકો કોરોના પોઝીટીવ મળતા ખળભળાટ,શ્રમિક સ્પેશ્યલ ૬ ટ્રેન દોડાવાઈ,પંજાબમાં ફસાયેલા ૨૭૧ બ્રિટિશ નાગરિક લંડન જવા માટે રવાના,૧૦ હજારથી વધુ લોકો સ્વસ્થ થયા

ન્યુ દિલ્હી

સમગ્ર દુનિયામાં ભારે હાહાકાર મચાવનાર કોરોના વાઈરસથી ભારતમાં અત્યાર સુધી ૩૭,૨૬૨ લોકો સંક્રમિત થયા છે અને ૧,૨૨૩ લોકોના મોત થયા છે. ભારતમાં કેસોની સંખ્યા છેલ્લાં ગણતરીના સમયમાં જ વધ્યા છે. જેના કારણે ઘણાં વિસ્તારો રેડઝોનમાં આવી ગયા છે. આ સાથે જ હવે મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૧૧ હજારને પાર થઈ ગયો છે અને બીજા ક્રમે ગુજરાતમાં ૪ હજારથી વધુ લોકો આ મહામારીમાં સપડાયા છે. ત્રણ હજારથી વધુ કેસ સાથે રાજધાની દિલ્હી ત્રીજા નંબરે છે. આ આંકડા covid19india.org વેબસાઈટ અને રાજ્ય સરકાર દ્વારા મળેલી માહિતી પ્રમાણે છે.

શનિવારે આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલયે માહિતી આપીને જણાવ્યુ કે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૨૨૯૩ નવા પૉઝિટીવ કેસ સામે આવ્યા છે. આ સાથે જ કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા વધીને ૩૭૩૩૬ થઈ ગઈ છે. વળી, છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસ ૭૧ લોકોનો જીવ લઈ ચૂક્યા છે.

દેશમાં કોરોના દર્દીઓની સંખ્યા વધીને ૩૭૩૩૬ થઈ છે ભારતમાં કોરોનાથી ૧૨૧૮ લોકોએ જીવ ગુમાવ્યો હતો .દેશમાં અત્યાર સુધીમાં ૯૯૫૦ કોરોના દર્દીઓ સ્વસ્થ થયા છે .મહારાષ્ટ્ર, ગુજરાત, દિલ્હી સૌથી અસરગ્રસ્ત રાજ્યો છે

દરમ્યાનમાં, કેન્દ્રીય સુરક્ષા બળના વધુ ૬૮ જવાનોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ તમામ પૂર્વ દિલ્હી ખાતે આવેલા CRPF બટાલિયનના એક કેમ્પમાંથી જ છે. અત્યાર સુધી આ કેમ્પમાં ૧૨૨ સંક્રમિત મળ્યા છે. હવે તેમની સાથે સુરક્ષાબળના ૧૨૭ જવાનોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેમાંથી એક જવાન ઠીક થયો છે, જ્યારે એકનું મોત થયું છે. CRPF દેશની સૌથી મોટી પેરામિલેટ્રી ફોર્સ છે. જેમાં લગભગ ૩.૨૫ લાખ જવાન અને અધિકારીઓ અલગ અલગ રેંક પર સેવા આપે છે.

દિલ્હીમાં કોરોના સંક્રમણ પ્રભાવિત ચાર રેડ ઝોનને લિસ્ટમાંથી હટાવી દેવાયા છે. હવે અહીંયા ૯૭ રેડ ઝોન છે. દિલ્હીના કાપશેરામાં એક જ બિલ્ડિંગના ૪૧ લોકો કોરોના પોઝીટીવ જાહેર થતાં હડકંપ મચી ગયો હતો. વાસ્તવમાં , ૧૮ એપ્રિલના રોજ, દિલ્હીના કપશેરામાં એક મકાનમાં કોરોનાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ગીચ વિસ્તારને જોતાં વહીવટીતંત્રએ ૧૯ એપ્રિલના રોજ આ વિસ્તાર સીલ કરવાનો આદેશ આપ્યો હતો. આ પછી, ૨૦ એપ્રિલે અહીંથી ૯૫ લોકોના નમૂના લેવામાં આવ્યા હતા અને ૨૧ એપ્રિલે ૮૦ લોકોના નમૂના લેવામાં આવ્યા હતા અને આ નમૂનાઓ નોઈડાના એનઆઈબી લેબમાં મોકલવામાં આવ્યા હતા. કુલ મળીને ૧૭૫ લોકોના નમૂનામાંથી ૬૭ લોકોના નમૂનાનો અહેવાલ આજે આવ્યો છે. આમાંથી ૪૧ લોકોને કોરોના ચેપ લાગ્યો છે. બીજી તરફ, કોરોનાને કારણે પંજાબમાં ફસાયેલા ૨૭૧ બ્રિટિશ નાગરિક લંડન

અનુસંધાન પાના નં. ૬

અમેરિકામાં કોરોના વાયરસનું તાંડવ: ૨૪ કલાકમાં ૧૮૦૦થી વધુના મોત

વોશિંગ્ટન

ચીનના વુહાનથી શરૂ થયેલુ કોરોના વાઈરસનું સંક્રમણ સમગ્ર વિશ્વમાં તાંડવ મચાવી રહ્યું છે. અમેરિકામાં કોરોના પોઝિટિવ કેસો સતત વધી રહ્યા છે અને મોતનો આંકડો પણ છેલ્લા કેટલાક દિવસોથી અટકવાનું નામ નથી લઈ રહ્યો. અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૦૦થી વધુ લોકોના મોત કોરોનાના કારણે થયા છે.

જો કોરોના વાઈરસના આંકડા પર નજર નાંખીએ તો, જૉન હોપકિન્સ યુનિવર્સિટીના જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકામાં ૧૮૮૩ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ દેશમાં કોરોનાના કારણે મોતને ભેટેલા લોકોનો આંકડો ૬૪,૮૦૪ પર પહોંચી ગયો છે. જ્યારે અમેરિકામાં અત્યાર સુધી ૧૧,૦૩,૧૧૭ લોકો કોરોનાથી સંક્રમિત છે.

અમેરિકન મીડિયા રિપોર્ટ પ્રમાણે, યુએસ પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના ગિલિયડની રેમડેસિવિર દવાને કોરોના સંક્રમિત દર્દીઓની સારવારમાં ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી છે.

અમેરિકાના રાજ્યોમાં ૧૭ થી ૨૪ માર્ચ વચ્ચે લૉકડાઉન લાગુ થયું હતુ. અમેરિકન ઉપરાષ્ટ્રપતિ માઈક પેન્સે જણાવ્યું કે, ૩૫

અનુસંધાન પાના નં. ૬

વિશ્વમાં ચીન વિરૂદ્ધના માહોલનો ફાયદો ઉઠાવી ભારત નિકાસ વધારે: ગડકરી

બેકફૂટ પર પડેલા અર્થતંત્રને બચાવવા સરકાર ૩ લાખ કરોડનું પેકેજ જાહેર કરે તેવી શક્યતા

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસના કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે અને આ વૈશ્વિક મહામારીનો સામનો કરવા માટે ૧૭મી મે સુધીના લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે લોકડાઉનના કારણે અર્થતંત્રને ભારે મોટું નુકસાન થઈ શકે છે. જો કે, દેશના લથડાઈ રહેલા અર્થતંત્રને બચાવવા માટે સરકાર ટૂંક સમયમાં જ રાહત પેકેજની જાહેરાત કરી શકે છે.

એક અહેવાલ પ્રમાણે મહત્તમ ૬૦ અબજ ડોલર એટલે કે આશરે ૪.૫ લાખ કરોડ રૂપિયા કોરોના સંબંધી ખર્ચ થઈ શકે છે. સરકારને ડર છે કે, જો ખર્ચ આનાથી પણ વધી જશે તો ભારતનું ક્રેડિટ રેટિંગ ઘટશે અને તેનાથી અર્થતંત્રને ભારે નુકસાન પહોંચશે. રેટિંગ એજન્સી ફિચે જો ભારતનું ફિસ્કલ આઉટલુક વધુ ખરાબ થશે તો રેટિંગ પરનું દબાણ ખૂબ વધી જશે તેમ જણાવ્યું હતું.

ભારત સરકારે પહેલાથી જ ૧.૭ લાખ કરોડ રૂપિયાના રાહત પેકેજની ઘોષણા કરેલી છે જે જીડીપીના આશરે ૦.૮૦ ટકા જેટલું છે. આ સંજોગોમાં બીજું રાહત પેકેજ જાહેર કરવા માટે સરકાર પાસે જીડીપીની ૧.૫-૨ ટકા સ્પેસ જ બાકી રહે છે. આ કારણે સરકાર મહત્તમ ત્રણ લાખ કરોડ રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી શકે છે.

કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ કોરોના સંકટ વચ્ચે દબાણનો સામનો કરી રહેલા ક્ષેત્રોના સમર્થન માટે શક્યતઃ ગંભીરતાથી રાહત પેકેજ જાહેર કરવા વિચારણા ચાલી રહી હોવાનું જણાવ્યું હતું. આ મામલે વડાપ્રધાન સ્તરે નિર્ણય લેવામાં આવશે. ગડકરીએ સરકાર મજબૂતાઈથી ઉદ્યોગોને ટેકો આપી રહી છે તેમ જણાવીને રિયલ એસ્ટેટ ક્ષેત્રની સમસ્યાઓના ઉકેલ માટે પ્રયત્ન ચાલુ હોવાનું જણાવ્યું હતું.

આ ઉપરાંત સરકાર કૃષિ, સૂક્ષ્મ-લઘુ અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્ર માટે અલગથી નીતિ

અનુસંધાન પાના નં. ૬

ફર્ટિલાઈઝર ફેક્ટરીનું ઉદ્ઘાટન કર્યુ મોતની અફવાઓ વચ્ચે ૨૦ દિવસ બાદ જાહેરમાં દેખાયા કિમ જોંગ

પ્યોંગયોંગ

બીમારીની અટકળો વચ્ચે તાનાશાહ કિમ જોંગ ઉનને લઇ મોટા સમાચાર, ૨૦ દિન બાદ નજરે પડ્યો

ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગના સ્વાસ્થ્યને લઇને થઇ રહેલી અટકળો વચ્ચે શુક્રવારે તે સાર્વજનિક રીતે સામે આવ્યા. ઉત્તર કોરિયાની સરકારી ન્યૂઝ એજન્સીએ આ વાતની જાણકારી આપતા કહ્યું કે કિમ ૨૦ દિવસ બાદ નજરે પડ્યા છે.

એક ન્યુઝ એજન્સી મુજબ કિમ જોંગ ઉને સુનચિઓનમાં એક ફર્ટિલાઈજર ફેક્ટરી બનીને તૈયાર થવાના અવસર પર આયોજીત સમારોહમાં ભાગ લીધો આ જગ્યા રાજધાની પ્યોંગયાંગની નજીક છે. આ દરમિયાન કિમની બહેન કિમ યો જોંગ પણ હાજર રહી. જોકે, આ સમારોહની તસવીરો હાલ સાર્વજનિક થઇ નથી.

ઉત્તર કોરિયાની તાનાશાહ કિમ જોંગ ઉનના સ્વાસ્થ્યને લઇને અનિશ્ચિતતાની સ્થિતિ બની છે. કેટલાક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે હાર્ટ સર્જરી બાદ તેમની મોત થઇ ગઇ છે. કિમ કયા છે અને

અનુસંધાન પાના નં. ૬

ભારતના વિદેશી હૂંડિયામણમાં ૧૧.૩ કરોડ ડોલરનો ઘટાડો

મુંબઈ

વિતેલા કેટલાક સપ્તાહો દરમિયાન સતત વૃદ્ધિ દર્શાવ્યા બાદ ભારતના વિદેશી હૂંડિયામણમાં ઘટાડો જોવા મળ્યો છે. રિઝર્વ બેંકના આંકડા મુજબ ૨૪ એપ્રિલના રોજ સમાપ્ત થયેલા સપ્તાહ દરમિયાન ભારતનું ફોરેક્સ રિઝર્વ ૧૧.૩ કરોડ ડોલર ઘટીને ૪૭૯.૪૫ અબજ ડોલર થયુ છે. ફોરેક્સ રિઝર્વમાં ધોવાણ એ વિદેશી ચલણમાં ઘટાડાને આભારી છે. જ્યારે તેની અગાઉના સપ્તાહ દરમિયાન ભારતનું ફોરેક્સ રિઝર્વ ૩.૦૯ અબજ ડોલર વધીને ૪૭૯.૫૭ અબજ ડોલર નોંધાયુ હતુ.

નોંધનિય છે કે વિતેલ ૬ માર્ચ, ૨૦૨૦ના રોજ સમાપ્ત થયેલા સપ્તાહના અંતે ભારતનું વિદેશી હૂંડિયામણ ભંડોળ ૫.૬૯ અબજ ડોલર વધીને ૪૮૭.૨૩ અબજ ડોલરની ઐતિહાસિક ઉંચાઈને આંબી ગયુ હતુ.

તો વિતેલ સમગ્ર નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ભારતના વિદેશી હૂંડિયામણમાં ૬૨ અબજ ડોલરનો વધારો થયો છે.

ગત ૨૪ એપ્રિલના રોજ સમાપ્ત થયેલ સપ્તાહ દરમિયાન ફોરેન કરન્સી એસેટ્સ જે સમગ્ર વિદેશી હુંડિયામણ ભંડોળનો એક મુખ્ય હિસ્સો છે તે ૩૨.૧ કરોડ ડોલર ઘટીને ૪૪૧.૫૬ અબજ ડોલર રહ્યો હતો. ફોરેન કરન્સી એસેટ્સમાં ભારત પાસે યુએસ ડોલર સિવાય યેન, યુરો, પાઉન્ડ, યુઆન અને અન્ય દેશોની અનામતોના યુએસ ડોલરની સાથેના વિનિમય મૂલ્યમાં થયેલા વધારા-ઘટાડાની અસર પણ જોવા મળે છે.

રિઝર્વ બેંકના આંકડા મુજબ સમિક્ષાધીન સમયગાળા દરમિયાન ભારતનું ગોલ્ડ રિઝર્વ ૨૨.૧ કરોડ ડોલર વધીને ૩૨.૯૦ અબજ ડોલર થયુ હતુ. તો ઈન્ટરનેશનલ મોનેટરી ફંડમાં ભારતના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૬૦ લાખ ડોલર ઘટીને ૧.૪૨ અબજ ડોલર થયા હતા. તો ભારતની રિઝર્વ પોઝિશન પણ ૮૦ લાખ ડોલર ઘટીને ૩.૫૭ અબજ ડોલર થઈ હતી.

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ (રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002



કેલિફોર્નિયાના ગવર્નરે સંક્રમણને અટકાવવા માટે બીચને બંધ કરવા સહિતના ઘણા પ્રતિબંધો મૂક્યા છે, જેના વિરોધમાં લોકોએ પ્રદર્શન કર્યું હતું.

રાજકોટ અને કચ્છની કોવિડ હોસ્પિટલો ઉપર ફૂલો વરસાવશે

કોરોના વોરિયર્સના સન્માનમાં આજે એરફોર્સ કરશે હોસ્પિટલો પર પુષ્પ વર્ષા

ન્યુ દિલ્હી

ભારતીય સેના કોરોના વાયરસ વિદ્ધ લડાઈમાં પ્રત્યેક મોરચા પર તૈનાત કોરોના યોદ્ધાઓના સમર્થનમાં ૩ મેએ લાય પાસ્ટ કરશે અને કોવિડ-૧૯ સ્પેશિયલ હોસ્પિટલો પર પુષ્પ વર્ષા કરશે. આ દરમિયાન નેવીના યુદ્ધ જહાજો પર રોશની કરવામાં આવશે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતે સેનાના ત્રણેય પ્રમુખો સાથે એક પત્રકાર પરિષદમાં તેની જાણકારી આપી હતી.

જનરલ રાવતે કહ્યું છે કે સમગ્ર દેશ કોવિડ-૧૯ મહામારી વિદ્ધ લડી રહ્યો છે. અમે બધા કોરોના વોરિયર્સ પ્રત્યે અમારી કૃતજ્ઞતા વ્યકત કરીએ છીએ જે આપણને સુરક્ષિત રાખવા માટે તનતોડ મહેનત કરી રહ્યા છે. કોરોના સામે લડનારા લોકો સાથે દેશની સશક્ત સેના મજબૂતીથી ઊભી છે. સમગ્ર વિશ્વ કોરોનાના સંકટ સામે લડી રહ્યું છે. અમે સેના તરફથી કોરોના વિદ્ધ લડાઈ લડી રહેલા યોદ્ધાઓને સલામ કરીએ છીએ. દેશની સેના તેમની સાથે છે.

તેમણે જણાવ્યું છે કે ૩ મેએ એરફોર્સ દેશભરમાં લાય પાસ્ટ કરશે. એક લાઈ પાસ્ટ શ્રીનગરથી શ કરીને તિવનંતપુરમ સુધી પહોંચશે. બીજી દિબ્રુગઢથી કચ્છ સુધી જશે. ઈન્ડિયન એરફોર્સના ફિકસડ વિંગ અને એરકાટ લાઈ પાસ્ટમાં ભાગ લેશે. યારે નેવીના હેલિકોપ્ટર કોવિડ-૧૯ દર્દીઓની સારવાર કરી રહેલી હોસ્પિટલો પર પુષ્પ વર્ષા કરશે. ઈન્ડિયન આર્મી પોતાની તરફથી દેશભરના મોટા ભાગના જિલ્લાઓમાં કેટલીક કોવિડ હોસ્પિટલો સાથે માઉન્ટેન બેન્ડ ડિસ્પ્લે કરશે. પોલીસ દળના સમર્થનમાં સશક્ત દળ ૩ મેએ પોલીસ મેમોરિયલ પર માલ્યાર્પણ કરશે.

મધ્યપ્રદેશમાં રેડ ઝોનમાં તબીબ ડ્યુટી પર નહી આવે તો લાગુ પડશે એસ્મા

ભોપાલ

મધ્યપ્રદેશના ભોપાલ, ઈન્દોર અને ઉજ્જૈનનો રેડ ઝોનમાં સામેલ છે અને કોરોનાના કેસ સતત વધી રહ્યા છે ત્યારે આ વિસ્તારમાં દર્દીઓની સારવારમાં તબીબોની અછત ન રહે અને જરૂરી સારવાર તાત્કાલિક મળી રહે તે માટે મધ્યપ્રદેશ સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે.. જેમાં મધ્યપ્રદેશની તમામ મેડીકલ કોલેજમાં પોતાની ઈન્ટર્નશિપ પુરી કરી ચુકેલા ૨૦૪ જેટલા તબીબોને રેડ ઝોનમાં સમાવિષ્ઠ આ ત્રણેય શહેરોમાં મોકલવાનો નિર્ણય લીધો છે. જેમાં ૭૧ તબીબો ભોપાલમાં, ૮૭ ઈન્દોરમાં અને ૪૬ તબીબો ઉજ્જૈનમાં જશે.

જો આ તબીબો ફરજ પર જવા માટેનો ઈકાર કરશે તો સરકાર દ્વારા તેમની સામે એસ્મા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે ત્યાં સુધી ચેતવણી આપવામાં આવી છે. જુનિયર તબીબોને સરકાર આ માટે પ્રતિમાસ રૂ.૫૫ હજારનો પગાર પણ ચુકવશે.મધ્યપ્રદેશમાં અત્યાર સુધીમાં ૨૭૪૫ કેસ આવી ચુક્યા છે જેમાં ૬૪૪ દર્દીઓ સાજા થયા છે અને ૧૪૭ દર્દીઓના સારવાર દરમિયાન મરણ થયા છે. ઈન્દોરની સ્થિતિ સમગ્ર રાજયમાં ચિંતાનજક છે. જયાં કુલ ૧૫૧૩ પોઝીટીવ કેસ નોંધાયા છે અને કુલ ૭૨ લોકોના મરણ થયા છે.

કોરોના ગ્લોબલ ઈમરજન્સી બની રહેશે, અત્યારે તેનાથી છૂટકારો સંભવ નથી

કોરોના વાયરસ પ્રાકૃતિક રીતે ઉત્પન્ન થયો છે: WHO

જિનિવા

ચીનથી ફેલાયેલ ખતરનાક વાયરસ અને વૈશ્વિક મહામારી કોરોના વાયરસને લઈ હવે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના ઈમરજન્સી સ્થિતિઓના પ્રમુખ ડોક્ટર માઈકલ રાયને મહત્વનું નિવેદન આપ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ રાયને કહ્યું છે કોરોના વાયરસ પ્રાકૃતિક રીતે ઉત્પન્ન થયો છે. તેમનું આ નિવેદન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એવા નિવેદન પછી આવ્યું જેમાં ટ્રમ્પે કહ્યું હતું કે તેમની પાસે ઘણી એવી માહિતી છે જે સંકેત આપે છે કે કોરોના વાયરસ ચીનની વાયરોલોજી ઈન્સ્ટિટ્યૂટ લેબથી પેદા થયો છે.

મીડિયા રિપોર્ટ મુજબ રાયને કહ્યું કે વિશ્વ આરોગ્ય સંસ્થાની ટીમે વારંવાર ઘણા બધા એવા વૈજ્ઞાનિકો સાથે આ અંગે ચર્ચા કરી. જેમને વાયરસના જીન સીક્વેન્સને જોયો છે અને અમને એ વાત



પર સંપૂર્ણ વિશ્વાસ છે કે વાયરસ પ્રાકૃતિક રીતે પેદા થયો છે. આ સિવાય તેમને એમ પણ કહ્યું કે કોરોના વાયરસથી પ્રાકૃતિક હોસ્ટની શોધ કરવી જરૂરી છે. જેથી આ અંગે વધુ માહિતી મળવી શકાય અને ભવિષ્યમાં એવા જોખમથી બચી શકાય.

આપણે જણાવી દઈએ કે આ પહેલા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે તેમણે પૂર્ણ વિશ્વાસ છે કે કોરોના વાયરસ ચીનની વાયરોલોજી ઈન્સ્ટિટ્યૂટથી પેદા થયો છે. ટ્રમ્પ વારંવાર ચીન પર આરોપ લગાવતા રહ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ તેમણે તો એમ પણ કહ્યું હતું કે તેઓ ચીન પર લાગતા ટ્રેરિફમાં પણ વધારો કરશે. કારણ કે ચીનના કારણ હાલ અમેરિકાના હાલ બેહાલ છે. ઉલ્લેખનીય છે કે વિશ્વના મોટા ભાગના વૈજ્ઞાનિકોનું માનવું છે કે કોરોના વાયરસ ચીનના વુહાન શહેરમાં આવેલ એક એનિમલ માર્કેટમાંથી પેદા થયો છે. જો કે, અત્યાર સુધી આ અંગે કોઈ પુષ્ટિ થઈ નથી.

લઘુમતી આયોગના અધ્યક્ષ ઝફરૂલ ઈસ્લામ વિરુદ્ધ દેશદ્રોહનો કેસ દાખલ

ન્યુ દિલ્હી

દિલ્હી રાજય લઘુમતી આયોગના અધ્યક્ષ ડૉ.ઝફરૂલ ઈસ્લામ ખાન વિરુદ્ધ દેશદ્રોહ અને સામાન્ય લોકોની ભાવનાઓ ઉશ્કેરવાનો કેસ દાખલ કરાયો છે. કેસ દિલ્હીના વસંતકુંજ વિસ્તારમાં રહેનારા એક વ્યક્તિની ફરિયાદના આધારે સ્પેશિયલ સેલ સ્ટેશનમાં દાખલ થયો છે.

જો કે, પોસ્ટ કર્યાના થોડા સમય બાદ જ ડૉ.ઝફરૂલે પોતાના વિવાદિત અને ઉશ્કેરણીજનક નિવેદનને સોશિયલ મીડિયા પરથી હટાવી લીધું હતું. આ સાથે જ ૧ મે ના રોજ તેમણે આ અંગે માફી પણ માગી લીધી હતી.

FIR અનુસાર, ફરિયાદ કરનારા કૌશલ કાંત મિશ્રા, સેક્ટર એ, વસંતકુંજ નોર્થમાં રહે છે. મિશ્રાએ સફદરજંગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, ૨૮ એપ્રીલ ૨૦૨૦ના રોજ દિલ્હી રાજય લઘુમતી આયોગના અધ્યક્ષ ડૉ.ઝફરૂલ ઈસ્લામ ખાને એક ઉશ્કેરણીજનક પોસ્ટ ફેસબુક અને ટ્વીટર પર શેર કરી હતી. જેનાથી સમાજમાં અશાંતિ ફેલાઈ શકતી હતી. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને SP સફદરજંગે ફરિયાદ દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલ સ્ટેશનમાં મોકલી આપી હતી.

બ્લડ ડોનેટ કરનાર તબલિગીઓને 'હીરો' ગણાવનાર આઈએસ ઓફિસરને નોટિસ

ન્યુ દિલ્હી

કોરોના પોઝિટિવ તબલિગી જમાતના લોકો સારવાર બાદ સાજા થયા પછી હવે પ્લાઝમા થેરાપી માટે બ્લડ ડોનેટ કરવા માટે આગળ આવી રહ્યા છે. આવા જ એક તબલિગીને બ્લડ ડોનેટ કરવા બદલ હીરો કહેનારા એક એક આઈએસ અધિકારીને કર્ણાટક સરકારે શો કોઝ નોટિસ ફટકારી છે. આઈએએસ અધિકારી મહોમ્મદ મોહસિને પ્લાઝમા ડોનેટ કરનારા તબલિગી જમાતના સભ્યો અંગે ટ્વિટ કરતા કહ્યુ હતુ કે, તબલિગી જમાતના ૩૦૦ લોકોએ પ્લાઝમા ડોનેટ કર્યુ છે.મીડિયા ક્યાં છે, મીડિયા આ હીરોની વાત નહી કરે જેમણે માનવતાનુ કામ કર્યુ છે.

જોકે કર્ણાટક સરકારને આઈએએસ અધિકારીનુ ટ્વિટ પસંદ આવ્યુ નથી. સરકારે શો કોઝ નોટીસ ફટકારીને આ અધિકારીને પાંચ દિવસમાં ખુલાસો કરવાનો હુકમ કર્યો છે.

કોરોના સંકટ વચ્ચે ટ્રમ્પે રીમડેસિવીરના ઉપયોગની મંજૂરી આપી

વોશિંગ્ટન

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે કોરોના વાયરસની સારવારમાં રીમડેસિવીરનો ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી. અત્યાર સુધી ટ્રમ્પ કોરોની સારવાર માટે સૌથી અસરકારક દવા તરીકે મેલેરિયાની દવા હાઈડ્રોક્સીક્લોરોક્વિન હોવાનો દાવો કરી રહ્યા હતા. યુ.એસ.માં રીમડેસિવીર દવાથી કોરોના દર્દીઓ પર સારા પરિણામો જોવા મળ્યા છે. ઈબોલા વાયરસ માટે પ્રથમ પરીક્ષણ કરાયેલ આ એન્ટિવાયરલ દવાને ડોક્ટરો સકારાત્મક રીતે જોઈ રહ્યા છે. જેને આ દવા અપાય છે તેને સરેરાશ ૧૧ દિવસમાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવે છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ અમેરિકન ફાર્મા કંપની ગિલિયડ દ્વારા બનાવવામાં આવેલી આ દવા કોરોના વાયરસની સારવાર માટે બનાવવામાં આવી નથી. ભલે તેનો ફાયદો થઈ રહ્યો હોવા છતાં આડઅસરો અંગેના સંશોધનની પણ જરૂર છે. આ અગાઉ તે અન્ય દવાઓ સાથે ભળીને જહોન હોપકિન્સ યુનિવર્સિટીના બિમાર લોકો માટે ખૂબ ફાયદાકારક સાબિત થઈ હતું.

દિલ્હીના તમામ જિલ્લા રેડ ઝોનમાં, લોકડાઉનમાં કોઈ છૂટ નહીં: કેજરીવાલ

ન્યુ દિલ્હી

લોકડાઉનના ત્રીજા તબક્કામાં દેશને ત્રણ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. રેડ ઝોન,ઓરેન્જ અને ગ્રીન. ઝોનના હિસાબે લોકડાઉનમાં રાહત આપવામાં આવશે. રાજધાની દિલ્હીને રેડ ઝોનમાં રાખવામાં આવી છે. એટલે અહીં ૪ મેથી ૧૭ મે દરમિયાન કોઈપણ વિસ્તારમાં છૂટ નહી આપવામાં આવે. કારણ કે જિલ્લાના આધાર પર વિસ્તારને વહેંચવામાં આવ્યા છે.

દિલ્હી સરકારે જાણકારી આપતા કહ્યું કે દિલ્હીના તમામ જિલ્લા ૧૭ મે સુધી રેડ ઝોનમાં રહેશે. સ્વાસ્થ્ય મંત્રી સત્યેંદ્ર જૈને કહ્યું કે આગામી બે અઠવાડીયા સુધી આ તમામ જિલ્લાઓમાં કોઈપણ પ્રકારની છૂટ ન આપવાનો વિચાર કરવામાં આવ્યો છે. અમે લોકો બીજા રાજયો સાથે પણ વાતચીત કરી રહ્યા છીએ, જે રાજયના નાગરિકોને પરત મોકલવાના છે તેને લઈ ખાસ ટ્રેનનો અનુરોધ કરશું. અમે મેડિકલ સહયોગ આપશું.

તેમણે આગળ કહ્યું કે, કોટામાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓની પરત લાવવાને લઈ અમે વાત કરી રહ્યા છીએ. અમે કોટા માટે બસો મોકલી છે. સત્યેંદ્ર જૈને કહ્યું, આઝાદપુર મંડીમાં ૨૪ કલાક કામ કરવામાં આવી રહ્યું છે જેનાથી ત્યાં એક સાથે વધારે લોકો એકઠા ન થાય. પ્લાઝમા થેરેપીના પ્રથમ દર્દી ડિસ્ચાર્જ થયા છે, જે અમારા માટે સારી વાત છે.



નવી દિલ્હીમાં, કોરોનાવાયરસ સામેના નિવારક પગલા તરીકે દેશવ્યાપી લોકડાઉન દરમિયાન ઈન્ડિયા ગેટ નજીક રાજપથ ખાતે સ્પષ્ટ બપોરે રોઝી સ્ટારલિંગ્સનું ટોળું.

ચાવલા મંજૂરી વગર ભારત બહાર જઈ નહીં શકે

મેચ ફિક્સિંગના આરોપી સંજીવ ચાલને પટિયાલા કોર્ટે જામીન આપ્યા

ન્યુ દિલ્હી

વર્ષ ૨૦૦૦માં થયેલા મેચ ફિક્સિંગ રેકેટના આરોપી સંજીવ ચાવલાને દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે જામીન આપી દીધા છે. ચાવલાને પ્રત્યાર્પણ દ્વારા ભારત લાવવામાં આવ્યો હતો અને તેને બે લાખ રૂપિયાના અંગત બોન્ડ પર જામીન આપવામાં આવ્યા છે. કોર્ટના કહેવા પ્રમાણે અરજીકર્તાએ ૭૬ દિવસ કસ્ટડીમાં કાઢ્યા છે અને તપાસ પૂરી થઈ ગઈ છે. આ કેસમાં ચાર્જશીટ ફાઈલ કરી દેવાઈ છે અને અન્ય બે આરોપી પહેલેથી જ જામીન પર છે. કોર્ટે કોવિડ-૧૯ની સ્થિતિને ધ્યાનમાં રાખીને સંજીવ ચાવલાને જામીન આપવામાં આવ્યા હોવાની સ્પષ્ટતા કરી હતી.

જો કે, જામીન માટે કેટલીક શરતો પણ રાખવામાં આવી છે. શરત પ્રમાણે સંજીવ ચાવલા મંજૂરી વગર ભારતની બહાર નહીં જઈ શકે. સંજીવ ચાવલાએ તેનો અને તેના ભાઈનો નંબર આપવો પડશે અને તે નંબરો હંમેશા ચાલુ રાખવા પડશે. આ ઉપરાંત સંજીવને વોઈસ સેમ્પલ અને સ્પેસિમેન હેન્ડરાઈટિંગ આપવાનો નિર્દેશ પણ અપાયો છે.

જામીન અરજીમાં ચાવલાએ જેલમાં હાઈજેનિક સ્થિતિ નથી અને કોરોના સંક્રમણનું જોખમ છે માટે બેલ આપવામાં આવે તેવો દાવો કર્યો હતો. સાથે જ તેણે પોતાનો ભૂતકાળનો કોઈ ક્રિમિનલ રેકોર્ડ નથી, તે એક બ્રિટિશ નાગરિક છે અને ઈચ્છતદાર પરિવાર સાથે સંકળાયેલો છે તેવી સ્પષ્ટતા પણ કરી હતી. વધુમાં તેણે ૨૦૧૫માં દિલ્હી કોર્ટના વોરન્ટના આધારે તેની ધરપકડ કરાઈ ત્યારે વેસ્ટમિંસ્ટર મેજિસ્ટ્રેટ કોર્ટે પણ તેને શરતી જામીન આપ્યા હતા તેમ જણાવ્યું હતું.

પાલઘર સાધુઓની હત્યાના આરોપીને કોરોના: ૨૩ પોલીસકર્મીઓ સહિત ૪૩ ક્વોરન્ટાઈન

પાલઘર

મહારાષ્ટ્રમાં આવેલા પાલઘર લિંચિંગ મામલે એક આરોપો કોરોના પોઝિટિવ જોવા મળ્યો છે. તે ગત દિવસોમાં વાડા પોલીસ સ્ટેશનના લોકઅપમાં હતો. આરોપીને પહેલા પાલઘર ગ્રામીણ હોસ્પિટલના એક આઈસોલેશન વોર્ડમાં ભરતી કરવામાં આવ્યો હતો અને હવે તેને જેજે હોસ્પિટલમાં કેદી વોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો છે. એવું માનવામાં આવી રહ્યું છે કે આરોપી લોકઅપમાં જ કોરોના સંક્રમણનો શિકાર થયો છે જ્યાં લગભગ અંદાજે અન્ય ૨૦ આરોપીઓને તેની સાથે એક જ સેલમાં રાખવામાં આવ્યાં હતા. એક મળતી જાણકારી મુજબ તેના સંપર્કમાં આવેલા ૨૦ આરોપી અને ૨૩ પોલીસ કર્મચારીઓને કોરોન્ટાઈન કરવામાં આવ્યાં છે અને બધાના સેમ્પલ લેવામાં આવ્યાં છે. મહારાષ્ટ્ર ગત ૧૬ એપ્રિલના રોજ પાલઘરમાં ભીડ દ્વારા બે સાધુઓ સહિત ત્રણ લોકોની હત્યાના સંબંધમાં રાજયની પોલીસની સીઆઈડીએ વધુ પાંચ વ્યક્તિઓની ધરપકડ કરી છે. એક અધિકારીએ આ અંગેની જાણ કરી છે. આ પાંચ વ્યક્તિ સહિત આ મામલે અત્યાર સુધીમાં ૧૧૫ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી ચૂકી છે, જેમાંથી ૯ સગીર છે.

એલન મસ્કની એક ટ્વિટના કારણે શેરોમાં ૧૨ ટકાનો ઘટાડો નોંધાયો

વોશિંગ્ટન

દુનિયાની દિગ્ગજ ઈ-વાહન કંપની ટેસલાના સીઈઓ એલન મસ્ક પોતાની જ કંપની માટે ભસ્માસુર બની ગયા છે. તેમના એક ટ્વીટના કારણે કંપનીના શેરમાં મોટો ઝટકો લાગ્યો છે. મસ્કે ટ્વીટ કર્યું હતું કે, કંપનીના શેરની કિંમત ખૂબ વધુ છે, જેના પરિણામસ્વરૂપ બજારમાં ટેસલાના શેરોમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. એક રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણએ શરૂઆતના અડધા કલાકમાં જ ટેસલાના શેરમાં લગભગ ૧૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. જો કે, બાદમાં કંપનીના શેરમાં તેજી જોવા મળી હતી. જે ૭.૧૭ના ઘટાડા સાથએ ૭૦૧.૩૨ (૫૨,૫૯૯ રૂપિયા) ડોલર પર બંધ રહ્યો હતો. આ અગાઉ મસ્કે ઓગસ્ટ ૨૦૧૮માં કંપનીને લઈ એક વિવાદીત ટ્વીટ કર્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે, ટેસલા ખાનગી કંપની બનવા જઈ રહી છે અને તેની સાથે શેર ૪૨૦ ડૉલરના હિસાબે વેચાશે.

ભૂખ્યા બાળકને ખાતરી આપવા માતાએ પથ્થર ઉકાળ્યા..!!

નૈરોબી

કેન્યામાં આઠ બાળકની માતાએ તેના બાળકો ખાતરી આપવા વાસણમાં રસોઈ બનતી હોય તેમ પથ્થરો ઉકાળવા મૂક્યા હતા. મહિલાએ જણાવ્યું હતું કે, બાળકો જમવાની રાહ જોતા જોતા સુઈ જાય, તે માટે મેં આવું કર્યું હતું. બીબીસીના મતે મોમ્બાસામાં રહેનારી મહિલા પનિહા બહાતી કિસાવ નિરક્ષર છે. તે લોકોના કપડાં ધોઈને ગુજરાન ચલાવે છે. કોરોનાને લીધે લોકો સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરી રહ્યા છે. જેથી તેની પાસે હવે કામ રહ્યું નથી. મહિલાના પડોશીઓએ આ દુખદ દ્રશ્ય જોયું તો મીડિયાને જાણ કરી હતી. તે સાથે મહિલાનું એક બેક એકાઉન્ટ પણ ખોલ્યું હતું.

આ પછી કેન્યાના ઘણા લોકો તેમની મદદ માટે આગળ આવ્યા. લોકોએ મહિલાના ખાતામાં અને મોબાઈલ દ્વારા મહિલાને દાન આપવાનું શરૂ કર્યું. કિસાવો વિધવા છે. ગયા વર્ષે તેના પતિની ડાકુ દ્વારા હત્યા કરવામાં આવી હતી. તે બે રૂમના ઘરમાં રહે છે, જ્યાં પાણી કે વીજળીની સુવિધા નથી.

લોકો પાસેથી મળેલી મદદ અંગે મહિલાએ ટૂકો ન્યૂઝ વેબસાઈટને કહ્યું, મારા માટે આ કોઈ ચમત્કારથી ઓછું નથી. હું માનતી નથી કે કેન્યાના લોકો આટલો પ્રેમ કરી શકે છે. મને દેશભરમાંથી કોલ આવી રહ્યા છે. દરેક જણ પૂછે છે કે તેઓ કેવી રીતે મદદ કરી શકે છે. કિસાવે કહ્યું, "મારે મારા સૌથી નાના બાળકને ખાતરી આપવાની હતી કે હું રાંધુ છું." તે ભૂખથી રડી રહ્યો હતો. મારા બાકીના બાળકો થોડા મોટા છે. જ્યારે મેં તેમને કહ્યું કે, આપણી પાસે ખાવા માટે કંઈ નથી, તો તેઓ સમજી ગયા."

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

ત્રાસવાદની કમર તુટી નથી

દુનિયાના દેશો કોરોના વાયરસની સામે લડી રહ્યા છે. આને પરાજિત કરવા માટે દુનિયાના દેશો મથામણ કરી રહ્યા છે. આવી સ્થિતીમાં પાકિસ્તાનની હરકતો જારી રહી છે. જે સાબિતી આપે છેકે પાકિસ્તાનમાં હજુ કટ્ટરપંથી તત્વો અને ત્રાસવાદી સક્રિય છે. સાથે સાથે સેના પણ પાકિસ્તાની ત્રાસવાદીઓને મદદ કરી રહી છે. કોરોના વાયરસની અસર પાકિસ્તાનમાં પણ રહેલી છે. જો કે પાકિસ્તાન સરકાર તેની સામે વિશ્વના દેશોની સાથે મળીને લડવાના બદલે ભારતને હેરાન કરવા માટે પ્રયાસ કરી રહી છે. આ જ કારણ છે કે સરહદ પર પાકિસ્તાની સેના હજુ પણ નાપાક હરકત કરી રહી છે. આનો મુખ્ય હેતુ સ્થિતીનો લાભ લઈને ત્રાસવાદીઓને ભારતમાં અને ખાસ કરીને કાશ્મીરમાં ઘુસાડી દેવાનો રહેલો છે. પાકિસ્તાનમાં ત્રાસવાદ અને તેમના આકાઓની કમર તુટી નથી. તેના માટે કેટલાક કારણો રહેલા છે. આના માટે જે સૌથી મોટુ કારણ દેખાઈ આવે છે તે ત્રાસવાદને લઈને વિશ્વના દેશોના અસ્પષ્ટ વલણ છે. અમેરિકા સહિતના દેશો ત્રાસવાદના મુદ્દા પર પણ બેવડા માપદંડ સાથે આગળ વધી રહ્યા છે. પોતાના સ્વાર્થ માટે નિર્ણય જુદા જુદા દેશો દ્વારા કરવામાં આવી રહ્યા છે. જેથી ત્રાસવાદને ખતમ કરવામાં સફળતા મળી નથી. દુનિયાના જુદા જુદા દેશોમાં અને ખાસ કરીને પડોશી ભારતમાં અનેક હુમલા માટે સીધી રીતે જવાબદાર રહેલા ત્રાસવાદીઓ સામે પાકિસ્તાન કોઈ પગલા લઈ રહ્યુ નથી. અમેરિકા અને યુરોપના દેશો તેમજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા માત્ર નિવેદનબાજી કરવાથી કામ ચાલશે નહીં. કારણ કે જ્યાં સુધી પાકિસ્તાન પર નિર્ણાયક દબાણ લવાશે નહીં ત્યાં સુધી તે કામ કરશે નહીં. દરેક પ્રકારના નિયંત્રણ પાકિસ્તાન પર લાવવાની આજે જરૂર છે. ત્રાસવાદી આકા અને ત્રાસવાદીઓને પાકિસ્તાન પકડીને સજા ન કરે ત્યાં સુધી તેને મળતી દરેક પ્રકારની સહાય પર બ્રેક મુકવા જેવા કઠોર નિર્ણય કરવાની જરૂર છે. તમામ પ્રકાનુ દબાણ છતાં પાકિસ્તાનનુ ત્રાસવાદ પ્રત્યે તેનુ વલણ બદલાયુ નથી. ઈમરાન ખાનના નેતૃત્વમાં સરકાર પણ પાકિસ્તાનમાં સક્રિય ત્રાસવાદીઓ પર મહેરબાન દેખાઈ રહી છે. આજ કારણસર આગામી દિવસોમાં ભારતને વધારે મુશ્કેલી નડી શકે છે. ઈમરાન ખાનની સરકારે ભારતમાં અનેક હુમલા માટે જવાબદાર ખતરનાક ત્રાસવાદી હાફિજ સઈદના સંગઠનોને પ્રતિબંધિત સંગઠનોની યાદીમાંથી દુર કરી લીધા છે. જે સાબિતકરે છે તે ત્રાસવાદને લઈને ગંભીર નથી. તેને ભારત સાથે સંબંધ સુધારીને આગળ વધવામાં પણ કોઈ રસ નથી. ત્રાસવાદના મામલે વિશ્વના દેશોની આંખમાં ધુળ નાંખવાની પ્રક્રિયા પાકિસ્તાને જારી રાખી છે. પાકિસ્તાનના કૃત્યો તમામ દેશોને દેખાઈ રહ્યા હોવા છતાં નક્કર પગલા અમેરિકા સહિતના દેશો દ્વારા લેવામાં આવી રહ્યા નથી.ત્રાસવાદના દુષણના કારણે આજે અમેરિકા, યુરોપના તમામ દેશો અને ભારત ભારે પરેશાન છે પરંતુ આને મક્કમતા સાથે રોકવામાં દશકોથી સફળતા મળી રહી નથી. ત્રાસવાદ પર અંકુશ ન આવવા માટે કેટલાક કારણો તો દેખીતા છે. જે પૈકી એક કારણ તો ત્રાસવાદને પોતાની નીતિ મુજબ ગણવાની બાબત છે.

હાલના ત્રાસવાદી હુમલા અને સરહદ પર ગોળીબારથી સાબિત :સાવધાની જરૂરી છે

લોકડાઉન લંબાવવાનો વાંધો ન હોય શકે પરંતુ લોકોની જરૂરીયાતોની વ્યવસ્થા કોણ કરશે.....?

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને વિશ્વના દેશોને કોરોનાવાયરસ ભારે તબાહી સર્જશે એવી ચેતવણી આપી છે. અને ખરેખર વિશ્વના દેશોમાં કોરોના કેસો દિન બ દિન વધી રહ્યા છે. ત્યારે વિશ્વની મહાસત્તાઓ ના વૈજ્ઞાનિકો દવા શોધવામાં ગળાડૂબ છે. આ બધા વચ્ચે અમેરિકાએ કોરોના વાયરસ ની દવા શોધી કાઢી હોવાનો દાવો કર્યો છે અને ટૂંક સમયમાં જ દર્દીઓ ઉપર તેનો ઉપયોગ કરવામાં આવનાર છે. ત્યારે ભારતના ગુજરાતના વૈજ્ઞાનિકોએ કોરોના અંશ સૂત્ર શોધી કાઢ્યાનો દાવો કર્યા બાદ દવા સંશોધન તરફ આગળ વધી રહ્યા છે પરંતુ હજુ સુધી તે માટેનો દાવો કર્યો નથી. ભારતમાં કોરોનાની સંખ્યા દિન-પ્રતિદિન આગળ વધતી જઈ રહી છે અને ૩૫૪૫૭ લોકોના પોઝિટિવ કેસ નોંધાયા છે, જ્યારે મૃતાંક ૧૨,૦૦૦ એ પહોંચી ગયો છે જેના કારણે કેન્દ્ર સરકારની ચિંતામાં વધારો થયો છે.મોદીજી સતત દરેક રાજ્યના મુખ્યમંત્રીઓ સાથે ટેલીકોન્ફરન્સ યોજવા સાથે અધિકારીઓ સાથે બેઠકોનો દોર શરૂ કરી દીધો છે. આખરે ૧૭ મી મે સુધી lockdown લંબાવવાની ફરજ પડી છે. પરંતુ કોરોના દર્દીઓના સ્પોટ નક્કી કરી દેશભરમાં ત્રણ ઝોપ નક્કી કરી દેવામાં આવ્યા છે જેમાં રેડ ઝોન અને ઓરોન્જ ઝોન તથા ગ્રીન ઝોન. ઓરેન્જ ઝોન માટે કેટલાક નિયમોને આધીન છૂટછાટ આપી દીધી છે. તો મજૂરોને, રોજમદારોને, નોકરિયાતોને પૂરતી આવક મળી રહે તે માટે કેટલાક નાના મોટા ઉદ્યોગો, ધંધા- રોજગારને છૂટ આપતા લોકોમાં હાશકારો થયો છે.....! પરંતુ અનેક તજજ્ઞોએ દેશમાં લાકડાઉન લંબાવવાને કારણે ભૂખમરાથી વધુ મોત થશે તેવી દહેશત વ્યક્ત કરી છે....! તો દેશભરમાં આર્થિક સ્થિતિ વધુ કફોડી બનશે તેવી દહેશત પણ કરવામાં આવી છે....:!

દેશભરમાં કોરોનાવાયરસ ને ૩૭ હજારથી વધુ કેસ નોંધાયા છે. જ્યારે મૃતાક ૧૩૦૦ તરફ આગળ વધી રહ્યો છે. દેશમાં કેન્દ્ર સરકારે જે તે રાજયના પર પ્રાંતિયોને વતન પહોંચાડવા આદેશો આપ્યા બાદ રાજ્યોને બસોની સુવિધા કરવા તરફ દોડવું પડ્યું છે. કોરોના સલામતીના કારણોસર ટ્રેન દ્વારા મજૂરોને પોતાના વતન મોકલવા આયોજન કરવું જોઈએ..... પરંતુ તેવી જવાબદારી અપવાદરૂપ રાજ્ય છોડીને લીધી નથી અને રાજ્યો પર ઢોળી દીધી છે જે કેન્દ્ર સરકારને માટે ટીકાનુ કારણ બની ગયું છે. આવા મહામારીના સમયમાં ગુજરાતમાં દિન બ દિન કોરોના સંક્રમિતોની સંખ્યા અને વધતા મૃતાકને લઈને આમ ગુજરાતમાં લોકોમાં ભારે ડર ફરી વળ્યો છે. ગુજરાતનો કારોબાર જ્યાથી ચલાવવામાં આવે છે તે ગુજરાતના પાટનગર ગાંધીનગરને રેડ ઝોનમાં મુકવું પડ્યું છે. અને હવે ગુજરાતમાં તો કોરોના વાયરસ કિલર બની ગયો છે. ગુજરાતમાં ક્યારે ૪૭૨૩ કેસો નોંધાયા છે જ્યારે મૃતાક ૨૩૯ પર પહોંચી ગયો છે. તેમાં પણ ગુજરાતના અમદાવાદ કોરોના કેસોની સંખ્યામાં અને મૃત્યુ આંકમાં સૌથી આગળ છે. જેના કારણે સરકાર અને અમદાવાદ મનપા તંત્ર ભારે વિમાસણમાં મુકાઈ ગયું છે.....! એકલા અમદાવાદમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩૨૦૦ થી ઉપર જવા લાગી છે. જ્યારે મૃતાક ૧૬૫ થી આગળ વધી રહ્યો છે. તંત્ર અનેક સેવાઓનુ સંકલન કરવામાં નિષ્ફળ રહ્યુ છે તેવી લોકોમાં ફરિયાદ ઉઠવા પામી છે.... ત્યારે તંત્રએ વધારે ધ્યાન આપવું પડશે નહીં તો કોરોના કેસોની સંખ્યા અને મૃત્યુ આંક એટલો મોટો થઈ શકે છે કે કદાચ..... અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરની ચેતવણી સાચી પડી શકે છે.....!

ગુજરાતમાં રૂપાણી સરકારે આર્થિક સહાય અને અનાજ કરીયાણાની સહાયની મોટી મોટી જાહેરાતો કરી હતી પરંતુ આજે પણ અનેક ગરીબો, મજૂરો, રોજમદારો પેટ ભરવા ટળવળી રહ્યા છે.... તો લોઅર મધ્યમવર્ગ અને મધ્યમવર્ગની હાલત વધુ કફોડી બની ગઈ છે. સરકારે આ બંને મધ્યમ વર્ગના પરિવારો માટે આર્થિક સહાય સહિત જીવન જરૂરી ચીજોની સહાય આપવાની જરૂર છે. તો સમાજના સુખી-સંપન્ન લોકોએ દાતાઓને ખાનગી રાહે અનાજ કરિયાણું સહિતની સહાય પહોંચાડવી કરવી જરૂરી છે.... કારણ સમાજના લોકો હશે તો તમારું નામ ગુંજતું રહેશે. સરકાર પણ આ માટે દાતાઓને પ્રેરણા આપે નહી તો પરિણામ દુષ્કાળ હશે.....! આ મહામારીના સમયમા કેટલાક અવળચંડા રાજકારણીઓને વિનંતી કે માનવતાને ખાતર કોઈપણ પ્રકારનું રાજકારણ ન રમે અને વડાપ્રધાનના આદેશોનું- સૂચનોનું પાલન કરે..... ચૂંટણી સમયે જે રીતે ચૂંટાયેલા તમામ પ્રજા વચ્ચે ફરતા હતા,ચા- નાસ્તા કરાવતા હતા તેમજ જમાડતા હતા તે રીતે પ્રજા વચ્ચે ફરતા થઈ જાય અને સહાયરૂપ બને... નહીં તો.... ભવિષ્યે તકલીફ ઊભી થશે.....!? ટૂંકમાં lockdown માં થઈ ગયા છો ત્યારે આવા કટોકટીના સમયે લોકોને તમારી જરૂર છે... કારણ તમારી ઉપર વિશ્વાસ રાખીને મતો આપ્યા હતા..... વંદે માતરમ્

હેલ્થી ટ્રિક્સ : જંક ફુડથી બાળકોને દુર રાખવાની તાકીદની જરૂર

કોરોના : પૌષ્ટિક ચીજ પર ધ્યાન જરૂરી

કોરોના વાયરસના ફેલાવાને રોકવા માટે હાલમાં દેશમાં લોકડાઉનનો ગાળો ચાલી રહ્યો છે. આ ગાળા દરમિયાન તમામ લોકો હાલમાં ઘરમાં છે. બાળકો પણ ઘરમાં છે. આવી સ્થિતીમાં હાલમાં સાવચેતી વધારે જરૂરી બની છે. તમામ લોકો અને બાળકો પણ ઘરમાં રહીને જંક ફુડ બનાવીને જુદા જુદા ટેસ્ટ માણવાના બદલે પૌષ્ટિક ચીજો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે જરૂરી છે. બાળકોને પણ પોષ્ટિક ચીજોની ટેવ પાડવામાં આવે તે જરૂરી છે. કોરોનાની બચવા માટે તમામ લોકો ઘરમાં છે ત્યારે રોગ પ્રતિકારક ક્ષમતા વધે તે જરૂરી છે. ઈમ્યુનિટી પાવર વધારવા માટે જવાબદાર ચીજોનો ઉપયોગ કરવાની જરૂર છે. લોકડાઉનના સમયમાં મોટા ભાગના માતાપિતાની ફરિયાદ છે કે તેમના બાળકો જંક ફુડ વધારે પસંદ કરે છે અને ભોજનથી દુર રહે છે. બ્રેકફાસ્ટને પણ ટાળે છે. નિયમિત રીતે ભોજન ન કરવાના કારણે હાલના સમયમાં બાળકો જુદા જુદા પ્રકારના ઈન્ફેક્શનના સકંજામાં આવી રહ્યા છે. સાથે સાથે બિમારીઓને આમંત્રણ આપી રહ્યા છે. સ્પર્ધાના યુગમાં બાળકો અને નોકરી



લોકડાઉન વચ્ચે બ્રેકફાસ્ટની ટેવ રાખવાથી શરીરના મેટાબોલિઝમ યોગ્ય રહે છે : બ્રેકફાસ્ટમાં પૌષ્ટિક ચીજો ખાવાથી શરીરમાં ઉર્જા રહે છે

કરનાર લોકો નિયમિત રીતે બ્રેકફાસ્ટ પણ કરતા નથી. જેના કારણે આરોગ્યની સમસ્યા ઉભી થાય છે. દરેક વ્યક્તિ ફિટ અને એનર્જેટિક રહેવા માટે ઈચ્છુક હોય છે પરંતુ તે જરૂરી સમય કાઢી શકતો નથી. ટેક્સાસમાં હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં પણ એનર્જી લેવલ જાય છે. જેના કારણે હાર્ટ ઓછા અસરકારક રીતે કામ કરે છે. આનાકારણે ઓક્સીજન અને પૌષક તત્વો ઓછી ગતિથી આપની મસલ્સ અને ઓર્ગન્સ સુધી પહોંચે છે. આના માટે રહી રહીને પાણી પીતા રહેવાની જરૂર હોય છે. નિષ્ણાંત લોકો કહે છે કે સવારે ઉઠી ગયા બાદ વધારે સમય સુધી ભુખ્યા રહેવાની બાબત યોગ્ય નથી. બ્રેકફાસ્ટ કરવાથી આપના મેટાબોલિજમ યોગ્ય રહે છે. જો તમે બ્રેક ફાસ્ટમાં પૌષ્ટિક ભોજન લઈ રહ્યા છો તો દિવસ દરમિયાન ઉર્જા રહે છે. સવારના સમયમાં ભુખ્યા રહેવાની સ્થિતીમાં દિવસ દરમિયાન માથુ ચકરાવે છે. આના કારણે ખુબ થાક લાગે છે. જેથી સવારના સમયમાં નાસ્તાને પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે.જંક ફુડથી દુરી રાખવામાં આવે તે પણ જરૂરી છે. જંક ફુડ ખાવાથી શરીરને કોઈ ઉર્જા મળતી નથી. આ માત્ર સ્વાદમાં ગમી શકે છે. જંક ફુડથી બ્લડ શુગર વધી જાય છે. જેના કારણે આપને વધારે થાક લાગે છે. આપને ભોજનમાં પ્રોટીનયુક્ત ચીજોનો ઉપયોગ કરવાની સલાહ મોટા ભાગના નિષ્ણાંત લોકો આપે છે. ૨૪ કલાક ફિટ અને એનર્જેટિક રહેવા માટે કેટલીક ખરાબ ટેવ છોડી દેવાની જરૂર છે. ખોટી ટેવ છોડી દેવાના કારણે ફિટ રહેવામાં મદદ મળશે.ફિટ અને હેલ્થી રહેવા માટે નિયમિત કસરત જરૂરી બની ગઈ હોવાનું તારણ નવા અભ્યાસમાં બહાર આવ્યું છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કસરતથી શરીરમાં બ્લડ સરક્યુલેશનમાં ઉલ્લેખનીય વધારો થાય છે. સાથે સાથે આનાથી કુશળતા પણ વધી જાય છે. નોકરીની જગ્યાએ લાંબા સમય સુધી કોમ્પ્યુટરની સામે બેસી રહેવાથી ઘણી તકલીફ ઉભી થઈ શકે છે આવી સ્થિતિમાં નિયમિતપણે કસરત ખૂબ જ જરૂરી છે. નિયમિતપણે કસરત નહીં કરવાથી શરીરમાં બ્લડ સરક્યુલેશનની ગતિ ધીમી પડી જાય છે. યાદશક્તિ અને ધ્યાનશક્તિને વધારવા નિયમિત કસરત જરૂરી બની ગઈ છે. આનાથી શરીરમાં ટોકસીન ફોર્મેશનની ગતિ ધીમી પડે છે. કસરતના સંબંધમાં વારંવાર તારણો સપાટી પર આવી ચૂક્યા છે. જંક ફુડમાં જુદા જુદા ઘટક તત્વોનો ઉપયોગ વધારે પ્રમાણમાં કરવામાં આવે છે. જે શરીરને લાંબા ગાળામાં નુકસાન કરે છે. આના કારણે સ્થુળતાને આમંત્રણ મળે છે. જંક ફુડ વધારે પ્રમાણમાં ઉપયોગ કરનાર બાળકો અને મોટી વયના લોકો પણ વધુ વજન ધરાવે છે. વધુ વજન થવાની સાથે જ જુદી જુદી બિમારીને આમંત્રણ મળી જાય છે. જંક ફુડથી બાળકો અને પોતાને દુર રાખવા માટે નિયમિત રીતે ભોજન કરવાની ટેવ વિકસિત કરવાની જરૂર હોય છે. સમયસર જ બ્રેક ફાસ્ટ કરવાની ટેવ જરૂરી છે. લોકડાઉનના ગાળામાં નિયમિત બ્રેક ફાસ્ટની ટેવ વિકસિત કરવાની જરૂર છે.

સ્કૂલ–કોલેજે દર મહિને આખું બિલ્ડિંગ સેનિટાઈઝ કરવું ફરજિયાત

સ્કૂલ યુનિફોર્મની સાથે હવે માસ્ક પણ ફરજિયાત કરવા વિચારણા

ન્યુ દિલ્હી

માનવ સંસ્થાન વિકાસ મંત્રાલય (એચઆરડી) સ્કૂલ–કોલેજો માટે માર્ગદર્શિકા બનાવી રહ્યું છે. મંત્રાલય દેશભરની તમામ સ્કૂલોના યુનિફોર્મ સાથે માસ્ક પણ ફરજિયાત બનાવવાની તૈયારીમાં છે. સાથે જ સ્કૂલોને સોશ્યલ ડિસ્ટસ્ટીંગ માટે પણ માર્ગદર્શિકા આપવામાં આવશે જેથી સ્કૂલ ખુલતાની સાથે જ કોરોના ફેલાવાનો ખતરો ઓછો થાય. આ ઉપરાંત બેઠક વ્યવસ્થા, અલગ અલગ મેસ અને લાઈબ્રેરીના નિયમો, પુનિનિર્મિત હોસ્ટેલ અને કેન્ટીન જેવા નિયમો પણ સ્કૂલ–કોલેજોમાં લાગુ પડશે. યારે પણ કલાસ બીજી વખત શરૂ થશે ત્યારે શિક્ષણ સંસ્થાઓએ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિર્દેશોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સ્કૂલમાં થતી પ્રાર્થના ઉપરાંત રમત–ગમતની પ્રવૃત્તિ પણ બધં કરવામાં આવી શકે છે. આ ઉપરાંત સ્કૂલ બસ, વોશરૂમ અને કેન્ટીન માટે પણ નિયમ બની શકે છે. સમયાંતરે આખું બિલ્ડિંગ સેનિટાઈઝ કરવાનું રહેશે.

બોડિગ સ્કૂલોની મેસ અને હોસ્ટેલમાં સામાજિક અંતરના નિયમો લાગુ પડશે. ૧૬ માર્ચથી દેશની તમામ સ્કૂલ–કોલેજો બધં છે જે જૂલાઈમાં શરૂ થવાની સંભાવના છે.

ડ્રોપ આઉટ દર આસામમાં સૌથી વધારે છે...

સ્કુલોમાં હજુ ડ્રોપ આઉટ દર

શિક્ષણના સ્તરને સુધારી દેવા માટે દેશના જુદા જુદા રાજ્યોમાં વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં દેશમાં હજુ પણ ડ્રોપ આઉટ દર જોવા મળે છે. જે ચિંતાજનક બાબત રહેલી છે. ડ્રોપ આઉટ દરન ઘટાડી દેવા માટે યુદ્ધસ્તર પર પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં ચિંતાજનક આંકડા સપાટી પર આવી ગયા છે. સરકાર દ્વારા લોકડાઉનના ગાળા પહેલા લોકસભામાં તમામ માહિતી આપવામાં આવી હતી. હાલમાં જ સરકાર દ્વારા રાજ્યવાર માધ્યમિક અને પ્રાથમિક સ્તર પર સ્કુલોમાં ડ્રોપ આઉટના દર જારી કરવામાં આવ્યા હતા. સ્કુલોમાં પ્રવેશ મેળવી લીધા બાદ ડ્રોપ આઉટના રેશિયાને લઈને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના આધારે કેટલીક માહિતી સપાટી પર આવી ચુકી છે. સ્કુલમાં પ્રવેશ લીધા બાદ સ્કુલ જવાનુ બંધ કરી દેતા બાળકોના આંકડા આમાં જારી કરવામાં આવ્યા છે. આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે આસામમાં માધ્યમિક અને પ્રાથિક સ્કુલોમાં ડ્રોપ આઉટ દર સૌથી વધારે છે. કેન્દ્રિય માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા આંકડા જારી કરવામાં આવ્યા હતા. જે મુજબ બાળકોના સ્કુલ છોડવા માટે કેટલાક કારણઁ રહેલા છે. આ કારણોમાં ગરીબી, આરોગ્ય સંબંધિત તકલીફ મુખ્ય છે. બાળકો સ્કુલમાં મોટી સંખ્યામાં આવી શકે તે માટે રાજ્યો દ્વારા જુદા જુદા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. છતાં આ સમસ્યા સંપૂર્ણપણે દુર થઈ નથી. આસામ અને બિહારમાં સેકન્ડરી સ્કુલોમાં વિદ્યાર્થીનિઓના ડ્રોપ આઉટ દર સૌથી વધારે છે. પ્રાથમિક સ્તર પર આંકડો ચિંતાજનક છે. આસામમાં ડ્રોપ આઉટ દર ૧૦.૧ ટકાની આસપાસ છે. જ્યારે અરૂણાચલ પ્રદેશ, મિઝોરમ, ઉત્તરપ્રદેશ, ઉત્તરપ્રદેશ, તમિળનાડુમાં પણ આંકડા ચિંતાજનક છે. આવી જ રીતે આસામ, બિહાર, ઓરિસ્સા, ત્રિપુરા, કર્ણાટકમાં માધ્યમિક સ્તર પર એટલે કે નવમાં ધોરણથી લઈને ૧૦ ધોરણ સુધી ડ્રોપ આઉટ રેટ વધારે છે. આસામની વાત કરવામાં આવે તો આ રાજ્યમાં પ્રાથમિક સ્તર પર ડ્રોપ આઉટ રેટ ૧૦.૧ ટકા અને માધ્યમિક સ્તર પર ૩૩.૭ ટકાની આસપાસ છે.

અભિનેત્રી ઉર્વશી ધોળકિયાને મોબાઈલ ફોનના વધુ પડતા ઉપયોગથી ટેનિસ એલ્બોની સમસ્યા



મુંબઈ

મોબાઈલ ફોન આપણા જીવનમાં એટલો મહત્વ બની ગયો છે કે આપણે તેના વગર બે મિનિટ પણ રહી શકતા નથી. લોકડાઉનનાં દિવસોમાં, હવે આપણે સંપૂર્ણપણે આપણા ઘરોમાં છીએ. આવી સ્થિતિમાં, મોબાઈલ આપણું મનોરંજન કરવામાં સૌથી મોટી ભૂમિકા ભજવી રહ્યો છે. એકબીજા સાથે જોડાવા માટે તેઓ ઈન્ટરનેટ અને ફોનનો આશરો લે છે. પરંતુ જાણો કે તેનો વધુ ઉપયોગ કરવો સ્વાસ્થ્ય માટે સારો નથી. ટીવી અભિનેત્રી ઉર્વશી ધોળકિયા હવે મોબાઈલ ફોનના વધુ પડતા ઉપયોગને કારણે ટેનિસ એલ્બો સામે લડી રહી છે.

અભિનેત્રી ઉર્વશી ધોળકિયા લોકડાઉન દરમિયાન ટ્રેડીંગ નાઓ નામનો વર્ચુઅલ ચેટ શો ચલાવી રહી છે. આ શો માટે, તમામ કાર્ય જાતે જ કરવામાં આવે છે. ફોન પર સતત કામ કરવાને કારણે તે ટેનિસ એલ્બોથી પરેશાન છે અભિનેત્રીએ જાતે તેના વિશે જણાવ્યું હતું. ઉર્વશીએ કહ્યું- થોડા દિવસો પહેલા મને ટેનિસ એલ્બો થઈ ગયો હતો આ ફોન પકડીને આ થઈ ગયું હતું. કારણ કે મારા બધા કામ તેના પર થઈ ગયા છે. મારા શો માટે હું મારી જાતને ઘણી વખત એડિટ કરું છું. તેણે કહ્યું કે તેણે તેના મોટા ભાગનાં એપિસોડ્સ પોતે જ એડિટ કર્યા છે. ઉર્વશીને જે સમસ્યા થઈ છે તે ખાસ કરીને લોકોને વધારે પ્રમાણમાં ફોનનો ઉપયોગ કરવા થાય છે. તેમા કોણીની બહારની તરફ દુખાવો થવા લાગે છે. જેથી ચિકિસ્તા વિજ્ઞાન ટેનિસ એલ્બો કહે છે. જો આ બીમારી થતા શરૂઆતમાં ધ્યાન ન રાખ્યું તો અતિશય દુખાવો થઈ શકે છે. લાંબા સમય સુધી ફોનનો ઉપયોગ, ઈજા થવી, ખોટી રીતે લાંબા સમય બાઈક ચલાવવી, માંસપેશીઓ તેમજ હાડકામાં કમજોરીથી પણ બીમારી હોય શકે છે. આ બીમારીને જો શરૂમાં જ ધ્યાન ન રાખ્યું તો દુખાવો વધવા લાગે છેઅને સોજાની સમસ્યા થવા લાગે છે. સામાન્ય રીતે ખેલાડીઓ અને યુવાઓમાં શારીરિક ગતિવિધિ દરમિયાન કાંડા અને આંગળીઓની મૂવમેન્ટથી માંસપેશીઓમાં ખેંચાણના કારણે કોણીમાં સોજા આવી જાય છે.

ધ ફિલ્મ એન્ડ ટેલિવિઝન પ્રોડ્યુસર્સ ગિલ્ડના સીઈઓ કુલમીત મક્કડનું નિંધન



નવી દિલ્હી

બોલિવુડનાં દિગ્ગજ અભિનેતા ઈરફાન ખાન અને ઋષી કપુર બાદ હવે બોલિવુડ ફિલ્મ ઉદ્યોગે આજે એક વધારે રત્ન ગુમાવી દીધું છે. ધ ફિલ્મ એન્ડ ટેલિવિઝન પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયાના સીઈઓ કુલમીત મક્કડનું નિંધન થઈ ગયું છે. ફિલ્મ મેકર અશોક પંડિતે ટ્વીટ કરીને આ માહિતી આપી છે. અશોક પંડિતે ટ્વીટ કરીને લખ્યું કે, મારા પ્રિય મિત્ર કુલમીતના નિધનના સમાચાર સાંભળીને ખુબ જ ખરાબ અનુભવી રહ્યા છે. ધ ફિલ્મ એન્ડ ટેલિવિઝન પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયાના સીઈઓનું ધર્મશાળામાં હાર્ટ એટેકના કારણે નિધન થયું છે. તમારી ખુબ જ યાદ આવશે. પરિવાર પ્રત્યે મારી સહાનુભુતિ છે.

બીજી તરફ ફિલ્મ ડાયરેક્ટર અને પ્રોડ્યુસર કરણ જોહરે પણ કુલમીતનાં નિધન અંગે શોક વ્યક્ત કરતા ટ્વીટ કર્યું છે. તેમણે લખ્યું કે, કુલમીત તુમ પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયાનાં મજબુત સ્તંભ હતા. તમે ઈન્ડસ્ટ્રીના વિકાસ માટે હંમેશા કામ કર્યું છે. તુમ ઝડપથી છોડીને જતા રહ્યા તમારી યાદ આવશે. તમારી આત્માને શાંતિ મળી મારા દોસ્ત. અત્રે ઉલ્લેખનીય છે કે, ફિલ્મ જગતને આ સતત ઝટકો લાગી રહ્યો છે. આ અગાઉ ગુરૂવારે ૬૭ વર્ષનાં ઋષી કપુરે મુંબઈમાં પોતાનો અંતિમ શ્વાસ લીધો હતો, બીજી તરફ ૫૩ વર્ષનાં ઈરફાન ખાનનું બુધવારે નિધન થઈ ગયું હતું.

કોરોના અસર: ઓસ્ટ્રેલિયાએ બોલ પર થૂંકના ઉપયોગ પર લગાવ્યો પ્રતિબંધ



નવી દિલ્હી

ઓસ્ટ્રેલિયામાં કોવિડ-૧૯ મહામારી બાદ જ્યારે ક્રિકેટ અભ્યાસ શરૂ થશે, ત્યારે બોલને ચમકાવવા માટે લાળ કે પરસેવાનો ઉપયોગ કરવાની મંજૂરી મળશે નહીં. આ મહામારી બાદ રમતની વાપસીને લઈને ઓસ્ટ્રેલિયાઈ સરકારે જે નિર્ણય લીધા તેમા આ સલાહ આપવામાં આવી છે. એવી અટકળો છે કે આઈસીસી પણ તેના સંક્રમણના જોખમને ઓછો કરવાને લઈને બોલને ચમકાવવા માટે લાળનો ઉપયોગ બંધ કરવા પર વિચાર કરી રહી છે. આઈસીસી લાલ બોલને ચમકાવવા માટે અમ્પાયરોની દેખરેખમાં કૃત્રિમ પદાર્થોનો ઉપયોગની અનુમતિ આપવાની સંભાવના પર વિચાર કરી રહી છે. ઈસએસપીએન ક્રિકઈફો મુજબ ઓસ્ટ્રેલિયા રમત સંસ્થાને ચિકિત્સા નિષ્ણાંતો, રમતમાંથી બહાર નીકળેલા લોકોના અનુકૂળ સંગઠન અને રાજ્ય સરકારોના પરામર્શથી દિશાનિર્દેશ જારી કર્યા છે.

જેમા બોલને ચમકાવવા માટે પરસેવો અને લાળના ઉપયોગ પર પ્રતિબંધની વાત કહેવામાં આવી છે.આ દિશા-નિર્દેશમં રમતોના ત્રણ તબક્કામાં વાપસીનો ઉલ્લેખ છે. હાલના સમયમાં રમત પર જે રોક છે તે એ સ્તરની છે જેમા વ્યક્તિગત અભ્યાસ સિવાય દરેક વસ્તુ પર પ્રતિબંધ છે. એક અઠવાડિયાથી કઈક વધારે સમય બાદ પ્રતિબંધોને બી સ્તર કરી દેવામાં આવશે. જયાં સીમિત સંખ્યામાં અભ્યાસની મંજૂરી મળશે, આ દરમિયાન બોલ પર લાળ કે પરસેવાનો ઉપયોગ પર રોક યથાવત રહેશે. ત્રીજા અને અંતિમ ચરણમાં પૂર્ણ અભ્યાસની છૂટ હશે પરંતુ તેમા પણ ન બોલ પર લાળ કે પરસેવો ઉપયોગ પર રોક યથાવત રહેશે. નિર્દેશમાં કોવિડ-૧૯ બીમારીના કોઈપણ લક્ષણ વાળા ખેલાડીને અભ્યાસથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે. ડેવિડ વોર્નરને લાગતું નથી કે ભવિષ્યમાં બોલ પર લાળ કે થૂંકનો ઉપયોગ રોકવાની જરૂરત છે. વોર્નર અનુસાર લાળથી વધારે ખતરનાક તો ખેલાડીઓના ડ્રસિંગ રૂમ અને અન્ય વસ્તુઓ શેર કરવાની છે. વોર્નરથી પહેલા ભારતીય દિગ્ગજ સચિન તેંદુલકર, હરભજન સિંહ, આશીષ નેહરા સહિત ઘણા ખેલાડીઓ પણ લાળના ઉપયોગનું સમર્થન કરી ચુક્યા છે.

ચીન પછી ફિલ્મ ૩ ઈડિયટ્સ લોકડાઉનમાં અમેરિકામાં ચર્ચામાં



મુંબઈ

લોકડાઉનના કારણે લોકો પોતાના ઘરમાં રહેવા મજબૂર છે. અને સાચું કહું તો ઘરમાં રહેવું જ તેમના માટે શ્રેષ્ઠ છે. કોરોના વાયરસને હરાવવા માટે સરકારે ફરી એક વાર લોકડાઉનને વધારવાનો નિર્ણય કર્યો છે. લોકડાઉન દરમિયાન આમિર ખાનની ફિલ્મ ૩ ઈડિયટ્સ ફરીથી ચર્ચામાં આવી ગઈ છે. આ ફિલ્મે ખાલી ભારતમાં જ નહીં વિદેશોમાં પણ વાહ વાઈ મેળવી છે. આમિર ખાનની આ ફિલ્મ બોલીવૂડની શ્રેષ્ઠ ફિલ્મોમાંથી એક છે. ફિલ્મ ૩ ઈડિયટ્સને અમેરિકામાં આ લોકડાઉનના સમયમાં ખૂબ જ પસંદ કરવામાં આવી રહી છે. ચીન પછી ફિલ્મ ૩ ઈડિયટ્સ અમેરિકામાં ચર્ચામાં છે.

યુએસમાં લોકડાઉન દરમિયાન આમિર ખાનની આ ફિલ્મને સૌથી વધિ જોવામાં આવી છે. ફર્સ્ટ પ્રેસ જર્નલની રિપોર્ટ મુજબ આ ફિલ્મના નિર્દેશક રાજકુમાર હિરાની આ ખબરથી ખુબ ખુશ છે. તેમણે કહ્યું કે મને ખુશી છે કે આ ફિલ્મ જેને અમે લાંબા સમય પહેલા બનાવી હતી. તે આજે પણ લોકોને આટલી પસંદ આવી રહી છે. અને લોકો તેને ખુલા મનથી અપનાવી રહ્યા છે. આ ફિલ્મની રીલિઝ વખતે આ ફિલ્મનો એક ડાયલોગ ખૂબ જ હિટ થયો હતો અને તે છે "આલ ઈજ વેલ" અને હાલના આ સમયમાં પણ આપણને આ દિલાસાની સૌથી વધુ જરૂર છે. આ ફિલ્મમાં કરીના કપૂર, શરમન જોશી અને આર માધવન સમેત બોમન ઈરાનીએ યાદગાર અભિનય આપ્યો હતો.આ ફિલ્મ ૨૦૦૯માં રીલિઝ થઈ હતી. અને કોમેડી સાથે એક સામાજીક મેસેજ પણ આ ફિલ્મે આપ્યો છે. આ ફિલ્મ તે સમયે કમાણી મામલે પણ બોક્સ ઓફિસના અનેક રેકોર્ડ તોડ્યા હતા. અને સુપરહિટ સાબિત થઈ હતી.

ઋષિ કપૂર અને ઈરફાન ખાનને અમૂલ બટરે વિજ્ઞાપન દ્વારા શ્રદ્ધાંજલિ આપી



મુંબઈ

બોલિવૂડના દિવંગત અભિનેતા ઋષિ કપૂર અને ઈરફાન ખાનને અમૂલ બટરે વિજ્ઞાપન દ્વારા શ્રદ્ધાંજલિ આપી છે. અમૂલે કપૂરને લોકપ્રિય ઓન સ્ક્રીન પાત્ર જેવા કે 'મેરા નામ જોકર', 'સરગમ' અને 'અમર અકબર એંથની' ફિલ્મોના પાત્રોને લાઈવ એનીમેશનના માધ્યમથી જીવંત કર્યા છે. વિજ્ઞાપનની પંચલાઈનમાં લખ્યું છે, "આપ કિસી સે કમ નહીં", જે ૧૯૭૭ની સુપર હિટ ફિલ્મ હમ કિસી સે કમ નહીં તરફ ઈશારો કરે છે. અમૂલની શ્રદ્ધાંજલિએ દેશવાસીઓને ભાવુક કરી દીધા.

આ એડને પસંદ કરનારા પ્રશંસકોમાં ઋષિ કપૂરના પુત્ર રણબીર કપૂરની ગર્લફ્રેન્ડ આલિયા ભટ્ટ પણ સામેલ હતી. તેણે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર વિજ્ઞાપનની એક તસવીર પણ શેર કરી છે. ઈરફાન ખાનને શ્રદ્ધાંજલિ આપવા માટે વિજ્ઞાપનમાં તેની જાણીતી ફિલ્મો 'ધ લંચ બોક્સ', 'અંગ્રેજી મીડિયમ' અને 'પાન સિંહ તોમર'ના પાત્રને સામેલ કર્યા છે. ઈરફાન માટે બનાવવામાં આવેલી વિજ્ઞાપનની પંચલાઈન છે, "આપણા શ્રેષ્ઠ અભિનેતાઓમાંથી એકને શ્રદ્ધાંજલિ. ઈરફાન ખાનનું બુધવારે અને ઋષિ કપૂરનું ગુરુવારે અવસાન થયું હતું. માત્ર ૨૪ કલાકમાં બોલિવૂડના બે દિગ્ગજ કલાકારોના નિધનથી ફિલ્મ જગતમાં શોકનો માહોલ સર્જાયો હતો.

નીતુ સિંહે પતિને યાદ કરતી એક પોસ્ટ શેર કરી લખ્યું, અમારી સ્ટોરીનો અંત થઈ ગયો



મુંબઈ

રિશી કપૂર ૩૦ એપ્રિલે ૬૭ વર્ષની વયે દુનિયાને અલવિદા કહીને જતા રહ્યા. મુંબઈની હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા. ફિલ્મી દુનિયાને મહાન કલાકારની ખોટ પડતા સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રી શોકમાં હતી. નીતુ સિંહે પતિને યાદ કરીને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે. ફોટોમાં સ્માઈલ સાથે રિશી હાથમાં ડ્રિંકનો ગ્લાસ પકડીને બેઠા છે.

નીતુ સિંહે હાર્ટ ઈમોજી સાથે કેપ્શનમાં લખ્યું કે, અમારી સ્ટોરીનો અંત થયો. આ પોસ્ટ પર ઘણા બધા સેલેબ્સે કમેન્ટ કરી હતી. તેમણે લખ્યું હતું કે તમારી સ્ટોરી હંમેશાં માટે રહેશે, મહેરબાની કરીને તેનો અંત થયો છે એવું ન બોલો.

નીતુ સિંહ અને રિશી કપૂરના ૧૯૮૦માં લગ્ન થયાં હતાં. રણબીર કપૂર અને રિધ્ધિમા કપૂર તેમના બાળકો છે. રિશી કપૂર અને નીતુ સિંહની જોડી લોકો ઘણી પસંદ કરતા હતા. બંનેએ લગભગ ૧૨ ફિલ્મ્સમાં સાથે કામ કર્યું છે. તેમાં ખેલ ખેલ મેં (૧૯૭૫), કભી કભી (૧૯૭૬), અમર અકબર એન્થની (૧૯૭૭), દુનિયા મેરી જેબ મેં (૧૯૭૯) અને પતિ પત્ની ઔર વો (૧૯૭૮- ગેસ્ટ અપિઅરન્સ) ફિલ્મ્સ હિટ રહી હતી. પતિ ખાવાના શોખીન હતા તે માટે નીતુ રોજ રિશી માટે નવી નવી ડીશ ઓનલાઈન શીખીને બનાવતા હતા.

IPL ૨૦૧૮ની સિઝન જીવન બદલાવી નાખનાર અને યાદગાર: ઋષભ પંત



નવી દિલ્હી

એક એવો દિગ્ગજ ખેલાડી જે ઘણી વાર ક્રિઝ પર આવતાની સાથે જ આક્રમક રીતે રમવાના જુસ્સામાં પોતાની વિકેટ ગુમાવે છે, ઋષભ પંતનું કહેવુ છે કે IPLમાં ટીમ દિલ્હી કેપિટલ્સના કોચ, રિકી પોન્ટિંગ તેને પોતાની રીતે રમવા માટે સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે. ૨૨ વર્ષના ઋષભ પંતે પોતાની ટીમ સાથે ઈન્સ્ટાગ્રામ ચેટ પર કહ્યું હતું કે, 'રિકી પોન્ટિંગ મને સંપૂર્ણ આઝાદી આપે છે. તે કહે છે કે તમારી પસંદ પ્રમાણે રમો, ઋષભ પંતે કહ્યું હતું કે આઈપીએલ ૨૦૧૮ની સિઝન તેના માટે જીવન બદલાવી નાખનાર અને યાદગાર રહી હતી. ઋષભ પંતે ૧૪ મેચોમાં એક સદી અને પાંચ અડધી સદી સહિત ૬૮૪ રન બનાવ્યા હતા. આ સમય દરમિયાન, તેનો સ્ટ્રાઇક રેટ ૧૭૩.૬૦ હતો. ઋષભ પંતે કહ્યું, 'તે સિઝન (આઈપીએલ ૨૦૧૮) મારી જિંદગીમાં પરિવર્તન લાવવાની હતી. મને તે સફળતાની જરૂર હતી. અમે તે મેચમાં નોકઆઉટ સુધી પહોંચી અને ત્રીજા સ્થાને રહ્યા. ઋષભ પંતે ટેસ્ટ ક્રિકેટ રમવાના પડકારો વિશે કહ્યું હતું કે, 'હું ટેસ્ટ રમવાનું પસંદ કરું છું. તમે તમારી જાતને સમય આપી શકો છો. તમારી વાસ્તવિક કસોટી ટેસ્ટ ક્રિકેટમાં છે. પંતે તેના શરૂઆતના દિવસોના સંઘર્ષ વિશે પણ જણાવ્યું હતુ. ઋષભ પંતે કહ્યું કે, મહેન્દ્રસિંહ ધોની, વિરાટ કોહલી, રોહિત શર્મા, યુવરાજ સિંહ, સુરેશ રૈના અને શિખર ધવન જેવા વરિષ્ઠ ખેલાડીઓએ તેને ખૂબ મદદ કરી.

તેમના આદર્શ એડમ ગિલક્રિસ્ટ વિશે જણાવતા કહ્યું કે, 'સમય જતા મને સમજાયું કે તમારે તમારા આદર્શ પાસેથી શીખવું જોઈએ, તેની નકલ કરવાની ન હોઈ. પંતે પોતાના શરૂઆતના દિવસોના સંઘર્ષને યાદ કરતાં કહ્યું હતું કે, તેઓ પ્રેક્ટિસ માટે દિલ્હી જવા માટે રાત્રે બે વાગ્યે બસ પકડતા હતા. વિકેટકીપર, બેટ્સમેને કહ્યું, 'તે સમયે રાજય (ઉત્તરાખંડ)માં ક્રિકેટ ટીમ નહોતી. હું રાત્રે બે વાગ્યે બસ પકડતો હતો. તે સમયે હું છ કલાક મુસાફરી કરતો અને પ્રેક્ટીસ કરવા જતો હતો.

રોહિત શર્મા અને મહિલા ક્રિકેટર સ્મૃતિએ શમીના બૉલને ગણાવ્યા ઘાતક

નવી દિલ્હી

લૉકડાઉનના કારણે હાલ ભારતીય ક્રિકેટ ટીમ ઘરે છે, ભારતીય ટીમ સોશ્યલ મીડિયા પર ખુબ એક્ટિવ રહે છે. તાજેતરમાં જ સોશ્યલ મીડિયા પર ખેલાડીઓ લાઈવ ચેટમાં આવ્યા હતા, જેમાં ભારતીય મહિલા ટીમની ઓપનરે સ્મૃતિ મંધાનાએ શમીને લઈને મોટો ખુલાસો કર્યો હતો. ટીમ ઈન્ડિયાના ઉપ કેપ્ટન રોહિત શર્મા, મહિલા ક્રિકેટ ટીમની ઓપનર સ્મૃતિ મંધાના અને જેમિમા રોડ્રીગ્જ એક લાઈવ ચેટમાં ઉપસ્થિત થયા હતા.

અહીં તેમને કેટલાક કિસ્સા શેર કર્યા હતા. મંધાનાએ શમીના બૉલને યાદ કરતાં કહ્યું કે, મને યાદ છે કે જ્યારે શમીભાઈ પોતાનુ રિહેબ કરી રહ્યો હતો. તે દમિયાન ૧૨૦ની સ્પીડથી બૉલ ફેંકી રહ્યો હતો. આવામાં હું બેટિંગ કરી રહી હતી, અને મે તેને કહ્યું હતુ કે મારી બૉડી પર બૉલ ના વાગે એવા બૉલ નાંખજે. મંધાનાએ વીડિયોમાં ખુલાસો કરતા કહ્યું કે, પહેલા બે બૉલમાં હુ બીટ થઈ કેમકે મને ફાસ્ટ બૉલ રમવાની આદત નથી.

પણ ત્રીજો બૉલ સીધો મારી જાંઘ પર આવીને વાગ્યો, મારી જાંઘ પર કાળો ડાઘ પડી ગયો હતો. મારી જાંઘ ૧૦ દિવસ સુજેલી રહી, ૧૦ દિવસ ઘાનુ નિશાન રહ્યું હતુ.આ લાઈવ ચેટમાં રોહિત શર્મા, મંધાના અને રોડ્રિગ્જે પોતાના અદભૂત કિસ્સા શેર કર્યા હતા. રોહિતે પણ મોહમ્મદ શમીના બૉલને ઘાતક ગણાવ્યા હતા.

આકાશ ચોપરાની વર્લ્ડ ટી-૨૦ ટીમમાં એક માત્ર ભારતીય ખેલાડી બુમરાહને મળ્યું સ્થાન



નવી દિલ્હી

આકાશ ચોપરાએ પોતાની વર્લ્ડ ટી-૨૦ ટીમ પસંદ કરી છે, જેમાં એક માત્ર ભારતીય ખેલાડી જસપ્રીત બુમરાહને સ્થાન મળ્યું છે. આકાશે પોતાની ટીમમાં વિરાટ કોહલી અને રોહિત શર્માને સામેલ નથી કર્યા. આકાશે ફેસબૂક પર લખ્યું, હાલમાં જ મે તે જોયું જે આઈસીસીએ કર્યું. તેમણે પ્રશંસકો પાસે પોતાની સર્વશ્રેષ્ઠ ટી-૨૦ ટીમ પસંદ કરવા કહ્યું હતું, પરંતુ તેની સાથે એક શરત રાખી હતી કે દરેક દેશમાંથી માત્ર એક ખેલાડી હશે.

આ ખૂબ જ પડકાજનક હતું. મે વિચાર્યું કે હું મારી ટીમ પસંદ કરુ. આકાશે પોતાની ટીમમાં ઓસ્ટ્રેલિયાના ડેવિડ વોર્નર અને ઈંગ્લેન્ડના જોસ બટલરની ઓપનિંગ જોડી તરીકે પસંદગી કરી છે. બટલરને વિકેટકીપર તરીકે પણ પસંદ કર્યો છે. ત્રીજા નંબર પર ન્યૂઝીલેન્ડના કોલિન મુનરોને સ્થાન આપ્યું છે, જ્યારે ચાર નંબર પર બાબર આઝમને સ્થાન આપ્યું છે. દક્ષિણ આફ્રીકાના અબ્રાહમ ડિવિલિયર્સને પાંચમું સ્થાન જ્યારે બાંગ્લાદેશના શાકીબ અલ હસનને છઠ્ઠા નંબર પર રાખ્યો છે.

ત્યારબાદ વેસ્ટઈન્ડિઝના આંદ્ર રસેલ અને અફઘાનિસ્તાનના રાશિદ ખાન, નેપાળના સંદીપ લામિછાને, બુમરાહ અને શ્રીલંકાના લસિથ મલિંગાને સ્થાન આપ્યું છે. આકાશે લખ્યું, લોકો વિચારી રહ્યા હશે કે મે ટોપ ચારમાં કોહલી અને રોહિતને કેમ સામેલ ન કર્યા. હું તેમને ક્યા સ્થાન આપું. મને તેમના માટે જગ્યા ન મળી કારણ કે મારે ભારતમાંથી એક માત્ર ખેલાડીની પસંદગી કરવાની હતી.

કોરોના સંકટ વચ્ચે ટ્રમ્પ સરકારે મોટી રાહત આપી

એચ-૧બી વિઝા અને ગ્રીનકાર્ડ અરજકર્તાઓને અમેરિકામાં ૬૦ દિવસ રહેવાની છૂટ

વોશિંગ્ટન

ભારત જેવા દેશોના પ્રેફેશનલ્સ અને ટુરિસ્ટો માટે ટ્રમ્પ સરકારે મોટી રાહત આપી છે. અમેરિકન સરકારે H1-B વિઝા ધારકો અને ગ્રીન કાર્ડના અરજકર્તાઓ માટે ૬૦ દિવસના ગ્રેસ પીરિયડની જાહેરાત કરી છે. જેમને દસ્તાવેજો જમા કરાવવાના પગલે નોટિસ આપવામાં આવી હતી. અમેરિકામાં કોરોના વાઈરસથી સ્થિતિ ગંભીર છે. અહીં ૧૧ લાખથી વધુ લોકો કોરોનાથી સંક્રમિત છે, જ્યારે ૬૬ હજાર કરતા વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

અમેરિકન સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીઝએ જણાવ્યું કે, અરજકર્તાઓને ૬૦ દિવસ માટેનો ગ્રેસ પીરિયડ આપવામાં આવશે. જે લોકોને છૂટમાં સામેલ કરવામાં આવ્યા છે, તેમણે પોતાના દસ્તાવેજો અને પુરાવા જમા કરાવી શકશે અને પોતાની અરજી પરત ખેંચવા સાથે તેને રદ્દ પણ કરી શકશે. અમેરિકન ઈમિગ્રેશન સર્વિસે એમ પણ જણાવ્યું કે, અમે અમેરિકનોની નોકરીઓની સુરક્ષા કરવા માંગીએ છીએ.

USCICનું કહેવું છે કે, કોરોના વાઈરસના સંકટ દરમિયાન લોકો પોતાની નોટિસમાં આપવામાં આવેલી રિક્વેસ્ટનો જવાબ આરામથી આપી શકે, તે માટે આ છૂટ આપવામાં આવી છે. આ માટે ફોર્મ I-290B ભરી શકશે. એચ૧-બી વિઝા હોલ્ડર્સ અને ગ્રીન કાર્ડ અરજકર્તાઓ પર કોઈ પણ એક્શન લેતા પહેલા USCIC ૬૦ દિવસોની અંદર પ્રાપ્ત થયેલા I-290B ફોર્મ પર વિચાર કરશે.

જણાવી દઈએ કે, અગાઉ એપ્રિલમાં પણ અમેરિકન સરકારે H1-B વિઝા ધારકોના વિઝા વધારવાનો નિર્ણય કર્યો હતો. સરકારે આવા H1-B વિઝા ધારકો પાસે અરજીઓ મંગાવી હતી, જેની વિઝા પરમિત સમાપ્ત થઈ રહી હોય અને તેઓ કોરોના કારણે દેશની નીકળી શકે તેમ ના હોય. આવા લોકોને રોકવા માટે વધારાનો સમય આપવામાં આવ્યો છે.

કોરોના કારણે આગામી ૫-૬ મહિના સુધી ક્રિકેટ અને અન્ય રમત શક્ય નથી: કપિલ દેવ



નવી દિલ્હી

સમગ્ર વિશ્વ હાલ કોરોના વાયરસની મહામારી સામે લડી રહ્યું છે. ભારતમાં પણ કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. પૂર્વ ક્રિકેટર કપિલ દેવે કહ્યું કોરોના વાયરસના કારણે આગામી ૫-૬ મહિના સુધી ક્રિકેટ અને અન્ય રમત શરૂ થાય તેવી શક્યતાઓ નથી. આપણે જોવું પડશે કે ડૉક્ટર્સ અને વૈજ્ઞાનિકો ક્યા સુધીમાં આ બીમારીની સારવાર શોધી શકે છે. કોરોના વાયરસના કારણે રમતોને ખૂબ નુકશાન પહોંચ્યું છે પરંતુ એ પણ જરૂરી છે કે લોકોના જીવ બચાવવા પર વધારે ધ્યાન આપવામાં આવે. રમતોને તેના જૂના સ્વરૂપમાં જોવા માટે હાલ આપણે થોડી રાહ જોવી પડશે.

કપિલ દેવે કહ્યું કોરોના વાયરસ બાદ જ્યારે સ્થિતિ નોર્મલ થશે તો મને લાગે છે કે લોકો વધુ ઉત્સાહ સાથે રમતને જોશે. ટેલીવિઝનની ટીઆરપી વધી રહી છે અને તેનો ફાયદો ક્રિકેટ સહિત તમામ રમતને મળશે. ખેલાડીઓને પણ પોતાની લયમાં પરત ફરવામાં વધારે સમય નહી લાગે. આઈસીસીના તાજા રેંકિંગ પ્રમાણે ભારતીય ટીમ પ્રથમ નંબરનુ સ્થાન ગુમાવી દીધુ છે, અને ઓસ્ટ્રેલિયાએ પ્રથમ નંબરનુ સ્થાન હાંસલ કર્યું છે. ૨૦૧૬ બાદ ભારત પહેલીવાર ટૉપ પરથી નીચે ખસકી ગયુ છે.



લોકડાઉન વચ્ચે મુંબઈથી પગપાળા ઘર પાછા ફરતા વિવિધ રાજ્યોના પ્રવાસી શ્રમિકોમાંથી કેટલાક લોકો થાણેમાં મુંબઈ-તાસિક હાઈવેના કિનારે ગણેશજીની મૂર્તિઓ બનાવતા લોકોના સ્થળે બહાર આરામ ફરમાવતા નજરે પડયા. જાણે કે તેઓ કહી રહ્યાં છે કે ગણેશજી થોડી હિંમત અને રાહત આપો-હવે તમારો જ સહારો છે.

કોરોના સંકટ વચ્ચે મુખ્યમંત્રી યોગીનું મહત્વપૂર્ણ નિવેદન

હિન્દુઓએ નવરાત્રી ઘરમાં મનાવી તેમ મુસ્લિમો રમઝાન ઘરમાં જ મનાવે

લખનૌ

દેશના સૌથી મોટા રાજ્ય યુપીના મુખ્યમંત્રી યોગીએ અપીલ કરી છે કે, જે રીતે હિન્દુઓ નવરાત્રી ઘરમાં જ રહીને મનાવી તે રીતે મુસ્લિમો પણ રમઝાન ઘરમાં રહીને જ મનાવે.

એક ચેનલ સાથેની વાતચીતમાં યોગીએ કહ્યુ હતુ કે, મેં તમામ ધર્મના વડાઓ સાથે વાત કરી હતી. પૂજા કે નમાઝ ઘરે થઈ શકે છે. કોઈ પણ પ્રકારની ઉપાસના ઘરે થઈ શકે છે. મારી અપીલ છે કે, નવરાત્રી દરમિયાન હિન્દુઓએ મંદિર નહી જઈને ઘરમાં પૂજા કરી હતી અને રામ નવમી પણ ઘરમાં રહીને મનાવી હતી તે જ રીતે રમઝાનમાં પણ લોકો ઘરમાં જ રહે અને જાહેરમાં કોઈ કાર્યક્રમ ના યોજે.

યોગીએ કહ્યુ હતુ કે, અન્ય રાજ્યોમાંથી પાછા ફરી રહેલા મજૂરો સરકાર માટે બહુ મોટો પડકાર છે. અન્ય રાજોયમાંથી આવનારા ૧૦ લાખ મજૂરોને ક્વોરેન્ટાઈન કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. બીજા રાજ્યો અમારી મદદ કરે કે ના કરે પણ અમે અમારા પ્રવાસી મજૂરો માટે વ્યવસ્થા કરી રહ્યા છે. જો મજૂરોમાં કોઈ લક્ષણ નહી હોય તો તેમને ઘરે જવા દેવામાં આવશે.

ઉરી સેક્ટરમાં પાકિસ્તાનનું ફાયરિંગ: બે જવાન શહિદ, ૪ નાગરિક ઘાયલ

શ્રીનગર

જમ્મુ કાશ્મીરના ઉરી સેક્ટરમાં પાકિસ્તાને કરેલા ફાયરીંગમાં ૨ સૈનિક શહીદ થયા છે. શુક્રવારે પાકિસ્તાને બારામૂલા જિલ્લાના ઉરી સેક્ટરમાં કારણ વિના ફાયરીંગ કર્યુ હતુ.

ભારતીય સૈનિકોએ પાકિસ્તાનની આ હરકતનો જડબાતોડ જવાબ આપ્યો, પરંતુ પાક. ફાયરીંગમાં ચાર સૈનિક ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. તેમને તાત્કાલિક જ નજીકના મિલિટ્રી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે શુક્રવારે મોડી સાંજે સારવાર દરમિયાન બે સૈનિકોએ જીવ ગુમાવ્યો. આ સૈનિકોની ઓળખ થઈ ગઈ છે. જેમાં એક હવાલદાર ગોકર્ણ સિંહ છે જ્યારે બીજા નાયક શંકર એસ પી.

હોસ્પિટલમાં જે બે સૈનિકોની સારવાર ચાલી રહી છે તેમના નામ હવાલદાર નારાયણ સિંહ અને નાયક પ્રદીપ ભટ્ટ છે. સેનાના પ્રવક્તા કર્નલ રાજેશ કાલિયાએ કહ્યુ કે શુક્રવારે બપોરે લગભગ ૩.૩૦ વાગે LoC નજીક રામપુર સેક્ટરમાં પાકિસ્તાને વિના કારણ ફાયરિંગ શરૂ કરી દીધી. આ દરમિયાન ત્રણ સૈનિક ઈજાગ્રસ્ત થઈ ગયા. અગાઉ પાકિસ્તાને કરેલા ફાયરીંગમાં ચાર લોકો ઘાયલ થયા હતા. પોલીસનું કહેવુ છે કે નાગરિક વિસ્તારોમાં પાકિસ્તાન તરફથી કરવામાં આવેલી ફાયરિંગથી લોકો દહેશતમાં આવી ગયા છે. પાકિસ્તાન તરફથી થયેલી ફાયરિંગમાં ચરૂડા, બટગ્રાન, હથલંગા, મોથલ, સહુરા, સિલિકોટ, બાલાકોટ, નામ્બલા અને ગરકોટ જેવા ગામ ચપેટમાં આવી ગયા હતા.

મહારાષ્ટ્રથી સાયકલ લઈ મજૂર ઉ.પ્રદેશ રવાના થયો, રસ્તામાં મોતને ભેટ્યો

ભોપાલ

મહારાષ્ટ્રથી સાયકલ પર સવાર એક પ્રવાસી મજૂરનું મધ્યપ્રદેશના બડવાનીમાં મોત નીપજ્યું હતું. મૃતકનું નામ તબરક અંસારી છે, તે ઉત્તર પ્રદેશનો રહેવાસી હતો. અંસારી મહારાષ્ટ્રના ભિવંડીમાંથી બે દિવસ પહેલા ઉત્તરપ્રદેશ માટે રવાના થયો હતો. પોલીસનું માનવું છે કે અન્સારીનું મોત અતિશય થાક, ગરમી અને તેના શરીરમાં પાણીના અભાવને કારણે થયું છે.

૧૦ અન્ય મજૂરો પણ અંસારી સાથે રવાના થયા હતા. તેમાંથી એકે કહ્યું કે કામ મ હોવાના કારણે લોકડાઉનમાં પૈસા અને ખાવાની વ્યવસ્થા નહોતી. સાયકલથી મહારાજગંજ સ્થિત ઘરે જવાનું નક્કી કર્યું. ૩૫૦ કિલોમીટરનું અંતર કાપ્યા પછી અંસારીને ચક્કર આવી ગયા અને રસ્તા પર પડ્યા. પોસ્ટમોર્ટમ બાદ મોતનું કારણ જાણવા મળશે.

મધ્યપ્રદેશનો બડવાની જિલ્લો મહારાષ્ટ્રની સરહદે છે. ૨૮ એપ્રિલે અહીં ચેકપોસ્ટન પસાર કરતી વખતે ૪૫ વર્ષીય મજૂરનું મોત નીપજ્યું હતું. આ અગાઉ ૨૧ એપ્રિલના રોજ ઉત્તર પ્રદેશના શ્રાવસ્તી જિલ્લાના એક મજૂરનું મોત નીપજ્યું હતું. તે પગપાળા પરત ફરી રહ્યો હતો.

વ્યાપારમાં ગંભીર પરિણામની ચીનની ઓસ્ટ્રેલિયાને ચેતવણી

કેનબેરા

ઓસ્ટ્રેલિયા દ્વારા પણ અમેરિકા અને અન્ય દેશોની જેમ કોવિડ-૧૯ (કોરોના વાઇરસ)ના રોગચાળાની સ્વતંત્ર તપાસની માગણી કરાતા ચીને ઓસ્ટ્રેલિયાને વ્યાપારમાં ગંભીર પરિણામ ભોગવવા તૈયાર રહેવાની ચેતવણી આપી હતી.

ઓસ્ટ્રેલિયાના માલસામાન, પર્યટન અને શૈક્ષણિક સંસ્થાઓનો બહિષ્કાર કરવાની ચીનની ચેતવણીને લીધે ઓસ્ટ્રેલિયાના ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓમાં ચિંતા ફેલાઇ છે.ચીને આક્ષેપ કર્યો હતો કે ઓસ્ટ્રેલિયા દ્વારા અમેરિકાના કહ્યા મુજબ આ રોગચાળાની સ્વતંત્ર તપાસની માગણી કરાઇ રહી છે ઓસ્ટ્રેલિયાની પહેલા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ, યુકે, જર્મની સહિતના અનેક દેશના નેતાઓએ કોવિડ-૧૯ના રોગચાળાના સંબંધમાં સ્વતંત્ર તપાસની માગણી કરી હતી.

ચીનના એલચી ચેંગ જિંગીએ ચેતવણી આપી હતી કે ઓસ્ટ્રેલિયા કોવિડ-૧૯ રોગચાળાની સ્વતંત્ર તપાસ માટેની માગણી ચાલુ રાખશે તો ચીનના વિદ્યાર્થીઓ અને પર્યટકો ઓસ્ટ્રેલિયા જવાનો પોતાનો કાર્યક્રમ બદલી શકે છે. આ ઉપરાંત, ઓસ્ટ્રેલિયા ખાતેથી આયાત કરાતા માલસામાનનો ચીનમાં બહિષ્કાર કરાઇ શકે છે.આમ છતાં, ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન સ્ટોક મોરીસન કોવિડ-૧૯ના રોગચાળાની સ્વતંત્ર તપાસની પોતાની માગણીને મુદ્દે મક્કમ રહ્યા હતા.

વડાપ્રધાનને લોકડાઉનમાંથી બહાર નીકળવાની યોજના જાહેર કરે

ખેડૂત-મજૂર-વૃદ્ધ-મહિલાઓ અને અપંગો માટે મદદની કોંગ્રેસ માંગ

એમએસએમઈ ક્ષેત્રને પેકેજ આપવા કોંગ્રેસની અપીલ : કેન્દ્ર સરકારને વ્યર્થ માંગણી બંધ કરવા અને રાજ્યોને વધુ ભંડોળ આપવાની કોંગ્રેસે માંગણી કરી

નવીદિલ્હી

કોંગ્રેસે કોરોના વાયરસ લોકડાઉનનો સમયગાળો ૧૭ મે સુધી વધારવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું હતું. કોંગ્રેસે પૂછ્યું કે સરકાર આ લોકડાઉનમાંથી બહાર નીકળવાની શું યોજના ધરાવે છે અને તે ક્યારે પૂર્ણ થશે. કોંગ્રેસે પરપ્રાંતિય મજૂરોની ઘરવાપસીને લઈને પણ હુમલો કર્યો હતો. પક્ષના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ સરકારને વિનંતી કરી છે કે, ભાડુ લીધા વિના સ્થળાંતર મજૂરોને ઘરે મોકલવાની ટ્રેનોની વ્યવસ્થા કરવા અને તાત્કાલિક ખેડુતો, સૂક્ષ્મ લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) ના એકમો અને પગારદાર વર્ગને રાહત મળે તે હેતુસર પગલાં લેવા જોઈએ. સુરજેવાલાએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જણાવ્યું હતું કે ગૃહ મંત્રાલયે શુક્રવારે સાંજે આદેશ જારી કર્યો હતો અને તા. ૧૭ મે સુધીમાં લોકડાઉનનો ત્રીજો તબક્કો લાગુ કરી દીધો હતો. ન તો વડા પ્રધાન દેખાયા કે ન રાષ્ટ્રને સંબોધન કર્યું, ન ગૃહ પ્રધાન આવ્યા, પણ કોઈ અધિકારીઓ આગળ આવ્યા નહીં. માત્ર એક સત્તાવાર ઓર્ડર આવ્યો. સુરજેવાલાએ પૂછ્યું કે લોકડાઉનના ત્રીજા તબક્કા પાછળનું લક્ષ્ય અને વ્યૂહરચના શું છે અને આગળનો રસ્તો શું છે? શું લોકડાઉન -૩ છેલ્લે છે અને ૧૭ મેના રોજ સમાપ્ત થશે? અથવા, લોકડાઉન -૪ અને લોકડાઉન -૫ પણ આવી રહ્યું છે? તે ક્યારે પૂર્ણ થશે? તેમણે પૂછ્યું કે ૧૭ મે સુધીમાં કોરોના ચેપ અને આર્થિક સંકટમાંથી સ્વસ્થ થવાનું લક્ષ્ય શું છે? ૧૭ મે સુધીમાં સંક્રમણ, આજીવિકાની સમસ્યા અને આર્થિક સંકટને પહોંચી વળવા મોદી સરકારે કયા લક્ષ્યો નક્કી કર્યા છે? તે લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે ૧૭ મે સુધીમાં કયા અર્થપૂર્ણ અને નિર્ણાયક પગલા લેવામાં આવશે? સૂરજેવાલાએ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ વડા પ્રધાનને લખેલા પત્રોનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે ૧૫ દિવસમાં ભાડુ લીધા વગર લાખો મજૂરોને ઘરે પરત આવવા માટે સ્વચ્છતા ટ્રેનની વ્યવસ્થા કરવી જોઈએ. ગરીબ-મજૂર-ખેડુતોના જન ધન ખાતા, કિસાન યોજના ખાતા, મનરેગા મજૂર ખાતા અને વૃદ્ધ-મહિલા-અપંગ ખાતામાં ૭૫૦૦ રૂપિયા સીધા જ જમા કરાવવા જોઈએ. તેમણે સરકારને વિનંતી કરી કે ૨૪ કલાકની અંદર લઘુતમ ટેકાના ભાવે અને ચુકવણી પર એક-એક અનાજની ખરીદી કરવામાં આવે. શેરડી ખેડૂત હોય કે અન્ય ખેડૂત, હજારો કરોડ રૂપિયાની બાકી રકમ સાત દિવસમાં ચુકવવી જોઈએ. દેવું પુન ર્શિડ્યૂલિંગ અથવા એક વર્ષ માટે મુલતવી રાખવી જોઈએ ખેડૂતનું હિત. તેમણે જણાવ્યું હતું કે ૧૧ કરોડ રોજગાર ધરાવતા રૂ.૨૨૫ કરોડ એમએસએમઈ એકમોને તાત્કાલિક બે લાખ કરોડના પગાર અને લોન ગેરેંટી પેકેજ આપવું જોઈએ. મધ્યમ વર્ગ અને શ્રમજીવી લોકોના પગાર અને નોકરીની સલામતીના પેકેજને સુનિશ્ચિત કરવું જોઈએ અને કરોડોની નોકરીઓ અને મનસ્વી રીતે કાપવામાં આવતી વેતનને રોકવામાં આવશે.

લોકડાઉન વચ્ચે નોઈડામાં ઈફ્તાર પાર્ટી કરતાં ૧૯ લોકો વિરુદ્ધ કેસ દાખલ

નોઈડા

દેશમાં કોરોનાના કહેર વચ્ચે રમઝાન મહિનો પણ ચાલી રહ્યો છે. જોકે કેટલીક જગ્યાએ પોલીસને લોકોને ઘરમાં જ રહેવા માટે ફરજ પાડવામાં મુશ્કેલી પડી રહી છે. સોશિયલ ડિસ્ટન્સિંગની ઐસી કી તૈસી કરીને રમઝાન મહિના નિમિત્તે યુપીના ગ્રેટર નોઈડામાં એક જગ્યાએ ઈફ્તાર પાર્ટીનુ આયોજન કરવામાં આવ્યુ હોવાની વિગતો સામે આવી છે.

અહીંયા આવેલી જામા મસ્જિદની સામે પપ્પુ નામના વ્યક્તિએ રોજા ખુલ્યા બાદ ઈફ્તાર પાર્ટીનુ આયોજન કર્યુ હતુ. જેની ખબર પોલીસને પડતા પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી. પોલીસે ઈફ્તાર પાર્ટીના આયોજકની ધરપકડ કરી હતી. સાથે જ પોલીસે આ મામલામાં ૧૯ લોકો સામે કેસ કર્યો છે.

મોટા પ્રમાણમાં ઈફ્તાર પાર્ટીનુ આયોજન કરવા પર લોકડાઉનનુ ઉલ્લંઘન કરવાના આરોમાં પોલીસ તરફથી કાર્યવાહી કરવામાં આવી છે. આ મામલામાં પોલીસે ૧૯ લોકોની વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. સાથે જ તેના પર આવશ્યક કાર્યવાહી કરવામાં આવી છે.

મહારાષ્ટ્રમાં ૨૪ કલાકમાં ૧૧૫ પોલીસકર્મી કોરોના પોઝિટિવ

મુંબઈ

દેશમાં મહારાષ્ટ્ર રાજ્ય કોરોના વાયરસથી સૌથી વધારે પ્રભાવિત છે. ત્યારે મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૫ પોલીસકર્મીનો કોરોના રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તે સાથે જ મહારાષ્ટ્રમાં કોરોના પોઝિટિવ પોલીસકર્મીઓની સંખ્યા વધીને ૩૪૨ પર પહોંચી ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, દેશમાં કોરોનાના સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. મહારાષ્ટ્રમાં કોરોનાના ૧૧ હજાર ૫૦૦ જેટલા કોરોનાના દર્દી છે અને ૪૮૫ જેટલા લોકોના મોત કોરોનાથી થયા છે. મહારાષ્ટ્રમાં એક દિવસમાં ૧ હજાર આઠ જેટલા કોરોનાના કેસ નોંધાયા. જે પૈકી માત્ર મુંબઈમાં ૨૪ કલાકમાં ૭૫૧ દર્દી સામે આવ્યા છે. જ્યારે કે વધુ ૨૬ લોકોના મોત થયા. તો ૧ હજાર ૮૭૯ જેટલા દર્દીઓ સાજા થયા છે.

મહિલા જનધન ખાતામાં બીજો હપ્તો ૪ મે દિનથી જમા કરાશે

નવી દિલ્હી

સરકારે બે સપ્તાહ માટે લોકડાઉનની અવધિ લંબાવ્યા બાદ હવે આ લોકડાઉન ૧૭મી મે સુધી અમલી રહેનાર છે. જો કે, આ દરમિયાન સમગ્ર દેશમાં તમામ છુટછાટો આપવામાં આવી ચુકી છે. આ છુટછાટોમાં લોકોને કેટલો ફાયદો થશે તે તો આગામી સમયમાં જ જાણવા મળશે. લોકડાઉન વચ્ચે સરકારે જનધન મહિલા ખાતામાં ૫૦૦-૫૦૦ રૂપિયાનો બીજો હપ્તો સોમવારે જમા કરવાની જાહેરાત કરી હતી. કોવિડ-૧૯ સંકટ દરમિયાન ગરીબોની મદદ માટે નાણામંત્રી નિર્મલા સીતારામને ૨૬ માર્ચે મહિલા જનધન ખાતાધારકોના ખાતામાં એપ્રિલથી ત્રણ મહિના સુધી દરેક મહિનામાં ૫૦૦ રૂપિયાની મદદની જાહેરાત કરી હતી. નાણા સેવા સચિવ દેવાશીષ પાંડાએ શનિવારે ટ્વિટ મારફતે આ અંગે માહિતી આપી હતી.

૨૪ કલાકમાં પહેલા પાનાથી ચાલુ

જવા માટે રવાના થયા હતા.

લોકડાઉન વચ્ચે અન્ય રાજ્યોમાં ફસાયેલા મજૂર, વિદ્યાર્થી અને અન્ય લોકો માટે ૨૪ કલાકમાં ૬ સ્પેશ્યલ ટ્રેન દોડાવાઈ છે. પહેલી ટ્રેન ગુરુવારે સવારે તેલંગાણાના લિંગમપલ્લીથી ઝારખંડના હટિયા સુધી ચલાવાઈ હતી. જે મોડી રાતે હટિયા પહોંચી ગઈ છે. આ ઉપરાંત બાકી ૫ ટ્રેન છે જયપુર (રાજસ્થાન)થી પટના(બિહાર), કોટા (રાજસ્થાન)થી હટિયા (ઝારખંડ), નાસિક (મહારાષ્ટ્ર)થી લખનઉ (ઉત્તરપ્રદેશ), નાસિક (મહારાષ્ટ્ર)થી ભોપાલ (મધ્યપ્રદેશ), લિંગમ્પલ્લી (તેલંગાણા)થી હટિયા (ઝારખંડ) અને અલુવા (કેરળ)થી ભુવનેશ્વર (ઓરિસ્સા).

મધ્યપ્રદેશના ૨૮ જિલ્લાઓના ૩૪૭ મજૂરોને લઈને મહારાષ્ટ્રના નાસિકથી દોડાવાયેલી ટ્રેન શનિવારે ભોપાલ પહોંચી છે. અહીંયા મિસરોજ સ્ટશન પર તમામ મજૂરોનું થર્મલ સ્ક્રીનિંગ કરાયું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, તમામ મજૂરો સ્વસ્થ છ. હવે તેમને તેમના જિલ્લાઓમાં પહોંચાડવામાં આવશે. ત્યાં તેમની ફરી તપાસ કરવામાં આવશે.

અમેરિકામાં પહેલા પાનાથી ચાલુ

રાજ્યોમાં ફરીથી કામકાજ શરૂ કરવા મટાટે ઔપચારિક યોજનાઓ શરૂ કરી દેવામાં આવે છે. ટેક્સાસ, મેઈને, અલબામા, ટેનેસી જેવા રાજ્યોમાં શુક્રવારે જ લૉકડાઉન સમાપ્ત થયું છે.

બેકફુટ પર પહેલા પાનાથી ચાલુ

બનાવવા પણ વિચારી રહી છે. વધુમાં ગડકરીએ જણાવ્યું કે, વિશ્વમાં ચીન વિરૂદ્ધ જે માહોલ સર્જાઈ રહ્યો છે તેનો ભારતે આર્થિક ફાયદો ઉઠાવવો જોઈએ અને નિકાસ વધારીને આર્થિક વૃદ્ધિ દર વધારવા પર ધ્યાન આપવું જોઈએ.

મોતની અફવા પહેલા પાનાથી ચાલુ

તેમનું સ્વાસ્થ્ય કેવું છે. આ એક રહસ્ય છે. તેમનું કારણ એવું છે કે તે ૧૧ એપ્રિલ બાદ સરકારી મીડિયામાં જોવા મળ્યા નથી. તેના એક દિવસ બાદ જ તેમનું ઓપરેશ થયું હતું.

કેન્દ્ર દ્વારા જામનગર જિલ્લાને ઓરેન્જ ઝોનમાં સમાવેશ કરાતા અસમંજસ

જામનગર

કેન્દ્ર સરકાર દ્વારા આજે કોરોના સંક્રમણથી દેશના રેડ ઝોન અને ઓરેન્જ ઝોન અને ગ્રીન ઝોન જિલ્લાઓની જાહેરાત કરી હતી. કેન્દ્ર સરકારે ગુજરાતના ૯ જિલ્લાને રેડ ઝોનમાં રાખ્યા છે. તો ૧૯ જિલ્લા ઓરેન્જ ઝોન અને ૫ જિલ્લા ગ્રીન ઝોનમાં છે. જેમાં જામનગર જિલ્લાને ઓરેન્જ ઝોનમાં સમાવેશ કરાયો છે. જામનગરનો ઓરેન્જ ઝોનમાં સમાવેશ કરાતા અસમંજસ થઈ હતી. જામનગરમાં માત્ર કોરોનાનો એક જ પોઝિટિવ કેસ અને એક મોત નોંધાયું છે. ૫ એપ્રિલ બાદ જામનગરમાં એક પણ એક્ટિવ પોઝિટિવ કેસ નોંધાયો નથી. આવામાં જામનગરને ગ્રીન ઝોનમાં સમાવેશ કરવા નાગરિકો દ્વારા માંગ ઉઠી હતી.

ત્યારે મોડી રાત્રે જિલ્લા કલેક્ટર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, જામનગરને ગ્રીન ઝોનની જાહેરાત માટે રાહ જોવી પડશે. જામનગરનો ઓરેન્જ કે ગ્રીન ઝોનમાં સમાવેશ અંગે ચર્ચાઓનો દોર ચાલ્યો હતો. ત્યારે જામનગરમાં "ગ્રીન" કે "ઓરેન્જ" ઝોન મામલે જિલ્લા કલેક્ટરે સ્પષ્ટતા કરી હતી. તેમણે જણાવ્યું કે, "ગ્રીન" ઝોન માટેની ઘોષણા ભારત સરકાર દ્વારા કરવામાં આવશે. જામનગર હજુ સુધી "ઓરેન્જ" ઝોનમાં જ છે. જામનગરનો હજુ "ગ્રીન" ઝોનમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

ભારત સરકારની સત્તાવાર જાહેરાત અંગેની રાહ જુઓ. છૂટછાટની દ્રષ્ટિએ જામનગરમા અસર નહિ થાય. ભારત સરકારની સત્તાવાર જાહેરાત બાદ લોકોને જાણ કરાશે. કેન્દ્ર સરકાર દ્વારા અરવલ્લી જિલ્લાને રેડ ઝોનમાં મૂકાયો છે. પરંતુ અરવલ્લીમાં માત્ર ૧૯ કેસ છે. જ્યારે કે અરવલ્લી કરતા પણ અન્ય રાજ્યમાં વધુ કેસ છે. રાજકોટ જિલ્લાની વાત કરીએ તો, આ જિલ્લામાં ૫૮ કેસ છે. છતાં રાજકોટ જિલ્લાને ઓરેન્જ ઝોન જાહેર કરાયો છે.

ઝોનની વ્યાખ્યા : કેન્દ્ર સરકાર દરેક રાજ્યોમાં કોરોના વાયરસના કેસોના આધારે રાજ્યમાં આવેલા તમામ જિલ્લાઓને રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં ભાગ પાડ્યા છે. રેડ ઝોન એટલે કે જ્યાં કોરોનાનો સૌથી વધુ ખતરો છે. તો ગ્રીન ઝોનને સેફ માનવામાં આવશે. ઓરેન્જ ઝોન એટલે જ્યાં કોરોનાના નવા કેસ આવતા ન હોય તેવો વિસ્તાર ગણાયો છે.

અમદાવાદ લોકડાઉન ૩.૦માં પોલીસ કમિશનરે રેડ ઝોન ગોમતીપુર સરસપુરની મુલાકાત લીધી

અમદાવાદ

કોરોના વાઈરસનો શહેરમાં ફેલાવો થતાં કોટ વિસ્તાર બાદ ગોમતીપુર, સરસપુર અને અસારવા વિસ્તારને રેડ ઝોન જાહેર કરવામા આવ્યો છે. આજે સવારે પોલીસ કમિશનર આશિષ ભાટિયાએ રેડ ઝોન ગોમતીપુર, સરસપુર વિસ્તારની મુલાકાત લીધી હતી. તેમણે રેડ ઝોનમાં કડકપણે લોકડાઉનનો અમલ કરાવવા સૂચના આપી હતી. રેડ ઝોનમાં એસેસન્સીયલ સર્વિસ સિવાયનું કોઈપણ વાહન લઈને જઈ શકાતું નથી જેથી તેની પણ સમીક્ષા કરી હતી. નવા રેડ ઝોનમાં લોકડાઉનનો કડક અમલ અને પોલીસકર્મીઓની સ્વાસ્થ્યને લઈ પણ સૂચનાઓ આપી હતી.

સાબરકાંઠા જિલ્લા પોલીસ દ્વારા સોશિયલ ડિસ્ટન્સ માટે રાઉન્ડ બનાવાયા

સાબરકાંઠા

જિલ્લામાં કોરોના વાઈરસનું સંક્રમણ ના ફેલાય તે માટે તંત્ર સતત કાર્યરત છે. જિલ્લામાં લોકડાઉનનુ પાલન કરાવવા પોલીસ જવાનો ચોવીસ કલાક ફરજ બજાવી રહ્યા છે. સાબરકાંઠા જિલ્લો ઓરેંજ ઝોનમાં હોવાથી આવનાર સમયમાં ધીમે-ધીમે લોકડાઉનના નીયમો હળવા થાય એવી સંભાવના હોવાથી ભવિષ્યનો વિચાર કરી પોલીસ વિભાગ દ્વારા નગરપાલિકા વિસ્તારમાં આવેલી આવશ્યક ચીજ વસ્તુઓની દુકાનો અને બેંક એટીએમની આગળ સર્કલ બનાવ્યા છે. સાબરકાંઠા વહિવટી તંત્ર અને પોલીસના જવાનો ખડે પગે રહીને કોરોના મહામારીથી આમ જનતાને બચાવવા પ્રયત્ન કરી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના ત્રણ કેસ આવ્યા હતા. જે હવે નેગેટિવ બનતા હાલ કોરોનાનો કોઈ સક્રિય કેસના હોવાથી તેમજ સાબરકાંઠા ઓરેન્જ ઝોનમાં હોવાથી આવનાર સમયમાં જિલ્લામાં લોકડાઉનના નિયમોમાં હળવાશ મળી શકે તેમ છે. આ સમયમાં નાગરીકો દ્વારા સોશીયલ ડિસ્ટસીંગનુ પાલન થાય અને જિલ્લામાં કોરોનાનુ સંક્રમણ અટકે તે માટે આ અગમચેતીના ભાગરૂપે આવશ્યક ચીજવસ્તુઓ તેમજ બેંકો અને એટીએમ આગળ લોકોનો ધસારો વધુ હોવાની સંભાવનાને પગલે

તમામ દુકાનોની આગળ સોશિયલ ડિસ્ટન્સીંગથી લોકો ઉભા રહી ખરીદી કરે તે માટે સર્કલ કરવામાં આવ્યા છેજો કે, આવો પ્રયાસ જિલ્લાના તમામ મોટા શહેરોમાં હાથ ધરાય તો કોરોના વાઈરસનું સંક્રમણ અટકાવવા મહત્વનું પગલું સાબિત થઈ શકે તેમ છે. કોરોના વાઈરસને અટકાવવા સામાજિક અંતર મહત્વનું છે, ત્યારે જિલ્લા પોલીસ દ્વારા હાથ ધરાયેલા પ્રયાસ આગામી સમય માટેનું ઠોસ પગલું બની શકે છે તે નિર્વિવાદ બાબત છે.

અમદાવાદ કાલુપુર વિસ્તારમાંથી હોલસેલ માર્કેટમાંથી પાનમસાલા કાઢવાનું નેટવર્ક સક્રિય

કુલ ૧.૨૬ લાખનો મુદ્દામાલ સાથે ત્રણ નબીરાઓની કરાઈ ધરપકડ

અમદાવાદ

કોરોના કાળમાં પાનમસાલા અને બીડી-સિગારેટ નાશનું મૂળ બની શકે છે. આવી આશંકા વચ્ચે ગુજરાત સરકારે લાદેલા પ્રતિબંધથી શહેરમાં એક લાખ જેટલા નાના-મોટા પાનપાર્લર, લારી-ગલ્લા પર વેચાણ બંધ કરાવી દીધું છે. મોટાભાગના ગલ્લા, પાર્લર બંધ છે છતાં નશાના બંધાણીને પાનમસાલા, બીડી-સિગારેટ મળતાં રહે છે. આમ થવા પાછળ કાલુપુર વિસ્તારમાં આવેલી હોલસેલ માર્કેટમાંથી માલ કાઢવાનું નેટવર્ક સક્રિય થયાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. આંચકાજનક બાબત એ છે કે, કાલુપુરમાં આવેલી ૧૦૦ જેટલા હોલસેલ દુકાનોમાંથી અમુક દુકાનો કોરોના કન્ટેન્મેન્ટ એરિયામાં અથવા તો તેની બાજુમાં જ છે. આવી દુકાનોમાંથી વહેલી સવારે પાન-મસાલા અને બીડી-સિગારેટ પોલીસની મહેરબાનીથી શહેરના અન્ય વિસ્તારોમાં ઘૂસાડવામાં આવે છે.

દરિયાપુર-કાલુપુર પોલીસની હદ પડે છે તેવા વિસ્તારમાં અમુક ખાખી વર્દીધારી પોતાના લાભ માટે લાખો વ્યસની મોતના મૂખમાં ધકેલાય તેવી સ્થિતિ પેદા કરી રહ્યાં છે. બજારના જાણકાર સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના કાલુપુર ચોખાબજાર, ફૂટ માર્કેટ આસપાસના વિસ્તારમાં ૧૦૦થી વધુ હોલસેલરની દુકાનો છે. આસપાસના પોળ વિસ્તારોમાં અનેક વેપારીના ગોડાઉન આવેલાં છે. મોટાભાગના ગોડાઉન કન્ટેન્મેન્ટ એરિયા અને આસપાસ જ આવેલા છે. આમ છતાં, આ ગોડાઉનોમાંથી વહેલી સવારે ૪થી ૬ના સમયગાળામાં પાનમસાલા અને બીડી-સિગારેટનો જથ્થો બેરોકટોક હેરાફેરી કરી શહેરના પશ્ચિમ વિસ્તારોમાં પહોંચતો કરવામાં આવે છે.

વેજલપુરમાં ૧.૨૬ લાખના પાન-બીડી અને મસાલા કબજે કરાયા છે. જીવરાજ પાર્કની મોરારજી પાર્ક સોસાયટીમાં અનિલભાઈ પટેલ અને હેમીલ પટેલ ઉપરાંત અશ્વલેખા ફ્લેટમાં રહેતા જયંતીભાઈ મનજીભાઈ પટેલ સામે ગુનો નંધાયો છે. પોલીસ કન્ટ્રોલ રૂમને મળેલા મેસેજના આધારે તપાસ કરી ત્રણ શખ્સોને તપાસી બીડી, સિગારેટ, તમાકુ, સોપારી, પાનમસાલા, આખી સોપારી વગેરે મળી કુલ ૧.૨૬ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. જ્યારે, વસ્ત્રાપુર પોલીસે રામેશ્વર રો હાઉસમાં યશ જોષી અને જીતુ રાવળને પાનમસાલા, બીડી-સિગારેટનું વેચાણ કરતાં પકડી પાડ્યાં છે. બન્ને શખ્સો અમદાવાદ ઈન્ટરનેશનલ સ્કૂલ પાસે પ્લાસ્ટિકના થેલામાં રાખી વેચાણ કરતા હતા તેવો જથ્થો કબજે કરાયો છે.

લોકડાઉન...? રાજકોટના પારડી ગામે પેપર આપવાં ૧૦૦ બાળકોને સ્કુલે બોલાવાયા

રાજકોટ

ગુજરાતમાં કોરોનાના કહેરને લઈને લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે લોકડાઉન ૧૭ મે સુધી લંબાવી પણ દેવામાં આવ્યું છે. લોકડાઉન ૩.૦ માં કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ થોડી છૂટછાટ આપવામાં આવી છે, પરંતુ શૈક્ષણિક કાર્યોથી લઈને સ્કૂલ-કોલેજ કોઈપણ ઝોનમાં બંધ રાખવાની તાકિદ કરવામાં આવી છે. તેમ છતાં રાજ્યના રાજકોટ જિલ્લાના લોધિકાના પારડી ગામે કેન્દ્ર સરકારની ગાઈડલાઈન હોવા છતાં ખુલ્લેઆમ ભંગ થતો જોવા મળ્યો. જેમાં લોધિકાના પારડી ગામે પ્રાથમિક શાળા શરૂ કરવામાં આવી.

પ્રાપ્ત મળતી વિગત અનુસાર રાજ્યના રાજકોટ જિલ્લામાં લોકડાઉનના લીરેલીરાં ઉડતા જોવા મળ્યાં. જેમાં કેન્દ્ર સહિત રાજ્ય સરકારના નિયમોનો સરેઆમ ભંગ કરવામાં આવ્યો. જિલ્લાના લોધિકાના પારડી ગામે પ્રાથમિક શાળા શરૂ કરાઈ હોવાનું જોવા મળ્યું. લોધિકાના પારડી ગામે વેકેશન હોવા છતાં સરકારી પ્રાથમિક શાળા શરૂ કરવામાં આવી. એટલું જ નહીં પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને બોલાવામાં આવ્યાં. આમ સરકારના નિયમોનું ઉલ્લંઘન તો કર્યું પણ કોરોનાને લઈને સ્કૂલના તંત્રને બાળકો પણ જરા પણ દયા ન આવી.

એક બાજુ રાજ્યમાં કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે ત્યારે સરકાર દ્વારા નાના બાળકો તેમજ વડીલોને ઘરની બહાર ન નીકળવા માટે અપીલ કરી રહી છે. ત્યારે બીજી તરફ લોધિકાના પારડી ગામે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને શાળામાં બોલાવામાં આવ્યાં. જો કે હાલ આ વીડિયો સામે આવતાં સ્કૂલ તંત્ર દ્વારા તમામ વિદ્યાર્થીઓને રજા આપી દેવામાં આવી. આ અંગે જ્યારે શાળાના શિક્ષકો અને આચર્યને પૂછવામાં આવ્યું ત્યારે તેઓએ મૌન સેવી લીધુ. જો કે પેપર માટે બોલાવ્યાં હોવાનું શાળાના સંચાલકો દ્વારા એક જ રટણ કરવામાં આવી રહ્યું હતું.

લોકડાઉનમાં મોરબીમાં એક માતાએ બે દીકરીની હત્યા બાદ આપઘાત કર્યો, કારણ અકબંધ

મોરબી

કોરોના વાઈરસના લોકડાઉન વચ્ચે આજે મોરબીમાં ચકચારી ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં માતાએ બે દીકરીની હત્યા કર્યા બાદ પોતે આપઘાત કરી લીધો છે. પત્ની અને બે દીકરીઓના મૃતદેહ જોઈને યુવાન સ્તબ્ધ થઈ ગયોમોરબીના વાવડી રોડ પર આવેલા શ્રીજી પાર્ક વિસ્તારમાં આવેલા એક રહેણાક મકાનમાં ૧૧ મહિનાથી ભાડે રહેતા અને જીમમાં ટ્રેનર તરીકે કામ કરતા બીશષનુ ટીકારામ બીસી નામનાં ૨૫ વર્ષીય યુવાની પત્ની તુલસીએ તેની બે દીકરી સિરવી અને પૂજાને ગળા ટૂંપો દઈ હત્યા કરીને પોતે પણ આપઘાત કરી લીધો હતો. ઘટના સમયે મહિલાનો પતિ અગાસી પર કસરત કરતો હતો. કસરત બાદ પરત ફરતા પત્ની અને બાળકોને મૃત હાલતમાં જોઈને અવાચક બન્યો હતો. ઘટનાની જાણ થતા ડીવાય એસપી, મોરબી એ-ડિવિઝન પોલીસના પી.આઇ. આર.જે. ચૌધરી સહિતના દોડી ગયા હતા અને મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ બનાવની તપાસ શરૂ કરી છે અને માતાએ ક્યાં કારણોસર બે દીકરીની હત્યા કરીને પોતે આપઘાત કર્યો છે, તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે, જોકે વાવડી રોડ પર આ બનાવથી સમગ્ર પંથકમાં ચકચાર મચી છે.

પરપ્રાંતીયો વતન લઈ જવા માટે સુરત અને અમદાવાદથી દોડાવાશે ટ્રેનો

પરપ્રાંતીય મજૂરોએ ૧૦૭૭ નંબર પર કોલ કરી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે

ગાંધીનગર

લોકડાઉન લાગ્યા બાદ દરેક રાજ્યમાં પરપ્રાંતીયોને કેન્દ્ર સરકારે રાહત આપતા સમાચાર આપ્યા હતા. તેઓને પોતાના વતન જવાની છૂટ આવી હતી. આ માટે જે તે રાજ્યોને વ્યવસ્થા કરવા માટે પણ કહેવાયું હતું. ત્યારે આખરે ગુજરાતમાંથી પરપ્રાંતીયોને લઈ જવા માટે ટ્રેન નીકળવાની છે. બે દિવસમા મોટી સંખ્યામાં પરપ્રાંતીયોએ જવા માટે અરજી કરી હતી. ત્યારે સુરત અને અમદાવાદ સ્ટેશન પરથી આજે ટ્રેનો દોડાવાની છે. આ વચ્ચે રાજ્ય સરકાર દ્વારા મોટી જાહેરાત કરાઈ છે. અન્ય રાજ્યમાં ફસાયેલા ગુજરાતીઓ પરત આવવા માંગતા હોય તો ૦૭૯-૨૩૨૫૧૯૦૦ પર કોલ કરે. આજે સુરતથી એક ટ્રેન ઓરિસ્સા જઈ રહી છે. તો અમદાવાદથી ૨ ટ્રેન ઉત્તરપ્રદેશ જઈ રહી છે. પરપ્રાંતીય મજૂરો માટે ૧૦૭૭ નંબર પર કોલ કરવાનો રહેશે. ૧૦૭૭ પર કોલ કરી તેઓ રજિસ્ટ્રેશન કરાવી શકશે.

એક ટ્રેનમાં અંદાજે ૧૨૦૦ જેટલા લોકો અને એ પણ નોંધાયેલા લોકો જ જશે. સમગ્ર આયોજન વહીવટી તંત્ર દ્વારા કરાયું છે. પરંતુ વતન જવા માંગતા શ્રમિકોએ પોતાની ટિકીટ બુક કરાવવાની રહેશે. મધ્યપ્રદેશ, રાજસ્થાનના મજૂરો રવાના કરાયા છે. આજે યુપીના મજૂરોને મોકલવામાં આવશે.

સુરતમાં મોટી સંખ્યામાં ઓરિસ્સાના લોકો કામ કરે છે. તો ઓરિસ્સા રાજ્યએ પરપ્રાંતીયોએને આવકાર્યા છે. આવમાં આજે સુરતથી ઓરિસ્સા ટ્રેન દોડાવાશે. બપોરે ૪ વાગ્યે ટ્રેન સુરતથી રવાના થશે. ૧૨૦૦ લોકોને લઇ ટ્રેન ઓરિસ્સા જવા નીકળશે. તમામને પાસ ઈસ્યૂ કરવામાં આવ્યા છે. જે લોકોને જવાન છે તેઓ સ્ટેશન પર પાસ બતાવશે એટલે તુરત ટિકીટ આપવામાં આવશે. જેને પગલે સ્ટેશન પર પોલીસનો લોખડી બંદોબસ્ત ગોઠવાયો છે.

અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશનથી આજે ૪ વાગે અને ૭ વાગે બે ટ્રેન શ્રમિકોને લઈ જશે તેવી જાહેરાત કરાઈ છે. અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદ રેલવે તંત્ર દ્વારા કોઈ જાહેરાત કરવામાં આવી નથી. અમદાવાદથી પરપ્રાંતીય લોકોના પોતાના વતન મોકલવા આ ટ્રેનની વ્યવસ્થા કરાઈ છે. આજે બે ટ્રેન રવાના થશે. એક ટ્રેન સાંજે ચાર કલાકે ઉત્તર પ્રદેશ રાજ્યમાં જવા નીકળશે. તો બીજી ટ્રેન મોડી રાત્રે રવાના થશે.

અમદાવાદના કલેક્ટર કે.કે નિરાલાએ ટ્રેનના આયોજન અંગે જણાવ્યું કે, એક ટ્રેનમાં ૧૨૦૦ લોકોને જ લઈ જવાની મંજૂરી આપવામાં આવી છે. રેલવે દ્વારા સોશિયલ ડિસ્ટન્સિંગની તકેદારી રાખવામાં આવશે. અમદાવાદથી ઉપડનારી ટ્રેન સીધી વન સ્ટોપ આખરી સ્ટેશને રોકાશે. સંબંધિત રાજ્ય સરકારની મંજૂરી મળ્યા બાદ જ જઈ શકાશે. હેલ્થ સ્ક્રીનીંગ પૂર્ણ કર્યા બાદ જ મંજૂરી મળશે. ઉત્તર પ્રદેશ ઉપરાંત અન્ય રાજ્યો માટે પણ વ્યવસ્થા કરશે. સ્થાનિક વહીવટી તંત્રની આગોતરી મંજૂરી વગર નહિ જઈ શકાય. આગામી દિવસોમાં અન્ય શહેરો માટે પણ ટ્રેનો દોડાવાશે.

લોકડાઉનની અસર: BRTS, AMTSના ૮૦ કર્મીઓ ૪ મહિનાથી પગારથી વંચિત

અમદાવાદ

મ્યુનિ. સંચાલિત બીઆરટીએસ અને એએમટીએસમાં ખાનગી એજન્સીઓ પાસેથી કોન્ટ્રાક્ટ પર લેવાયેલા કર્મચારીઓને તેમનો પગાર નહીં મળ્યો હોવાનો મામલો સામે આવ્યો છે. જોકે મ્યુનિ. તંત્ર દ્વારા એજન્સીને પૂરા નાણાં ચૂકવાયા બાદ પણ એજન્સી દ્વારા કર્મચારીઓને પગાર નહીં ચૂકવાતો હોવાનું જાણવા મળ્યું છે.

આ અંગેની વિગત એવી છે કે, બીઆરટીએસ અને એ એ મ ટી એ સ માં જીએનએફસી મારફતે કોન્ટ્રાક્ટ પર કર્મચારી લેવામાં આવે છે. જીએનએફસી દ્વારા પણ પેટા કોન્ટ્રાક્ટ આપીને કર્મચારીઓને લાવવામાં આવે છે, જેમાં કવચ ટેક્નોલોજી દ્વારા આ રીતે બીઆરટીએસ અને એએમટીએસમાં ૮૦ જેટલા કર્મચારીઓને કોન્ટ્રાક્ટ પર મૂકવામાં આવ્યા છે.

લોકડાઉન બાદ મ્યુનિ. દ્વારા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ આ કર્મચારીઓના નીકળતા નાણાં જીએનએફસીને ચૂકવી દેવામાં આવ્યા છે. જોકે,જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ, એપ્રિલના ચૂકવાયેલા નાણાં કર્મચારીઓને પગાર સ્વરૂપે હજુ સુધી ચૂકવાયા નથી. ત્યારે કેટલાક કર્મચારીઓએ આ બાબતે મ્યુનિ. કમિશનરને પણ ટ્વિટર પર જાણ કરી છે કે, તેમને છેલ્લા ૪ મહિનાથી પગાર મળ્યો નથી.

ભાવનગરમાં વધુ ૫ કોરોના પોઝિટિવ કેસ સામે આવતા કુલ સંખ્યા ૫૬ થઈ

રાજકોટ

ભાવનગરમાં કોરોના વાઈરસના વધુ ૫ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. આ પહેલા કાઝીવાડ વિસ્તારમાં રહેતી ૪૯ વર્ષની મહિલા ફેમિદાબેન તૌફિકભાઇ કુરેશીનો કોરોના વાઈરસનો રિપોર્ટ આજે પોઝિટિવ આવ્યો છે. આ મહિલા ક્વોરન્ટીનમાં સમરસ હોસ્ટેલમાં હોવાથી તેનું સેમ્પલ લઈને મોકલ્યા બાદ તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ભાવનગરમાં અત્યાર સુધી કોરોના વાઈરસના પોઝિટિવ કેસની સંખ્યા ૫૬ ઉપર પહોંચી ગઈ છે. જે પૈકી ૨૨ લોકો સાજા થઈને ઘરે જઈ ચુક્યા છે

રાજકોટમાં ૧૧૩ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જે પૈકી ૭૯ સેમ્પલ નેગેટિવ આવ્યા છે અને ૩૪ લોકોના રિપોર્ટ પેન્ડિંગ છે. રાજકોટમાં લોકડાઉનનો કડક અમલ કરાવવા પોલીસે આજે અલગ-અલગ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ કરીને પેટ્રોલિંગ કર્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં એક સાથે ૧૦ દર્દીઓ સાજા થતા હોસ્પિટલમાંથી અપાઈ રજા

બનાસકાંઠા

ગુજરાતમાં કોરોના મહામારીનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. જેને લઈને કોરોનાના દર્દીઓમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. જો કે બીજી તરફ કોરોનાને મ્હાત આપનાર દર્દીઓને હોસ્પિટલમાંથી રજા પણ મળી રહી છે. જેમાં રાજ્યના બનાસકાંઠા જિલ્લામાં વધુ ૧૦ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે, આ તમામ દર્દીઓને રજા આપવામાં આવી છે.પ્રાપ્ત મળતી વિગત અનુસાર રાજ્યના બનાસકાંઠા જિલ્લામાં વધુ ૧૦ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. કોરોનાને મ્હાત આપી સ્વસ્થ થતાં તમામ દર્દીઓને રજા આપવામાં આવી છે. પાલનપુરની કોવિડ-૧૯ હોસ્પિટલમાંથી ડોક્ટર અને મેડિકલ સ્ટાફ દ્વારા માનભેર વિદાય આપવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૧૪ દર્દીઓ સાજા થઈ ગયા હોવાથી રજા આપવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લામાં કુલ ૩૧ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં પાલનપુરના ગઠામણ ગામમાં ૨૧, ભાગળમાં ૨, મજાદરમાં ૧, વાવમાં ૬ અને થરાદમાં એક કેસ નોંધાયો છે. આ તમામ દર્દીઓને પાલનપુરની બનાસ મેડિકલની કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ અગાઉ પાલનપુર કોવિડ-૧૯ હોસ્પિટલમાંથી ત્રણ દર્દીઓ સાજા થઇ જતાં રજા આપવામાં આવી હતી. જેમાં એક ૪ વર્ષીય બાળકી અને બીજો ૧૪ વર્ષનો છોકરો હોવાથી હોસ્પિટલના ડોકટરો અને મેડિકલ સ્ટાફ દ્વારા ગિફ્ટ અને ચોકલેટ આપી તાળીઓના ગડગડાટ સાથે માનભેર વિદાય આપવામાં આવી હતી.

ગુજરાતથી રાજસ્થાન વતન વાપસીથી અમીરગઢ બોર્ડર પર ચક્કાજામના દ્રશ્યો

પાલનપુર

ગૃહ મંત્રાલયે સાંજે વધુ ૨ અઠવાડિયા માટે દેશભરમાં લોકડાઉન લંબાવ્યું છે. ત્યારે કેન્દ્ર સરકારે પરપ્રાંતિયોને વતન જવાની મંજૂરી આપતા મોટી સંખ્યામાં પરપ્રાંતિયો વાહનોમાં વતન વાપસી કરી રહ્યા છે. ત્યારે બનાસકાંઠાના અમીરગઢ બોર્ડર પર રાજસ્થાન જવા માટે મોટી સંખ્યામાં સતત બીજા દિવસે વાહનોની કતાર લાગી હતી. જે વાહન મળ્યા તેમાં પરપ્રાંતિય રાજસ્થાન ભળી જઈ રહ્યા હતા જેના પગલે ટ્રાફિકજામ થયો હતો. કાર, મિનિ ટ્રક, કન્ટેઈનર, જે પણ વાહનો મળ્યા તેમાં લોકો રાજસ્થાન તરફ વાટ પકડી હતી. મોટાભાગના ગુજરાત પાસિંગના વાહનો રાજસ્થાન જતા જોવા મળ્યા હતા. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અર્જુન મોઢવાડિયાએ એક નિવેદન જારી કરીને લોકડાઉનમાં વતનથી દૂર ફસાયેલા નાગરિકોને એક રાજ્યમાંથી બીજા રાજ્યોમાં અને એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં વતન જવા માટે એસટી બસ ટ્રેનોની વ્યવસ્થા કરવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારને અપીલ કરી હતી.

ફ્રન્ટલાઈન વોરિયર્સને કોરોના પોઝિટીવ આવતા અપાશે ૫ સ્ટાર હોટલમાં ફ્રી સારવાર

નિયમ ભંગ બદલ કાલ થી અત્યાર સુધીમાં ૭ લાખની પેનલ્ટી વસૂલ કરાઈ: AMC

શુક્રવારે અમદાવાદમાં પણ અત્યાર સુધીમાં સૌથી વધુ ૨૬૭ પોઝિટિવ રિપોર્ટ મળ્યા હતા. જેમાંથી અમદાવાદમાં અત્યાર સુધીમાં નોંધાયેલા ૩૨૯૩ પોઝિટિવ કેસો પૈકી ૧૬૫ નાગરીકોના મૃત્યુ થઈ ચૂક્યા છે. જ્યારે શુક્રવારે ૮૩ને ડિસ્ચાર્જ મળતા સાજા થઈને ઘરે પહોંચનારા દર્દીઓની સંખ્યા ૪૦૦એ પહોંચવા આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર વિજય નહેરાએ આજે જણાવ્યું હતું કે, શહેરના તમામ લોકો લૉકડાઉનનું કડકમાં કડક રીતે પાલન કરે તે હિતાવહ છે. જો લૉકડાઉનનું પાલન થશે તો કોરોના સંક્રમણ અટકશે અને તો જ આપણે જલ્દીમાં જલ્દી લોકડાઉનને હટાવીને ઘરની બહાર નીકળી શકીશું. મેના અંત સુધીમાં સંક્રમણ નિયંત્રણમાં આવી જશે તેવો વિજય નહેરાએ દાવો કર્યો હતો.

વિજય નહેરાએ જણાવ્યું હતું કે, લૉકડાઉનનો ભંગ થયો ત્યાં કેસ વધારે નોંધાયા છે. જેથી દરેક લોકોએ ઘરની બહાર નીકળીને પાછા આવે ત્યારે વારંવાર હાથ ધોવા, જાહેરમાં ન થૂંકવું જોઈએ. તેમને ઉમેર્યું હતું કે, આજે એએમસી દ્વારા ૨૭૧૮૨ જેટલા ફ્રી માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું અને ૪૪૬૯ સેનેટાઈઝર બોટલનું પણ વિતરણ કરવામાં આવ્યું છે. છસ્ઝની ટીમ દ્વારા શહેરની ૫૩૨ દુકાનો પર બેનર લગાવવામાં આવ્યા છે. તો ૩૨૨૦ ધંધાકિય એકમોની તપાસમાં ૪ યુનિટ સીલ કર્યા હોવાની માહિતી પણ તેમણે આપી હતી. અમદાવાદમાં કોરોનાના ખતરા વચ્ચે ફ્રન્ટ લાઈન કામ કરી પેરા મેડિકલ સ્ટાફ, નર્સ, હેલ્થ વર્કર, પોલીસ જવાનો અને સફાઈ કર્મી સહિતના કર્મચારીઓ અંગે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે મુજબ જ્યારે પણ ફ્રન્ટ લાઈન કામ કરતા કર્મચારીઓને કોરોના પોઝિટિવ આવશે તો તેમને હોમ બેઝ શ્રેષ્ઠ સારવાર અપાશે તેમજ જો તેઓ હોમ બેઝ સારવાર લઇ શકે તેમ નહીં હોય તો ૪ સ્ટાર અને ૫ સ્ટાર હોટલમાં શ્રેષ્ઠ સારવાર આપવામાં આવશે જેનો ખર્ચ તંત્ર દ્વાર ઉઠાવવામાં આવશે તેમ વિજય નહેરાએ જણાવ્યું છે. શહેરમાં ૧ મેથી મોસ્ક ફરજિયાત કરવામાં આવ્યું છે.

ત્યારે ગઈકાલ સવારથી અત્યાર સુધી રૂપિયા ૭ લાખની પેનલ્ટી વસૂલી હોવાની વાત કરી હતી. ગોમતીપુરમાં અલઅમીન ગરીબ નવાઝ હોસ્પિ.માં કોરોનાની સારવારની સુવિધા ઉભી કરવામાં આવી છે. કોરોનાના દર્દીને ગરીબ નવાઝ હોસ્પિટલમાં સારવાર મળશે. જમાલપુરમાં છીપા કોમ્યુનિટી સેન્ટરમાં પણ કોરોનાની સુવિધા મળશે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૬૭ નવા કેસ, ૧૬ દર્દીના મોત, ૬૨ ડિસ્ચાર્જ થયા હોવાની વાત વિજય નહેરાએ જણાવી હતી. આ સાથે કુલ આંકડો જોઈએ તો, અમદાવાદમાં ૨૬૫૯ એક્ટિવ કેસ, કુલ ૪૫૬ દર્દી ડિસ્ચાર્જ થયા છે. આ સાથે શહેરમાં મધ્ય ઝોનમાં ૧૦૯૯, દક્ષિણ ઝોનમાં ૬૮૪ કેસ, પશ્ચિમ ઝોનમાં ૨૪૮, ઉત્તર ઝોનમાં ૨૯૩ કેસ, દક્ષિણ પશ્ચિમમાં ૬૭ કેસ, ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૫૫ કેસ હોવાનું જણાવ્યું છે.

ગાંધીનગરના ખોરજ પાસે કેમિકલ ભરેલા કન્ટેનર ડેપોમાં આગ ભભૂકી, ત્રણ કિમી સુધી ધૂમાડા દેખાયા

ગાંધીનગર

શહેરના સરખેજ હાઈવેના ખોરજ પાસે કેમિકલ ભરેલા કન્ટેનર માટે ડેપોની સુવિધા ઉભી કરવામાં આવી છે. શનિવારે સવારે આઠ વાગ્યાની આસપાસ કેમિકલ ભરેલા કન્ટેનરમાં આગ લાગી ગઈ હતી. ત્યારે આગ એટલી વિકરાળ હતી કે ગાંધીનગર અને અમદાવાદની ફાયર ટીમને બોલાવવી પડી હતી.

બંને જગ્યાએથી ચાર-ચાર ફાયર ફાઈટરો સાથે આગ પર પાણીનો મારો ચલાવી પડ્યો હતો. ત્યારબાદ આગ પર કાબૂ મેળવી શકાયો હતો. આગમાં સાથે આઠ જેટલા કેમિકલ ભરેલા કન્ટેનર બળીને ખાખ થઈ ગયા હતા. મહત્વની બાબત એ છે કે બનાવ સ્થળે યોગ્ય સમયે અમદાવાદ અને ગાંધીનગરની ફાયર ટીમ પહોંચી ગઈ હતી.

જો યોગ્ય સમયે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હોત તો ડેપોમાં ૨૦૦ કરતાં વધુ કેમિકલ ભરેલા કન્ટેનર પડ્યા હતા. જો તેમાં આગ પ્રસરી હોત તો મોટી જાનહાનિ સર્જાઈ હોત. આગ કેવી રીતે લાગી તેનો હજુ કોઈ ચોક્કસ કારણ મળી આવ્યું નથી. ફાયરબ્રિગેડના અધિકારીઓ દ્વારા તેની તપાસ કરવામાં આવી રહી છે. આ કન્ટેનર ડેપોમાં સીસીટીવી પણ જોવા મળ્યા નથી.

ગુજરાત કોંગ્રેસમાં ફરી આંતરિક વિવાદ, NSUIના અધ્યક્ષ સામે જયરાજસિંહે ઉઠાવ્યા સવાલ

વડોદરા

ગુજરાતમાં એક તરફ કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે ત્યારે બીજી તરફ ગરમીનો પારો પણ ઉપર જઇ રહ્યો છે. આ વચ્ચે રાજ્યમાં પ્રદેશ કોંગ્રેસની અંદર ફરી વિખવાદ સપાટી પર જોવા મળ્યો છે. કોંગ્રેસના મોટા નેતા અને પ્રવક્તા જયરાજસિંહ પરમારે ટ્વિટ કરી એનએસયુઆઈ ના રાષ્ટ્રીય અધ્યક્ષ સામે સવાલો ઉઠાવ્યાં હતા.ગુજરાત કોંગ્રેસમાં ફરી આંતરિક વિવાદ સામે આવ્યો છે. કોંગ્રેસ પ્રવક્તા જયરાજસિંહ પરમારે વિવાદિત ટ્વીટ કર્યું છે. કોંગ્રેસ પ્રવક્તા જયરાજસિંહ પરમારે એનએસયુઆઈ રાષ્ટ્રીય અધ્યક્ષ સામે સવાલ ઉઠાવ્યો છે. એનએસયુઆઈની રાષ્ટ્રીય ટીમમાં એક પણ ગુજરાતીને સ્થાન ન મળતા જયરાજસિંહે ટ્વીટ કરી કહ્યું કે એનએસયુઆઈ ગુજરાત યુનિવર્સિટીની ચૂંટણીમાં ભારે મતથી જીત મેળવી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતમાં પણ અમે જીત્યા, મધ્ય ગુજ. યુનિ. આણંદમાં પણ અમે જીત્યા તો શું કમી રહી ગઇ હતી કે તમે તમારી રાષ્ટ્રીય કાર્યકારિણીમાં ગુજરાતના એક પણ વિદ્યાર્થીને પસંદ ન કર્યા? શું માત્ર ગણેશ પરિક્મા કરનારાઓને જ જગ્યા મળશે? ત્યારે જયરાજસિંહના ટ્વીટ બાદ ફરી કોંગ્રેસમાં આંતરિક વિવાદ સામે આવ્યો છે. અગાઉ પણ જયરાજસિંહ નારાજ થયા હતા. અને તેઓએ કહ્યું હતું કે કોંગ્રેસમાં ચાપલુસોની જમાવટ છે.

દીવ લોકડાઉનમાં ફસાયેલા મહારાષ્ટ્રના ૨ હજાર માછીમારોને વતન પરત મોકલાયા

દીવ

કોરોના વાઈરસને પગલે જાહેર કરાયેલા લોકડાઉનને પગલે દીવમાં ફસાયેલા મહારાષ્ટ્રના ૨ હજાર માછીમારો બોટ મારફતે માદરે વતન મોકલવામાં આવ્યા છે. તમામ માછીમારોનું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. અને બોટને પણ સેનેટાઈઝ કરવામાં આવી હતી. ત્યારબાદ દીવથી ૧૦ બોટ રવાના કરવામાં આવી હતી. આ માછીમારોએ દીવ પ્રશાશનનો આભાર માન્યો હતો.

જૂનાગઢમાં શંકાસ્પદ દર્દીઓના ૪૦ સેમ્પલ નેગેટિવ આવતા હાશકારો, ૧૦૦નો રિપોર્ટ પેન્ડીંગ

જૂનાગઢ

જૂનાગઢ જિલ્લામાંથી ગઈકાલે સેમ્પલ લેવાયા હતાં તેમાંથી આજે ૪૦ સેમ્પલનો કોરોનાનો નેગેટીવ રિપોર્ટ આવ્યો હતો. જ્યારે વધુ ૩૦ વ્યક્તિનાં સેમ્પલ લઈ લેબમાં મોકલાયા હતાં. ગઈકાલના અને આજે મોકલેલા મળી કુલ ૧૦૦ સેમ્પલનો રિપોર્ટ આવવાનો બાકી છે. જૂનાગઢ જિલ્લામાંથી ગઈકાલે ૭૨ વ્યક્તિનો કોરોનાનો નેગેટીવ રિપોર્ટ આવ્યો હતો. જ્યારે આજે વધુ ૪૦ સેમ્પલનો કોરોનાનો નેગેટીવ રિપોર્ટ આવ્યો હતો. અને સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. જ્યારે આજે જૂનાગઢ શહેરમાંથી ૧૧, ગ્રામ્યમાંથી ત્રણ, ભેંસાણમાંથી ત્રણ, વિસાવદરમાંથી ત્રણ, માણાવદરમાંથી બે, માળીયા હાટીનામાંથી ત્રણ, માંગરોળમાંથી બે તથા મેંદરડા અને કેશોદમાંથી બે વ્યક્તિ મળી ૧૦ મહિલા અને ૨૦ પુરૂષ મળી કુલ ૩૦ સેમ્પલ લેવામાં આવ્યા હતાં. અને લેબમાં મોકલાયા હતાં. અત્યાર સુધીમાં ૫૬૦ સેમ્પલ લઈ લેબમાં મોકલાયા હતાં. તેમાંથી ૪૬૦નો નેગેટીવ રિપોર્ટ આવી ગયો છે. જ્યારે ગઈકાલના અને આજે મોકલેલા કુલ ૧૦૦ સેમ્પલનો રિપોર્ટ આવવાનો બાકી છે. આજે બે વ્યક્તિને રજા અપાઈ હતી. તથા પાંચ દર્દી આઈસોલેશન વોર્ડમાં છે. જ્યારે ૭૨૩ મહિલા તથા ૯૪૬ પુરૂષ કવોરન્ટાઈન હેઠળ છે.

અમદાવાદ-ગાંધીનગરમાં કોરોના વોરિયર્સનું અવકાશી પુષ્પવર્ષાથી સન્માનની તૈયારી શરૂ

અમદાવાદ-ગાંધીનગરના આકાશમાં એરફોર્સ હેલિકોપ્ટરથી સર્વેલનસ હાથ ધરાયું

અમદાવાદ

કોરોના વાયરસ ને ડામવા ભારતમાં કામ કરી રહેલા કોરોના વોરિયર્સને અનોખી રીતે સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપીન રાવતે શુક્રવારે સાંજે આર્મ્ડ ફોર્સિસના આ પહેલની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, ભારતીય વાયુસેના ૩ મેના રોજ એક ફ્લાયપાસ્ટમાં ફૂલોનો વરસાદ કરીને કોરોના વોરિયર્સ પ્રતિ સન્માન આપશે. ત્યારે અમદાવાદ અને ગાંધીનગરની હોસ્પિટલોમાં જ્યાં કોરોના વાયરસના દર્દીઓની સારવાર થઈ રહી છે ત્યાં એરફોર્સના હેલિકોપ્ટરે દ્વારા આવતીકાલે સવારે ૯ થી ૧૦ વાગ્યા દરમિયાન પુષ્પવર્ષા કરવામાં આવશે. ત્રણેય પાંખના વડા દ્વારા ગઈકાલે જાહેરાત કરવામાં આવી હતી કે, આવતીકાલે સવારના સમયગાળા દરમિયાન કોરોના યોદ્ધાઓનું પુષ્પ વર્ષાથી અભિવાદન અને સન્માન કરાશે.

જનરલ રાવતે કહ્યું કે, વાયુસેના શ્રીનગરથી તિરુવનંતપુરમ સુધી એક ફ્લાયપાસ્ટ કરશે. બીજી ફ્લાય પાસ્ટ આસામના ડિબ્રુગઢથી શરૂ થઈને ગુજરાતના કચ્છ સુધી જશે.

તેમાં ટ્રાન્સપોર્ટ અને લડાકુ, બંને પ્રકારના વિમાન સામેલ થશે. ભારતીય વાયુસેનાના ઈતિહાસમાં આવુ પહેલીવાર હશે, જ્યારે પેન-ઈન્ડિયા ફ્લાયપાસ્ટ થવા જઈ રહી છે. નેવીએ પોતાના જહાજો પર રવિવારે રોશની કરવાનો નિર્ણય કર્યો છે. જ્યારે કે ઈન્ડિયન આર્મી કોવિડ હોસ્પિટલોની પાસે માઉન્ટેન બેડ ડિસ્પ્લે આયોજિત કરશે. ગાંધીનગર આકાશમાં આજે હેલિકોપ્ટરના આંટાફેરા જોવા મળ્યા હતા. જેને કારણે ગાંધીનગરના નગર જિલ્લામાં ઉત્સુકતા વધી હતી. તો અમદાવાદ શહેરના આકાશમાં પણ એરફોર્સ હેલિકોપ્ટરથી સર્વેલનસ શરૂ કરાયું હતું. MI-17 હેલિકોપ્ટર શહેરના આકાશમાં ઉડતું જોવા મળ્યું.

ગાંધીનગર જિલ્લા કલેકટર દ્વારા આવતીકાલના પુષ્પવર્ષાના કાર્યક્રમ અંતર્ગત હેલિકોપ્ટર ઉડી રહ્યું હોવાનો ખુલાસો કરાયો હતો. તો અમદાવાદ એરફોર્સ દ્વારા ફ્લાય પાસ્ટ યોજવામાં આવનાર છે. દેશમાં ફ્લાય પાસ્ટ ફ્લાય પાસ્ટ યોજાય તે પૂર્વે હવાઈ નિરીક્ષણ શરૂ કરાયું છે. આવતીકાલે ૩ મેનાં આકાશમાં લડાકુ વિમાનોની ફ્લાયપાસ્ટ યોજાશે. પ્લેનમાંથી કોરોના વોરિયર્સ માટે પુષ્પવર્ષા થશે. કોરોના મહામારી સામે લડત આપી રહેલાં ડૉક્ટરો, નર્સો, પોલીસકર્મીઓ વગેરે કોરોના વૉરિયર પ્રત્યે આભાર પ્રગટ કરાશે. સૈન્યની ત્રણેય પાંખ દ્વારા ત્રીજી મેનાં રોજ વિવિધ કાર્યક્રમનું આયોજન કરશે. ૩ મેનાં રોજ એરફોર્સ દ્વારા શ્રીનગરથી ત્રિવેન્દ્રમ અને આસામના દિબ્રુગઢથી કચ્છ સુધી ફ્લાયપાસ્ટ યોજાશે. લડાકુ વિમાનોમાંથી કેટલાંક વિસ્તારોમાં ફૂલોની વર્ષા કરવામાં આવશે. ભારતીય નૌકાદળ ત્રીજી મેની સાંજે સમુદ્રકાંઠાના વિસ્તારોમાં યુધ્ધજહાજોનું ફોર્મેશન રચી તેનું નિદર્શન કરશે.

મોલ અને દુકાનોમાં માસ્ક અને સેનિટાઈઝરનો અભાવ દેખાતા કરાઈ કાર્યવાહી

અમદાવાદમાં પ્રથમ દિવસે ૪ લાખ ૪૭ હજારનો દંડ વસુલાયો, ૪ એકમ સીલ

અમદાવાદ

અમદાવાદ શહેરમાં આજથી માસ્ક, સેનિટાઈઝર તેમજ સોશિયલ ડિસ્ટન્સિગ ફરજીયાત કરી દેવામાં આવ્યું છે. એએમસી ટીમ દ્વારા વહેલી સવારથી શહેરના અલગ અલગ વોર્ડમા ટીમ બનાવી ચેકીંગ હાથ ધરાયું હતુ. શાકભાજી લારીવાળા, કરિયાણા દુકાન, દૂધ ડેરી સહિત મોલમાં ચેકીંગ હાથ ધરાયું હતુ. મોલ અને દુકાનોમાં માસ્ક અને સેનિટાઈઝરનો અભાવ દેખાતા કાર્યવાહી હાથ ધરાઈ હતી. મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ જાહેરાત કરી હતી કે ૧ મે થી શહેરમાં તમામ નાગરિકોએ માસ્ક અને સેનિટાઈઝર તેમજ સોશિયલ ડિસ્ટન્સિગ ફરજીયાત છે. જે વ્યક્તિ નિયમનું પાલન નહી કરે તેવા એકમ સામે ૨ હજાર થી ૫૦ હજાર સુધીનો દંડ વસુલ કરાશે. એએમસી ટીમ દ્વારા ૧૪૯ ટીમ બનાવી શહેરના અલગ અલગ વોર્ડમા ૧૫૯૦ એકમો ચેક કર્યા હતા. નિયમનું પાલન ન કરતા ચાર એકમ સીલ કર્યા હતા.

આ ઉપરાંત દંડ રૂપે ૪ લાખ ૪ હજાર વસુલ કરવામાં આવ્યા હતા ૪. બોડકદેવ સ્થિત અમૂલ પાર્લર સીલ કરાયો હતો અને ગોદરેજ ગાર્ડન સિટી પાસે આવેલ હિંદ મોલને ૫૦ હજારનો દંડ ફટકાર્યો હતો. શહેરમાં બોડકદેવ વિસ્તારમાં એએમસી ટીમ દ્વારા ચેકીંગ દરમિયાન દુકાનદારોની ઘણી બેદરકારી સામે આવી હતી. દુધની ડેરી માલિક દ્વારા માસ્ક અને સેનિટાઈઝકની કોઈ વ્યવસ્થા કરાઈ ન હતી . તેમજ કરિયાણા દુકાનમાં પણ સોશિયલ ડિસ્ટન્સિંગનું કોઈ પાલન થઈ રહ્યું ન હતુ. જેથી તેઓને ૨ હજારનો દંડ વસુલ કરાયો હતો.

બોડકદેવ વિસ્તારમાં અમૂલ પાર્લર સીલ કરવામાં આવ્યું હતુ. અમૂલ પાર્લરના કર્મચારીઓ દ્વારા હાથના મોજા અને સેનિટાઈઝર કર્મચારીઓ માટે ન હોવાથી કાર્યવાહી હાથ ધરાઈ હતી. શહેરમાં અલગ અલગ ઝોનમા ટીમ બનાવી સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા આ કામગીરી હાથ ધરાઈ હતી. અમદાવાદી નિયમોનું કડક પાલન કરે તે ઉદ્દેશથી દુકાન માલિકો સામે લાલ આંખ એએમસી ટીમે કરી હતી.

૫ રાજ્યોનો ગુજરાતથી આવેલા પોતાના નાગરિકોને સ્વીકારવાનો ઈકાર

ઉત્તર પ્રદેશ સરકારે યાત્રીઓ ભરેલી બસોને એન્ટ્રી જ ન આપી..!!

અમદાવાદ

કેન્દ્ર સરકાર દ્વારા લોકડાઉનમાં ફસાયેલા લોકોને પોતાના રાજ્યમાં જવાની છૂટછાટ આપતા લોકોમાં હરખાયા છે. ગુજરાતમાં સૌથી વધુ માઈગ્રન્ટ્સ સુરત શહેરમાં છે. ત્યારે સુરતથી યુપી પોતાના વતન જવા નીકળેલા શ્રમિકોની હાલત પડ્યા પર પાટુ જેવી થઈ હતી. આ શ્રમિકો વતન જવા તો નીકળ્યા હતા, પણ યુપીમાં તેમની બસને એન્ટ્રી આપવામાં ન આવી. યુપી સરકાર દ્વારા કેટલીક બસોને ગુજરાત રિટર્ન કરવામાં આવી છે. આ કારણથી શ્રમિકોમાં રોષનું વાતાવરણ જોવા મળ્યું છે. કારણ કે, એક-એક શ્રમિકે ૨ થી ૪ હજાર વતન જવા માટે ચૂકવ્યા હતા. તો બીજી તરફ, બે દિવસમાં સુરત છોડવાનો આદેશ આપતા પોલીસના વીડિયો વાયરલ થયા છે. વીડિયોમાં સુરત જિલ્લા પોલીસ ચેતવણી આપી રહી છે. આ કારણે પરપ્રાંતિઓમાં અફવા ફેલાઈ છે. વીડિયોમાં કહેવાઈ રહ્યું છે કે, બે દિવસ બાદ કોઈને જવા દેવામાં નહિ. વધારે રૂપિયા આપીને પણ પરપ્રાંતીયો વતન લોકો ચાલ્યા જાય. બે દિવસ બાદ ઘરની બહાર નહીં જવા દેવાય. જમવાનું આપવાનું પણ બંધ કરવામાં આવ્યું. જે ગાડી મળે તેમ વતન જવાનું ફરમાન કરાયું. આ બીકને માર્યે લોકો ટેમ્પો, ટ્રકમાં બેસીને વતન તરફ જવા રવાના થયા છે.

ગુજરાતમાં ઉદ્યોગ ધંધા હોવાથી અહી બીજા રાજ્યોના અનેક કારીગરો આવીને વસે છે. ત્યારે લોકડાઉનમાં છૂટછાટ મળ્યા બાદ આ શ્રમિકો અને કારીગરો પોતાના વતન જવા માંગે છે. પરંતુ ગુજરાતના ફસાયેલા પરપ્રાંતીયોને ૫ રાજ્યોએ સ્વીકારવાનો ઈકાર કરી દીધો છે. દિલ્હી, મહારાષ્ટ્ર અને યુપી સરકારે કહ્યું કે, પ્રવેશનો શિડ્યુલ નક્કી થયા પછી જણાવીશું. તો બિહાર અને પશ્ચિમ બંગાળે તો હમણા કોઈને ન મોકલવાનું સ્પષ્ટ જણાવી દીધું છે. આ પાંચ રાજ્યોએ ગુજરાતને જણાવ્યું કે, હજુ તેમનુ સ્થાનિક તંત્ર ગોઠવાયુ નથી. તેથી ગુજરાતમાં કોઈને મુવમેન્ટ ન કરવી. તો દિલ્હી, યુપી અને મહારાષ્ટ્રએ કહ્યું કે, કયા સ્ટેટના નાગરિકોને ક્યારે પ્રવેશ આપવો તે વિશે ચર્ચા ચાલી રહી છે, શિડ્યુલ નક્કી થયા બાદ જ અમે જાણ કરી શકીશું.

પાલઘર સાધુ હત્યાકાંડ મુદ્દે બોલવા કથાકાર, લોક સાહિત્યકારને સંત ઈન્દ્રભારતી બાપુની અપીલ

જૂનાગઢ

દેશભરમાં કોરોનો વાયરસનો કહેર વધી રહ્યો છે અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના નાગરિકોને ૨૨ માર્ચના રોજ ઘરની બહાર ન નીકળીને જનતા કરફ્યુ કરવાની અપીલ કરી છે ત્યારે પીએમ મોદીના સમર્થનમાં સૌરાષ્ટ્રના જાણીતા સંત ઈન્દ્રભારતી બાપુ આવ્યા હતા. આજે સંત ઈન્દ્રભારતી બાપુને લઈને એક મોટા સમાચાર મળી રહ્યા છે જૂનાગઢના ઈન્દ્રભારતી બાપુએ તમામ કથાકાર, ભજનિક અને સાહિત્યકારોને ચેતવણી આપી છે. તમામ લોકોને પાલઘર હત્યાકાંડ મુદ્દે બોલવા અપીલ કરી છે. જે સંદર્ભે તેમને સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરસ કરીને માહિતી આપી છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, હિંદુ સંત ઈન્દ્રભારતી બાપુએ જે સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ કરીને ગુજરાતના કથાકાર, ભજનિક અને લોક સાહિત્યકારોને ખુલ્લી ચેતવણી આપી દીધી છે.

ગીરનાર મંડળના અધ્યક્ષ, જૂના અખાડાના વરિષ્ટ સંત ઈન્દ્રભારતી બાપુની ચેતવણીના પગલે હાલ મોટી ચર્ચાઓ થવા લાગી છે. તેમણે વીડિયોમાં જણાવ્યું છે કે, પાલઘર સાધુ હત્યાકાંડ મુદ્દે બોલવા કથાકાર, ભજનિક અને લોક સાહિત્યકારને અપીલ કરી છે અને ચેતવણીરૂપે કહ્યું છે કે, પાલઘર હત્યાકાંડ મુદ્દે કોઈ નહિ બોલે તો હું તેમને જાહેરમાં સવાલો પુછીશ. તેવી ચીમકી ઉચ્ચારી છે. રાજ્ય ભરના કથાકાર, ભજન કલાકાર અને લોક સાહિત્યકારોને આ આ પ્રકારની ચેતવણીના ભાગરૂપે મોટો ચર્ચાનો વિષય બન્યો છે. બાપુએ સોશ્યલ મીડિયામાં વિડિઓ વાઇરલ કરી ચેતવણી આપી છે.

ત્રણ દિવસ સળંગ સૌરાષ્ટ્ર અને કચ્છમાં હળવા વરસાદની આગાહી, ખેડૂતોની ચિંતા વધી

અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્યભરમાં છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમીનો વર્તારો શરૂ થયો છે. અગનગોળા વર્ષાવતી ગરમીથી રીતસરની ચામડી દાઝવા લાગી છે. બીજી તરફ રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદી ઝાપટા પડી રહ્યાં છે. હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે કે, શનિવારથી સળંગ ત્રણ દિવસ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છમાં હળવો વરસાદ પડી શકે છે. આજે શુક્રવારનો રાજો રાજ્યમાં ગરમીનો પારો ૦૧ ડિગ્રી જેટલો ગગડ્યો હતો. છતાં અમદાવાદ સહિત રાજ્યના કુલ સાત શહેરોમાં તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને પાર પહોચ્યો હતો. આમ એક તરફ લોક ડાઉનના કારણે રસ્તાઓ સૂમસામ બન્યા હતા અને હેવ અગનવર્ષાથી રસ્તાઓ સૂમસામ બન્યાં છે.

કાળઝાળ ગરમી વચ્ચે પણ સૌરાષ્ટ્રના વાતાવરણમાં ભારે પલટો આવ્યો છે. છેલ્લા બે દિવસથી ક્યાંક ક્યાં વરસાદી ઝાપટા પડી રહ્યાં છે. ત્યારે ફરી હવામાન ખાતા દ્વારા કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન ખાતા દ્વારા જણાવાયુ છે કે, તા.૨, ૩ અને ૪ મે સુધી સોરાષ્ટ્રમાં રોજકોટ, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ તેમજ કચ્છ જિલ્લામાં હળવો કમોસમી વરસાદ પડી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી દિવસોમાં હજુ ગરમીમાં વધારો થવાની શક્યતાઓ રહેલી છે. મે મહિનામાં રાજ્યમાં મહત્તમ તાપમાનનો પારો ૪૫ ડિગ્રીને પાર જવાની હવામાન નિષ્ણાતો દ્વારા શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. અમદાવાદ ૪૨.૫, ડીસા ૪૨.૨, ગાંધીનગર ૪૩ , વડોદરા ૪૧ , સુરત ૩૫.૬. અમરેલી ૪૨, ભાવનગર ૩૯.૫, પોરબંદર ૩૫.૨, રાજકોટ ૪૧.૮, સુરેન્દ્રનગર ૪૨.૮, મહુવા ૩૬.૮, કેશોદ ૩૯.૨, ભુજ ૪૦.૫ અને કંડલા એરપોર્ટ ૪૨.૬

ભૂલ કોની...? લોકોની કે તંત્રની...? કોરોનામુક્ત ગાંધીનગરનો રેડઝોનમાં સમાવેશ

ગાંધીનગર

રાજયના પાટનગર ગાંધીનગર શહેરમાં ગત તા.૨૦ એપ્રિલે એકપણ કોરોનાનો દર્દી રહયો નહોતો ત્યારે છેલ્લા દસ જ દિવસમાં જિલ્લામાં પોઝિટિવ દર્દીઓનો આંકડો ૫૩ સુધી પહોંચી ગયો છે. ત્યારે ઓરેન્જ ઝોનમાં રહેલો ગાંધીનગર જિલ્લો હવે રેડ ઝોનમાં તબદીલ થઈ ગયો છે. જેનું મુખ્ય કારણ કોરોનાનું ઝડપી અને વધતું સંક્રમણ છે. શહેરની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પણ મોટી સંખ્યામાં પોઝિટિવ દર્દીઓ મળી આવ્યા હતા.

કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા માટે હાલ લોકડાઉનની સ્થિતિ છે પરંતુ ગાંધીનગર શહેર અને જિલ્લાને અમદાવાદની નજીક રહેવાનું હાલ તો મોંઘુ પડી ગયું છે. કેમકે ગાંધીનગર શહેરમાં ગત તા.૨૦ માર્ચે કોરોનાનો પ્રથમ દર્દી મળ્યા બાદ તેના પરિવારના અન્ય દસ લોકો પણ સંક્રમિત થયા હતા. ગાંધીનગર શહેરના આ પરિવાર સિવાય અન્ય કોઈ કોરોના સંક્રમિત દર્દીઓ જોવા મળ્યા નહોતા.

તા.૨૦મી એપ્રિલે ગાંધીનગર શહેર અને જિલ્લામાં એકપણ પોઝિટીવ દર્દી રહયો નહોતો. જેના કારણે કોરોનામુકત શહેર થઈ ગયું હોવાનો દાવો પણ કરાયો હતો. પરંતુ અમદાવાદથી અવરજવર કરતાં કર્મચારીઓ અને અન્ય લોકોના કારણે ગાંધીનગર શહેર અને જિલ્લામાં ઓચિંતા જ પોઝિટિવ દર્દીઓ મળી આવ્યા હતા. તા.૨૪ એપ્રિલ સુધી ગ્રીન ઝોનમાં રહેલા ગાંધીનગર જિલ્લાને આજે કેન્દ્ર સરકારે રેડ ઝોનમાં મુકી દીધો છે. શહેર અને જિલ્લામાં છેલ્લા ચાર જ દિવસમાં ૩૦ દર્દીઓ નોંધાતાં ગાંધીનગર જિલ્લાને ઝડપી સંક્રમણ ફેલાતા ઝોનમાં મુકી દેવાની ફરજ પડી છે. એટલે હવે ગાંધીનગર જિલ્લામાં તા.૩ મે બાદ જે પ્રકારે ઝોન પ્રમાણે છુટછાટ આપવામાં આવનાર છે તેનો કોઈ લાભ મળશે નહીં. ગાંધીનગર શહેરમાં હાલ સે-૨૪, ૨૩, ૨૯, ૩, ૨, ૮, ૭, ૧૩ ના કેટલાક વિસ્તારો કલ્સ્ટર કવોરેન્ટાઈન છે તો ગાંધીનગર જિલ્લામાં અડાલજ, રાંધેજા, કોલવડા, પેથાપુર, નાંદોલ, હાલીસા, ઈટાદરા, ચડાસણા, કલોલ શહેરના અમુક વિસ્તારોનો પણ સમાવેશ કરાયો છે. જયાં કોઈ પ્રકારની છુટછાટ મળશે નહીં.

દેવગઢ બારીયા સબજેલમાંથી ૧૩ કેદીઓ ફરાર મામલે ૪ પોલીસકર્મીઓ કરાયા સસ્પેન્ડ

દાહોદ

દાહોદની દેવગઢ બારીયા સબજેલમાંથી ૧૩ કેદીઓ ફરાર થઈ ગયા હતા .જે મામલે ૪ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને તમામ પોલીસ કર્મચારીઓ વિરુદ્ધમાં ફરિયાદ પણ નોંધવામાં આવી છે. ૧૩ કેદીઓએ ભેગા મળીને બેરેકનું તાળું તોડ્યું હતું અને જેલની દીવાલ કુદીને મોડી રાત્રે કેદીઓ ફરાર થઈ ગયા હતા. સમગ્ર મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. પરંતુ આ બનાવને કારણે પોલીસ બેડામાં ખળભળાટ મચી ઉઠ્યો છે.

દાહોદમાં ૧,૨૦,૦૦૦ રૂ.નો વિમલનો જથ્થો ઝડપી પોલીસે આરોપીની ધરપકડ કરી

દાહોદ

લોકડાઉનના પગલે તમાકુંનુ સેવન કરનારા લાકો બેબાકળા બની ગયા છે. જેની લઈને તમાકુંની માગમાં પણ ગજબનો વધારો થયો છે. તેને જોતા કેટલાક તંબાકુના કાળાબજારીના કિસ્સાઓ પણ સામે આવી રહ્યા છે.

એવામાં દાહોદના કતવારા પોલીસે સીમલિયા ખુર્દ ગામેથી વિમલનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે બાતમીના આધારે સીમલિયા ખુર્દ ગામે રહેતા પ્રવીણ સાડીયા હાડાના ઘરે છાપો મારતા વિમલનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ૧,૨૦,૦૦૦ નો જથ્થો ઝડપી પાડી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

કોરોનાનો કેર વચ્ચે ગુજરાતમાં અમેરિકાની સફેદ માખી પ્રવેશતા ખેડૂતોની ચિંતામાં વધારો

જૂનાગઢ

કોરોનાનો કહેર માનવજાત માટે ઘાતક થઈ છે ત્યારે દરિયા વિસ્તારમાં નાળિયેરીનાં બગીચામાં કોરોના વાયરસ જેમ ઘાતક સફેદ માખીનો ઉપદ્રવ ફેલાયો છે. ગુજરાતમાં પ્રથમ વખત જોવા મળેલી અને ખાસ કરીને જૂનાગઢ જિલ્લામાં સફેદ માખીએ ખેડૂતોને હેરાન પરેશાન કરી મૂક્યા છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, ઉત્તર અમેરિકાના ફ્લોરિડામાંથી ભારતમાં પ્રવેશ કરી ૨૦૧૮માં તામિલનાડુ કેરળમાં સફેદ માખીનો ઉપદ્રવ જોવા મળ્યો હતો, અને હવે આ માખીનો પગપેસારો સૌપ્રથમ વખત ગુજરાતમાં થયો છે. ખાસ કરીને જૂનાગઢ જિલ્લામાં જ આ માંખી દરિયાઈ વિસ્તારના નાળિયેરીના બગીચાઓમાં જોવા મળી રહી છે જેમાં દરિયાઈ પટ્ટીમાં વિસ્તારોમાં આવતા આ માંખીએ ભારે આતંક મચાવ્યો છે.

જેના કારણે નાળિયેરના પાકને મોટેપાયે નુકસાન થઈ રહ્યું છે. જો આ સફેદ માખીને અટકાવવામાં નહીં આવે તો બીજા અન્ય પાકોને પણ નુકસાન પહોંચે તેવી પૂરી સંભાવના છે. આ સફેદ માખીને રુગોસ સ્પાય રેલીંગ વાઈટ ફ્લાય નામની જીવાત તરીકે ઓળખવામાં આવે છે. નાળિયેરની ખેતી કરતા ખેડૂતો કેરળથી નાળિયેરના રોપા લઈને આવ્યા તેમાંથી આ માંખીનો પ્રવેશ ખાસ કરીને ગુજરાત અને જૂનાગઢમાં થયો હતો. આ માખી સામાન્ય માંખી કરતા ત્રણ ગણી મોટી છે અને હાલ સફેદ માખીએ પોતાનો વિસ્તાર વધારી ગુજરાતના દરિયાકાંઠા ઉપર ખાસ કરીને માંગરોળ વેરાવળના નાળિયેરના બગીચાઓને મિશન બનાવ્યું છે.

આ માંખી માતા કીટક પાન પર ગોળાકાર આકૃતિમાં ઈંડા મૂકે છે જેના ઉપર સફેદ કલરનું મીણ જેવું આવરણ પણ જોવા મળે છે જેને કારણે પાન કાળા પડી જાય છે અને જે પોષણ મળવું જોઈએ તે મળતું નથી અને નાળિયેરનો પાક નિષ્ફળ જાય છે. મોટાભાગના ખેડૂતોને નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. હાલ તો જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ આ અંગેની માહિતી મળી છે અને કીટક શાસ્ત્ર વિભાગ દ્વારા આ અંગે સંશોધન શરૂ કરી દેવામાં આવ્યું છે અને આમ આ માંખીના ગુણધર્મો તેમજ ટેસ્ટિંગ પણ કરી લેવામાં આવ્યું છે જેને આધારે આ માખીનો ઉપદ્રવ નક્કી જ અટકાવી શકાય તે માટેનું રિસર્ચ અત્યારે ચાલી રહ્યું છે.

અમદાવાદની કેન્સર હોસ્પિટલમાં શરૂ કરાઈ કોરોનાના દર્દીઓની સારવાર

અમદાવાદ

કોરોનાનું સંક્રમણ અટકાવવા રાજ્ય પ્રશાસન યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યું છે. એક પણ ક્ષેત્ર એવું નથી કે જેમાં વિશેષ ધ્યાન કેન્દ્રિત ન કર્યું હોય. રાજ્ય સરકાર દ્વારા કોરોનાના સંક્રમિત દર્દીઓ માટેની ડેઝિગ્નેટેડ ૧૨૦૦ બેડની હોસ્પિટલમાં પોઝિટિવ લક્ષણો ધરાવતા દર્દીઓને સારવાર અપાય છે. તો સાથે સાથે શંકાસ્પદ દર્દીઓને પણ અહીં રાખવામાં આવે છે. અમદાવાદની પ્રખ્યાત કેન્સર હોસ્પિટલમાં આ સારવાર શરૂ કરાઈ છે. રાજ્યમાં કોરોનાના વધતા દર્દીઓને ધ્યાને લઈને રાજ્ય સરકારે અન્ય સરકારી હોસ્પિટલો તેમજ ખાનગી હોસ્પિટલોને પણ કોવિડ સેન્ટર તરીકે ચાલુ કરવા કાર્યવાહી હાથ ધરી છે.

તેના ભાગરૂપે સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં કાર્યરત ગુજરાત રિસર્ચ કેન્સર ઈન્સ્ટિટ્યૂટ સંચાલિત કેન્સર હોસ્પિટલની નવનિર્મિત ઈમારતને પણ હવેથી કોવિડ સેન્ટર તરીકે કાર્યરત કરાઈ છે. ૨૬૨ બેડની સુવિધા ધરાવતી આ હોસ્પિટલમાં પણ હવે દર્દીઓ સારવાર માટે દાખલ કરી શકાશે. ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર ડોક્ટર શશાંક પંડ્યાએ જણાવ્યું છે કે, ૨૬૨ બેડની કેપેસિટી ધરાવતી આ સંસ્થામાં ૧૫૦ તબીબો, ૧૫૦ નર્સિંગ સ્ટાફ, ૫૦ ટેકનિશિયન, ૫૦ પેરામેડિકલ સ્ટાફ, ૧૨૦ સેવકો કાર્યરત છે. હાલ એક વોર્ડમાં કોરોનાના પોઝિટિવ લક્ષણો ધરાવતા ૯ દર્દીઓ દાખલ કરાયેલા છે.

એટલું જ નહી બે આઈ.સી.યુ વોર્ડમાં ૨૦ બેડની સુવિધા છે. તથા ૨૨ વેન્ટિલેટર ઉપલબ્ધ છે. સાથે સાથે દરેક બેડ વેન્ટિલેટરમાં કન્વર્ટ થઈ શકે તેવી વિશેષ સુવિધા પણ છે. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજ કુમારની સૂચનાના પગલે ૧૨૦૦ બેડની હોસ્પિટલ માટે ખાસ નિમાયેલા ડેપ્યુટી કલેક્ટર ધવલ જાની તથા અન્ય ઉચ્ચ અધિકારીઓએ આજે આ કેન્સર હોસ્પિટલની મુલાકાત લઈ ક્ષમતા અને સુવિધાઓ અંગે વિસ્તૃત છણાવટ કરી હતી.

વડોદરામાં કોરોનાના વધુ ૨૬ પોઝિટિવ કેસ નોંધાતા કુલ સંખ્યા સંખ્યા ૩૫૦ પહોંચી

વડોદરા શહેરના પત્રકારોના તમામ ૮૬ સેમ્પલ નેગેટિવ આવ્યા

વડોદરા

વડોદરા મહાનગર પાલિકાએ જાહેર કરેલા આંકડા પ્રમાણે વડોદરા શહેરમાં કોરોના વાઈરસના વધુ ૨૬ પોઝિટિવ કેસ નોંધાયા છે અને વડોદરા શહેર અને જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૫૦ ઉપર પહોંચી ગઈ છે. આ પહેલા આજે સવારે વડોદરા મહાનગરપાલિકાએ જાહેર કરેલા આંકડાઓમાં વડોદરા શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં આરોગ્ય વિભાગે એક પણ સેમ્પલ લીધુ નથી, અને એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી. તેમ જણાવ્યું હતું.

વડોદરા શહેર-જિલ્લામાં અત્યાર સુધી કોરોના વાઈરસના ૩૫૦ પોઝિટિવ કેસ નોંધાયા છે અને કોરોના વાઈરસથી ૨૪ લોકોના મોત થયા છે. રોજેરોજ કોરોના વાઈરસના કેસોમાં વધારો થયો છે અને છેલ્લા ૧૦ દિવસથી તો રોજેરોજ કોરોના વાઈરસથી મોત થઈ રહ્યા છે, ત્યારે આજે વડોદરા મહાનગરપાલિકાએ જાહેર કરેલા કોરોના વાઈરસના બુલેટીનમાં કોરોનાનો એક પણ ટેસ્ટ કર્યા વિના જ કોરોના વાઈરસ પોઝિટિવની સંખ્યા ૦ બતાવી હતી. જોકે બપોરે બાદ અચાનક જ આરોગ્ય વિભાગે ૨૧૫ સેમ્પલ પૈકી ૨૬ પોઝિટિવ કેસ જાહેર કર્યા છે. વડોદરા શહેરના વાડી અને વારસિયા સહિતના પોલીસ સ્ટેશન અને પોલીસ ચોકીઓને સેનેટાઈઝ કરવાની કામગીરી શરૂ કરાઈ છે. આ ઉપરાંત પોલીસ શાકભાજી અને ફ્રૂટની લારીઓ વાળાઓને સોશિયલ ડિસ્ટન્સિંગ રાખવામાં આવી રહ્યું છે.

મુક્ત ગાંધીનગર કોરોનાગ્રસ્ત, વધુ ૮ કેસ સાથે ૧ વ્યક્તિનું મોત, કુલ સંખ્યા ૬૦ થઈ

શહેરમાં ૫ કેસ, વાવોલ, ઉવારસદ અને અડાલજમાં ૧-૧-૧ કેસ નોંધાયા

ગાંધીનગર

ગાંધીનગર. કોરોના વાઈરસનો ફેલાવો હવે ગાંધીનગર શહેર અને જિલ્લામાં વધી રહ્યો છે. ગાંધીનગરમાં વધુ ૭ કેસ સામે આવ્યા છે. શહેરી વિસ્તારમાં ૫ કેસ અને વાવોલ તેમજ ઉવારસદમાં પ્રથમ કેસ નોંધાયો છે. કોરોનાના ચેપગ્રસ્ત લોકો જિલ્લામાં પ્રવેશી ગયા બાદ તંત્ર અને પોલીસ દ્વારા શહેરમાં પ્રવેશ પર નાકાબંધી કરવામાં આવી છે.

એકસમયે ગાંધીનગર શહેર કોરોનાવાઈરસ મુક્ત જાહેર કરી દેવામાં આવ્યો હતો. માત્ર એક જ પરિવારના લોકો જ સંક્રમણનો ભોગ બન્યા હતા જો કે અમદાવાદમાં થતી ગાંધીનગરમાં આવેલા લોકોના કારણે ગાંધીનગરનો રેડ ઝોનમાં સમાવેશ કરી દેવામાં આવ્યો છે. નવા નોંધાયેલા કેસમાં સેક્ટર ૩ ન્યૂમાં રહેતા ૪૦ વર્ષીય પુરુષ, સેક્ટર ૨૪ શ્રીનગર સોસાયટીમાં પોઝિટિવ પુરુષના પરિવારમાં તેમના ૪૫ વર્ષીય મહિલા અને ૨૩ વર્ષીય યુવક, સેક્ટર ૨૬માં ૭૦ વર્ષીય મહિલા અને ૩૧ વર્ષીય યુવક, વાવોલમાં ૨૬ વર્ષીય યુવકનો કોરોના પોઝિટિવ આવ્યો છે. જ્યારે ઉવારસદ ગામમાં ૪૫ વર્ષીય પુરુષ કોરોના વાઈરસનો ભોગ બન્યા છે. જેને ગામમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ટેસ્ટ કરાવ્યો હતો. ગાંધીનગર જિલ્લામાં કેસનો આંકડો ૬૦એ પહોંચી ગયો છે.

આજે અડાલજમાંથી વધુ એક પોઝિટિવ દર્દી મળી આવ્યો છે. આ પોઝિટિવ દર્દીનું પણ અમદાવાદ કનેક્શન સામે આવ્યું છે. અગાઉ મરણ પ્રસંગે અમદાવાદના દાણીલીમડા ગયેલા ૬૬ વર્ષિય વૃધ્ધ ૧૪ દિવસથી ક્વોરેન્ટાઈન હતા જેમનું આજે ટેસ્ટીંગ કરાવતા તેઓ પોઝિટિવ આવ્યા છે. જેથી તેમના સંપર્કમાં આવેલા વધુ છ વ્યક્તિઓને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. તો અડાલજમાં જ બાલાપીર ચાર રસ્તા પાસે રહેતા અને વાંસની ટોપલી બનાવતા પરિવારનો યુવક ગઈકાલે પોઝિટિવ આવ્યો હતો જેનું આજે મોત નિપજયું છે.

વડોદરાના ટોલનાકા પર પરપ્રાંતિયોના પથ્થરમારાની ઘટના સામે આવતા પોલીસે સ્થિતિ સંભાળી

વડોદરા

કેન્દ્ર સરકાર દ્વારા પરપ્રાંતિયોને વતન જવાની મંજૂરી આપ્યા બાદ લોકો પાસ લઈને વતન તરફ જઈ રહ્યા છે. જોકે વડોદરા જિલ્લાના કરજણ ટોલનાકા ઉપર યુપી, બિહાર અને રાજસ્થાન તરફ જઈ રહેલા લોકોને રોકતા પરપ્રાંતિય લોકોએ વાહનો ઉપર પથ્થરમારો કરીને ટ્રાફિકજામ કર્યો હતો. જોકે વધુ પોલીસ બોલાવીને પોલીસે ટ્રાફિકને ખુલ્લો કર્યો હતો.

સુરત અને ભરૂચ તરફથી યુપી, બિહાર અને રાજસ્થાનના લોકો શુક્રવારે રાત્રે ૧ વાગ્યે કરજણ ટોલનાકા ઉપર પહોંચ્યા હતા. આ લોકો પાસે પાસ હોવા છતાં કરજણ ટોકનાકા ઉપર પરપ્રાંતિય લોકોને પોલીસે રોક્યા હતા. જેથી આ લોકો રાત્રે બસો અને ટ્રકોમાં જ બેસી રહ્યા હતા અને સવારે પરપ્રાંતિય લોકોએ વતન જવાની માંગ સાથે ટ્રાફિકજામ કર્યો હતો અને વાહનો ઉપર પથ્થરમારો પણ કર્યો હતો. પરપ્રાંતિય લોકોનો ગુસ્સો જોતા વધુ પોલીસ બોલાવવામાં આવી હતી અને પોલીસે પરપ્રાંતિય લોકોને સમજાવીને ટ્રાફિક ખુલ્લો કર્યો હતો. પરપ્રાંતિય લોકોએ આક્ષેપ કર્યો હતો કે, સરકારની મંજૂરી બાદ અમે પાસ કઢાવીને અમારા વતન તરફ જવા માટે નીકળ્યા છીએ. અમારી પાસે પાસ હોવા છતાં અમને રોકવામાં આવ્યા છે. અમને વતન જવા દેવામાં આવે તેવી અમારી માંગણી છે.

પોલીસ કાર્યવાહી અંગે માહિતી પુરી પડાઈ

રેડ ઝોન વિસ્તારને કોર્ડન કરી લોકડાઉનનો કડક અમલ કરાશે

વતન જતાં પરપ્રાંતિય લોકો, આંતરરાજ્ય પ્રવાસ કરતા વિદ્યાર્થીઓએ પાસ, મેડિકલ ચેકઅપનું પાલન કરવું પડશે

અમદાવાદ

કોરોના વાયરસનું સંક્રમણ વધુ ફેલાય નહીં તે માટે સાવચેતી રાખવી ખૂબ જ આવશ્યક છે ત્યારે રાજ્યમાં જાહેર થયેલા રેડ ઝોન વિસ્તારને કોર્ડન કરીને આ વિસ્તારોમાં લોકડાઉનનો કડકાઈથી અમલ કરાવવામાં આવશે તેમ રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝાએ જણાવ્યું છે. રાજ્યના જે વિસ્તારો ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં છે તે વિસ્તારો હાલ કોરોના વાઈરસથી ઓછા સંક્રમિત અને સલામત છે ત્યારે આ ઝોનમાં પણ તકેદારી રાખવામાં નહીં આવે અને અન્ય ઝોનના અનઅધિકૃત વ્યક્તિઓની અવરજવર થતી રહેશે તો આ ઝોન પણ રેડ ઝોનમાં ફેરવાઈ જતાં સમય નહીં લાગે. એટલે જ ઓરેન્જ અને ગ્રીન ઝોન વિસ્તારમાં પણ પોલીસનું સખત પેટ્રોલિંગ રાખવામાં આવશે અને આ સલામત ઝોનમાં પણ અધિકૃત વ્યક્તિઓને મંજૂરી વગર પ્રવેશ આપવામાં આવશે નહી તેમ ઝાએ ઉમેર્યું હતું. ઝાએ સ્પષ્ટ જણાવ્યું કે, પોતાનો વિસ્તાર ગ્રીન ઝોનમાં જ જાળવી રાખવો હોય તો દરેકે સતર્ક અને સાવધાન રહેવું પડશે. કોઈપણ બહારની વ્યક્તિને આપણા વિસ્તારમાં બોલાવીશું નહીં અને મેડિકલ ચેકઅપ વગર કોઈ અનઅધિકૃત વ્યક્તિને પોતાના વિસ્તારમાં પ્રવેશ આપીશું નહીં તો જ આપણો વિસ્તાર કોરોના સંક્રમિત થશે નહીં અને આપણે ગ્રીન ઝોનમાં જ રહીશું. લોકડાઉન દરમિયાન બિનજરૂરી અવરજવર કરવા સહિતની સ્વયંશિસ્તની પણ એટલી જ આવશ્યકતા છે ત્યારે લોકોની બિનજરૂરી અવર જવર અટકાવવા તથા શાકમાર્કેટ અને કરિયાણાની દુકાનો પર ભીડ ન થાય અને સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાય તે હેતુસર પોલીસ ખાસ પેટ્રોલિંગ કરશે તેમ ઝાએ વધુમાં ઉમેર્યું હતું. ઝાએ જણાવ્યું કે, પાસ કે મંજૂરી વિના આંતર જિલ્લા કે આંતર રાજ્યમાં અવરજવર ચલાવી લેવાશે નહીં. આવી વ્યક્તિઓ પર કડક પોલીસ કાર્યવાહી કરવામાં આવશે. વતનમાં જતા પરપ્રાંતીય લોકોએ તથા આંતરરાજ્ય મુસાફરી કરતા વિદ્યાર્થીઓએ પણ કેન્દ્રએ જારી કરેલી ગાઈડલાઈન મુજબ પાસ તથા મેડીકલ ચેકઅપ સહિતની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. મરકઝથી ગુજરાતમાં આવેલા જમાતીઓ સંદર્ભે ઝાએ ઉમેર્યું કે, ગઈ કાલે કર્ણાટકથી અલગ અલગ માલવાહક વાહનોમાં બેસીને લોકડાઉનનો ભંગ કરી વલસાડ ખાતે આવેલા વધુ ત્રણ વ્યક્તિ સામે ગુનો દાખલ કરી તેને કવોરંટાઈન કરવા ઉપરાંત મેડિકલ ચેકઅપ સહિતની જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે. સુરા જમાતના મરકઝથી ગુજરાતમાં લોકડાઉન ભંગ કરીને આવેલા વ્યક્તિઓ સામે અત્યાર સુધીમાં ૨૨ ગુના નોંધવામાં આવ્યા છે. ઝાએ વધુમાં જણાવ્યું કે, વિવિધ માધ્યમો દ્વારા જે ગુનાઓ ગત રોજથી દાખલ થયા છે, તેમાં ડ્રોનના સર્વેલન્સથી ૨૯૫ ગુના નોંધાયા છે.

જૂનાગઢ સિવીલમાં ૧૨ ઈસીજી મશીન બંધ થતા તંત્રમાં દોડધામ, ઉના ભરોસે હોસ્પિટલ

જૂનાગઢ


જૂનાગઢ સિવીલ હોસ્પિટલ બનાવવામાં સરકારે કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે અને દર્દીઓને પુરતી સારવાર મળી રહે તે માટે આધુનિક સાધનો પણ ઉપલબ્ધ કરાવ્યા છે. પરંતુ સિવીલના સત્તાધિશોની બેદરકારીને કારણે દર્દીઓને પુરતી સારવાર મળતી નથી અને ના છુટકે ખાનગી હોસ્પિટલનો સહારો લેવો પડે છે. સિવીલ હોસ્પિટલમાં હ્રદયના ધબકારા માપવા માટે ૧૫ ઈસીજી મશીન છે તેમાંથી માત્ર ૩ જ શરૂ છે. બાકીના ૧૨ ખરાબ થઈને પડ્યા છે. જેને રીપેર કરાવવાની જાણ સિવીલ સુપ્રિન્ટેન્ડન્ટને કરવા છતા કોઈ કાર્યવાહી નહી કરી અને ડિપાર્ટમેન્ટના હેડને ઉડાવ જવાબ આપ્યો હતો.

સિવીલ હોસ્પિટલમાંથી મળતી માહિતી મુજબ એમસીઆઈજી ગાઈડ લાઈન મુજબ સિવીલ હોસ્પિટલમાં ૧૫ જેટલા ઈસીજી મશીન છે જેનાથી દર્દીના હ્રદયના ધબકારા માપી શકાય છે જેને કાડીયોગ્રાફી કહેવામાં આવે છે. પરંતુ આ મશીનમાં કોઈ ફોલ્ડ આવે તો જે તે ડોક્ટર મેડીકલ ઈજનેરને જાણ કરે બાદમાં તેની તપાસ કરી જરૂરીયાત મુજબની વસ્તુ અને નવા લેવા માટે સિવીલના સુપ્રિન્ટેન્ડન્ટને જાણ કરવામાં આવે છે. ત્યારે છેલ્લા ૬ મહિનાથી સિવીલમાં માત્ર ૩ જ ઈસીજી મશીન પર જ કામ ચાલે છે. બાકીના ૧૨ મશીન ખરાબ થઈ ગયા છે. આ અંગે ડિપાર્ટમેન્ટના હેડે સુપ્રિન્ટેન્ડન્ટને જાણ કરી હોવા છતાં પણ હજુ સુધી મશીન રીપેર કરાવ્યા નથી કે નવા નથી મંગાવ્યા તેના બદલામાં ઉડાવ જવાબ આપવામાં આવ્યો હતો. ત્યારે કોરોના વાઈરસની મહામારીમાં સિવીલ હોસ્પિટલમાં હ્રદયના ધબકારા માટેના મશીન બંધ છે જેને લઈને દર્દીઓને પુરતી સારવાર મળતી નથી. ત્યારે તંત્ર દ્વારા ખરાબ થયેલા મશીન રીપેર કરાવે અથવા તો નવા મંગાવી આપે જેથી સારવાર લેવા આવતા દર્દીઓને પુરતી સારવાર મળી રહેશે.



ગૃહમંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલી ગાઈડલાઈન પ્રમાણે શ્રમિક વર્ગ માટે સ્પેશિયલ ટ્રેન શરૂ કરાઈ હતી , જેને કારણે શ્રમિકો સરળતાથી પોતાને વતન પહોંચી શકે. સુરતથી પ્રથમ ટ્રેન શ્રમિકોને લઈને ઓરિસ્સા જવા માટે રવાના થઈ હતી સુરત સ્ટેશન પર સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાય એ માટે ગોર કૂંડાળાઓ દોરાયા હતા. સૌ શિસ્તબદ્ધ રીતે ટ્રેનમાં સવાર થઈ વતન તરફ જવા રવાના થયા. આ શ્રમિકોને સ્વાસ્થ્યની કાળજી લેવા અપીલ કરીતા માસ્ક પહેરવા, સમયાંતરે હાથ ધોવા અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવા જણાવવામાં આવ્યું હતું.

સુરત ફરવા આવેલી યુવતી ફોન પર વાત કરતા ધાબા પરથી નીચે પટકાતા મોત



સુરત

શહેરમાં સચિન ખાતે જનતા કરફ્યુના બે દિવસ પહેલા પરિવાર સાથે મુંબઈથી ફરવા આવેલી યુવતીનું પાંચમા માળેથી નીચે પટકાતા મોત નીપજ્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. યુવતી ફોન પર વાત કરી રહી હતી ત્યારે ફોન હાથમાંથી છુટી જતાં ફોનને પકડવાના ચક્કરમાં નીચે પટકાઈ હતી. જેના કારણે તેનું મોત નીપજ્યું છે. સુરતમાં કોરોના વાયરસ લઈને લૉકડાઉન ચાલે છે ત્યારે સુરતનાં સચિન વિસ્તારમાં આવેલા સચીન પારડી ખાતે રાજઅભિષેક સીટી હોમ્સમાં રહેતા કિષ્ણાભાઈને ત્યાં જનતા કર્ફ્યુના બે દિવસ પહેલા તેમની પિતરાઈ બહેન ૧૮ વર્ષીય દક્ષિતા હીરાલાલ યાદવ પરિવાર સાથે મુંબઈથી સુરત ફરવા માટે આવી હતી.

જનતા કર્ફ્યુ બાદ લોકડાઉનની જાહેરાત કરાતા દક્ષિતા પરિવાર સાથે સુરતમાં ફસાઈ ગઈ હતી. ગઈકાલે સાંજે દક્ષિતા પાંચમા માળે ધાબા ઉપર બેસી કોઈક વ્યક્તિ સાથે ફોન પર વાત કરતી હતી. ત્યારે અચાનક તેનો ફોન હાથમાંથી છૂટી જતાં તે ફોન પકડવા આગળના ભાગે નમતાં બેલેન્સ ખોરવાઈ ગયું હતુ. તે પાંચમા માળેથી નીચે પટકાઈ હતી. દક્ષિતાને પહેલા તો ઘર નજીકના એક ખાનગી હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી. અહીં તેની હાલત ગંભીર થઈ ગઈ હતી.

ત્યારબાદ વધુ સારવાર માટે સ્મીમેર હૉસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં દક્ષિતાનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. દક્ષિતાના પિતા હીરાલાલ યાદવ ઈન્દૌરમાં ગો ગ્રીન ટેક્સટાઇલ ઈન્ડિયા નામની ખાનગી કંપનીમાં નોકરી કરે છે. દક્ષિતાને અન્ય બે ભાઈ છે. એકની એક પુત્રીનું મોત થતા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. ઘટના અંગે સચીન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ટ્રેનની વ્યવસ્થા ચાલુ રહેશે, શ્રમિકો ધિરજ રાખે : પો.કમિશનર બ્રહ્મભટ્ટ

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે વતન જવા માંગતા શ્રમિકોને તેઓના વતન પહોંચાડવા માટે કેન્દ્ર સરકારે ટ્રેન દોડાવવાનો નિર્ણય લીધા બાદ આજે સાંજે ચાર વાગ્યા સુરતથી ઓરિસ્સા સ્પેશિયલ ટ્રેન રવાના થશે. સુરત રેલવે પ્રશાસન દ્વારા કોવિડ-૧૯ની માર્ગદર્શિકા મુજબ ટિકિટ ઈસ્યૂ કરાયેલા શ્રમિકોને ટ્રેન મારફતે રવાના કરાશે.

આજે પો.કમિ. બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, બીજા રાજ્યોના શ્રમિકોને વિનંતી કરી હતી કે ટ્રેન અથવા લક્ઝરી બસ દ્વારા વતન પહોંચાડવાનું નક્કી કરાયું છે. જેથી શ્રમિકોએ ધૈર્ય રાખવાની જરૂર છે. વતન જવા માંગતા શ્રમિકને વતન પહોંચાડવાની વ્યવસ્થા ચાલુ રાખવામાં આવશે. સુરતમાં શ્રમિકોની સંખ્યા વધારે હોવાથી શ્રમિકો અને આગેવાનોને અપીલ કરી છે કે દરેકને વારાફરતી જવાની તક મળશે. કોઈએ રેલવે સ્ટેશન ઉપર જવાનું નથી. રેલવે પ્રશાસન દ્વારા ફાળવવામાં આવી છે.તેવા શ્રમિકોને સુરત મનપાના બસ મારફતે રેલવે સ્ટેશન ઉપર પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

તેમજ લક્ઝરી બસોવાળા પણ વધુ ભાડુ ન લે, તે માટે આરટીઓ કચેરીને પણ સુનિશ્ચિત કરવા માટેની સૂચના આપવામાં આવી છે.

સાંસદ પાટીલના સહયોગથી પરપ્રાંતીયો વતન રવાના

સુરત

લોકડાઉનના કપરા સમયમાં પોતાના પરિવારજનોથી દૂર રહેતા અને શહેરમાં કામ કરતા શ્રમિકો ધંધારોજગાર બંધ હોવાથી પોતાના વતન જવા ઈચ્છતા હોવાથી કેન્દ્ર સરકારે શ્રમિકોને તેમના વતનમાં જવાની મંજૂરી આપી છે, ત્યારે ઓડીસા રાજયમાંથી સુરત રોજગાર અર્થે આવેલા કેટલાક શ્રમિકો સુરતમાં ફસાયા હતા. આ શ્રમિકો પ્રત્યે સાંસદ સી. આર. પાટીલે સંવેદનશીલતા દાખવી તેમને વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સૌ શ્રમિકો પાસે સોશિયલ ડિસ્ટન્સ જાળવી ઘરમાં જ રહેવાના સંકલ્પ અને વચન સાથે તેમને વતન મોકલવામાં આવ્યા હતા.

કોરોના પોઝિટિવ સગર્ભાએ તંદુરસ્ત બાળકને જન્મ આપ્યો

નવસારી

તા.૨૮/૦૪/૨૦૨૦ ના રોજ હનુમાન ફળિયા, ટાંકલના રહેવાસી શ્રીમતી રશ્મિબેન જતિનભાઇ પટેલનો કોરોના પોઝીટીવ રિપોર્ટ આવ્યો હતો. ત્યારબાદ તેઓને નવસારી કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. તેઓ સગર્ભા હતાં. તેઓની સારવાર તથા સાળસંભાળ કોરોનો વોરિયર્સ દ્વારા કરવામાં આવતી હતી.

રશ્મિબેને એક તંદુરસ્ત બાળકને જન્મ આપ્યો હતો. હાલ માતા અને બાળક બંનેની તબિયત સારી છે. કોવિડ-૧૯ હોસ્પિટલના ડોકટર તથા સ્ટાફ દ્વારા તેઓની સારી રીતે સારસંભાળ લેવામાં આવી રહી છે.

પરપ્રાંતીયોના પલાયનથી સુરતના કાપડ અને રાજકોટના મશીનરી ઉદ્યોગ અસરની સંભાવના



સુરત

રાજયમાં માં વસતા પરપ્રાંતીય મજૂરોને સરકારે પોતાના વતનમાં જવાની છૂટ આપતાની સાથે જ રાજ્યના મહાનગરોમાંથી મજૂરોએ વતન તરફની વાટ પકડી છે. છેલ્લા બે દિવસથી સુરત અને રાજકોટ શહેરમાંથી તેમજ અમદાવાદમાંથી મજૂરોના ટોળેને ટોળાઓ દેશના જુદા જુદા શહેરમોં જઈ રહ્યા છે. એક તરફ રાષ્ટ્રીય લૉકડાઉન ૨.૦ની મર્યાદા સમાપ્ત થઈ રહી છે ત્યારે લૉકડાઉન ખુલશે કે યથાવત રહેશે તેની સૌ કોઈ રાહ જોઈ રહ્યા છે. જોકે, મજૂરોની હિજરત અને પલાયનને જાણકારો ઉદ્યોગોની માઠી દશાના હાલતમાં જોઈ રહ્યા છે. છેલ્લા ૪૦ દિવસથી લગભગ બંધ પડી રહેલા રાજ્યના ઉદ્યોગોને કરોડો રૂપિયાની ખોટ જવાની આશંકા સેવાઈ રહી છે.

ગુજરાતમાંથી ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન, અને ઓડિશા તરફ મજૂરોનું પલાયન થતાની સાથે જ સુરતના કાપડ ઉદ્યોગ અને રાજકોટના મશીનરી ઉદ્યોગની હાલત ખરાબ થાય તેવી વકી છે. મજૂરો જ્યારે પોતાના વતન તરફ જઈ રહ્યા છે ત્યારે જાણો રાજ્યના ક્યા ઉદ્યોગો પર શું અસર થશે?

સુરતના કાપડા ઉદ્યોગ અને ખાસ કરીને વીવિંગ ઈન્ડસ્ટ્રીને મજૂરોના પલાયનના કારણે નુકશાની વેઠવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

સુરત શહેરમાં કાર્યરત હજારોની સંખ્યામાં આવેલા વીવર્સને રાજસ્થાન, ઓડિશાના કારીગરો જતા રહેતાં નુકશાની વેઠવી પડશે. આ ઉદ્યોગ સાથે ૨૦ લાખ લોકો જોડાયેલા છે. કાપડના કટિંગ, પેકેજિંગ અને પ્રોસેસિંગમાં રાજસ્થાન અને મહારાષ્ટ્રના લેબર જોડાયેલા છે. આ ઉદ્યોગ સાથે જોડાયેલા સુરતના ઉદ્યોગપતિ અશોક જીરાવાલા જણાવે છે કે ' આ મજૂરો જતા રહેશે પછી લૉકડાઉન ક્યારે હળવું થાય અને તેઓ ક્યારે પરત આવશે ત્યારે ૨૦૨૧માં ઉદ્યોગ થાળે પડે એવી શક્યતા છે. સરકારે ઉદ્યોગોને શરૂ કરવા માટે પણ હસ્તક્ષેપ કરવો પડશે. ઉદ્યોગને બચાવા માટે પણ સરકારે મહેનત કરવી પડશે.

નવસારી પોલીસે લોકડાઉન ભંગ બદલ ૨૦૫ અટક કરી

પોલીસ દ્વારા ૧૨૨ વાહનો ડિટેઈન કરાયા

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા પોલીસ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૩૦મી એપ્રિલના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ આઈપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૧૭૬ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૨૦૫ ની અટક કરવામાં આવી છે. જિલ્લામાં ૧૨૨ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા તા. ૩૦ એપ્રિલ સુધીમાં કુલ ૩૦૯૮ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૭૮૦૭ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

સુરતથી ચાર્ટર્ડ ફ્લાઈટમાં પાર્સલો વાયા મુંબઈથી હોંગકોંગ ટ્રાન્સફર

મુંબઈ પહોંચ્યા હતા

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયા જણાવે છે કે, સુરતથી હીરાના પાર્સલો મુંબઈ અને ત્યાંથી હોંગકોંગ ખાતે મોકલવામાં આવી રહયાં છે. અત્યારે મુંબઈનું કસ્ટમ બંધ છે. આથી કાઉન્સીલના માધ્યમથી સુરતનું કસ્ટમ ચાલુ કરાવવામાં આવ્યુ છે. કસ્ટમ વિભાગના અધિકારીઓની મદદથી મુંબઈથી ચાર્ટર ફલાઈટમાં હીરાના પાર્સલો સુરત કસ્ટમ ખાતે મંગાવવામાં આવી રહયાં છે. સુરતમાં કસ્ટમની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરીને હીરાના પાર્સલો ચાર્ટર ફલાઈટથી મુંબઈ એરપોર્ટ ખાતે હેન્ડઓવર કરવામાં આવે છે. ત્યારબાદ હોંગકોંગથી મુંબઈ અવરજવર કરતી ફલાઈટમાં હીરાના પાર્સલો હોંગકોંગ ખાતે મોકલવામાં આવી રહયાં છે. આવતીકાલે પણ ૧૭ જેટલા હીરાના પાર્સલો સુરત એરપોર્ટથી ચાર્ટર ફલાઈટમાં મુંબઈ અને ત્યારબાદ હોંગકોંગ ખાતે ટ્રાન્સફર કરવામાં આવી.

સુરતમાં ૬૫૧ કોરોના પોઝિટીવ, ૨૫ના મોત, ૨૨૦૧ લોકો ક્વોરન્ટીન



સુરત

કોરનાનો કહેર દિવસેને દિવસે વધી રહ્યો છે. કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યાની સાથે સાજાના થનારની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે.પાલિકાએ જણાવ્યાં પ્રમાણે હાલ ૬૫૧ દર્દીઓ પોઝિટિવ તરીકે નોંધાયા છે. જેમાંથી ૨૫ના મોત નીપજ્યાં છે જ્યારે ૨૨૦૧ લોકોને ક્વોરન્ટીન હેઠળ રાખવામાં આવ્યાં છે. ૯૪ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી હોવાથી તેમને હોસ્પિટલથી રજા અપાઈ છે. વતન જનારાને ચેકપોસ્ટ પરથી અપાતી પરવાનગી બંધ કરવામાં આવી છે. સુરત કલેક્ટર ડો. ધવલ પટેલે ઓડિયો મારફતે જાહેરાત કરી હતી કે, તમામ ચેકપોસ્ટ પરથી વતન જવા માટે શ્રમિકોને અપાતી પરવાનગી બંધ કરવામાં આવે છે. હવે જે લોકો રાજસ્થાન ઓડિશા જવા માંગતા હોય તેમણે ઓનલાઈન અરજી કરવાની રહેશે અને ત્યારબાદ જવા દેવામાં આવશે. જો કે ચેકપોસ્ટ પર તેમનું સ્ક્રિનિંગ કરવામાં આવશે.

પોલીસ કમિશનર આર.બી.બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, ૧૭મી સુધી લોકડાઉન વધારવામાં આવ્યું છે. શહેરીજનોએ પ્રથમ બે તબક્કામાં સહકાર આપ્યો તેમ જ ત્રીજા તબક્કામાં વધુ સહકાર આપે તે જરૂરી છે. જે કોઈ વ્યક્તિની પાસે બસ હશે એમને સાથે મિટિંગ કરી પરપ્રાંતીયઓ માટે વ્યવસ્થા કરવામાં આવશે. પરપ્રાંતીયોને જેમને પણ વતન જવું હશે તેમના માટે વ્યવસ્થા કરવામાં આવશે. આ વ્યવસ્થા બંધ નહિ થાય.

સુરતમાં સંખ્યા વધારે છે જેથી બધા પ્રમુખ પોતાના લોકોને જાણ કરે કે બધા માટે વ્યવસ્થા થશે તેમ જણાવતા કમિશનરે જણાવ્યું હતું કે,કોઈ પણ રેલવે જઈ ભીડ ના કરે. બસ દ્વારા રેલવે મોકલવામાં આવશે અને ત્યાંથી વતન. બસો પણ વધારે ભાડું ના લે તે માટે નિ પણ વિનંતી કરાશે. સુરતના સચિન વિસ્તારમાંથી શ્રમીકોને લઈને વારાણસી જઈ રહેલી બસને પરત મોકલવામાં આવી છે.હાલોલ ચેકપોસ્ટ પરથી ગુજરાત પોલીસ દ્વારા સુરતથી રવાના થયેલી ચાર બસ પરત મોકલવામાં આવતા શ્રમિકોની મુશ્કેલીમાં વધારો થયો છે. લોકોને પરત મોકલાતા આ અંગેની ફરિયાદ નવસારી સાંસદ સી. આર. પાટીલે ગૃહમંત્રાલયમાં કરી છે.

સુરતમાં તાપમાન ૩૪ ડીગ્રી જેટલું છતા બફારાના કારણે આકરો ઉનાળો

દક્ષિણ-પશ્ચિમ દિશાથી પવન ફુંકાતા ભેજનું પ્રમાણ વધ્યું

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી પવનની દિશા બદલવાની સાથે ગરમીમાં હંગામી રાહત મળી રહી છે. પરંતુ ભારે ઉકળાટ અને બફારો થતા લોકો બેચેની અનુભવી રહ્યા છે.સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૫.૬ ડીગ્રી નોંધાયું હતું. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૭.૬ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૬ ટકા અને હવાનું દબાણ ૧૦૦૯ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ દક્ષિણ પશ્ચિમ દિશાથી દરિયાઈ ભેજવાળો પવન ફુંકાવાની સાથે ભારે બફારો અને ઉકળાટ અનુભવાઈ રહ્યો છે. નવસારી હવામાન વિભાગની કચેરી દ્વારા મળતી માહિતી મુજબ આજે અધિકતમ તાપમાન ૩૫ ડીગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગરમીનો પારો ૩૫ ડીગ્રીની આસપાસ છે. છતાં પણ ભારે બેચેની અનુભવાઈ રહી છે.

કોરોના મહામારી વચ્ચે સુરતથી ૯૧ બસોમાં હજારો શ્રમિકો વતન માટે રવાના

સુરત

કોરોનાની મહામારી વચ્ચે સુરતમાં ફસાયેલા લાખો પરપ્રાંતિય શ્રમીકોનો વતન જવાનો માર્ગ મોકળો થતા કભી ખુશી કભી ગમ જેવા દૃશ્યો જોવા ઠેરઠેર જોવા મળી રહ્યાં છે. મોટાભાગે વાહન અને તેના ભાડાની સમસ્યાથી શ્રમિક વર્ગ પરેશાન છે તેમ છતાં એકદંરે વતન જવા સૌએ પોતા-પોતાની રીતે રીતસર દોટ મૂકી છે. અત્યાર સુધી સુરતમાંથી ૯૧ બસો ભરીને હજારો લોકો પોતાના વતન જવા રવાના કરવામાં આવ્યા છે જેમાં નવસારીના સાંસદ સી. આર. પાટીલનું મોટું યોગદાન રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬૦થી વધુ શ્રમિકોએ સુરતને અલવિદા કહી દીધી છે. ગુરુવારે સાંજે ૪ વાગ્યાથી લઈને શુક્રવારના સાંજના ૭ વાગ્યા સુધીમાં ૫૪૦૦ વાહનો સુરતથી નીકળી ચૂક્યા હતા. શ્રમિકોને ઘરવાપસીની પરવાનગી માટે કેન્દ્ર સરકારની ગાઈડલાઈન બાદ ગુરુવારે બપોર બાદ જિલ્લા કલેક્ટર ડો. ધવલ પટેલે ચેકપોસ્ટ ઊભી કરવાની જાહેરાત કરતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઓન ધ સ્પોટ મંજૂરી આપવા બારડોલી, માંડવી, ધામદોડ અને પલસાણા પાસે ચેકપોસ્ટ ઊભી કરવામાં આવી છે. ઓડિસા, રાજસ્થાન અને મધ્યપ્રદેશના શ્રમિકો મોટી સંખ્યામાં વતન જવા નીકળી પડ્યા હતા. જોકે સુરતથી વતન જનારા શ્રમિકોની ચેકપોસ્ટ ડિટેઈલ રાખવામાં આવશે કે જ્યાં તેઓનું સ્ક્રીનીંગ કરી વતન જવાની મંજુરી અપાઈ રહી છે. વતન જવાનો માર્ગ મોકળો થતાં એક જ દિવસમાં સુરતથી ૫૪૦૦થી વધુ વાહન કોસંબા, ઓલપાડ, પલસાણા અને બારડોલી ચેકપોસ્ટ પરથી રવાના થયા હતા. ઉલ્લેખનીય છે કે જે થાય તે પણ લોકડાઉનના ૩૮ દિવસથી સુરતમાં ફસાયેલા તમામને આ મહામારીમાં પોતાના વતન પરિવાર પાસે પહોંચવું છે અને તેથી આવા સમયમાં પણ ટ્રાવેલર્સ કંપનીઓ તેમની મજબુરીનો લાભ લેવાનું ચૂકી નથી જેના કારણે રાજસ્થાન, ઓરિસ્સા અને મધ્યપ્રદેશ જવા માટે એક સીટના રૂપિયા ૩થી ૪,૦૦૦ જેટલું ભાડું ચૂકવીને પણ તેઓ વતન ભેગા થવા ભાગ્યાં છે.

સુરત લોકડાઉનમાં ખુલ્લા ખેતરમાં જુગાર રમતા ૯ લોકોની પોલીસે કરી અટકાયત



સુરત

કોરોના વાયરસને લઈને લોકડાઉનચાલી રહ્યુ છે ત્યારે ૩ તબક્કાના લોકડાઉન જાહેરાત કરવામાં આવી છે ત્યારે ઘરમાં રહેલા લોકો પોતાનો સમય પસાર કરવા કેટલાક લોકો જુગાર રમતા હોય છે, ત્યારે સુરત ના વરાછા વિસ્તારમાં શ્રી ફાર્મની બાજુમાં ખુલ્લા ખેતરમાં માસ્ક પહેર્યા વિના અને સોશિયલ ડિસ્ટન્સ જાળવ્યા વગર જુગાર રમતા ૯ જણાને ઝડપી પાડી તેમની પાસેથી રૂા. ૬૨,૬૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો છે. અમરોલી પોલીસ મથકના પો. કોન્સ્ટેબલ કિરીટ રસિક અને મહેશ વશરામને મળેલી બાતમીના આધારે પોલીસ ટીમે મોટા વરાછા સ્થિત શ્રી ફાર્મની બાજુમાં ખુલ્લા ખેતરમાં દરોડા પાડયા હતા.

કોરોના વાઈરસ ને લઈને લોકડાઉ ચાલી રહીયુ છે ત્યારે ઘરમાં બંધ લોકો પોતાના મનોરંજન માટે કોઈને કોઈ પ્રવૃત્તિ કરતા હોય છે ત્યારે કેટલાક લોકો એકત્ર થીઅને સમય પસાર કરવા માટે જીગર રમતા હોય છે ત્યારે આવા એક જુગાર રમતા લોકો એક જગિયા એકત્ર થયા ની હોવાની વિગત પોલીસ ને મળતા પોલીસે વરાછા વિસ્તરમાં આવેલ પનવેલ પોઈન્ટની બાજુમાં આવિષ્કાર હાઈટ્સમાં કેટલાક લોકો જુગાર રમવા માટે એકત્ર થયા હતા. જેને લઈને પોલીસે દરોડા પાડીને વરાછા જમીન દલાલ વિપુલ બચુ ગોંડલીયા (ઉ.વ. ૪૧),એમ્બ્રોડરી કારખાનેદાર સાગર ભીખા બોધવીયા (ઉ.વ. ૨૮) મેહુલ કનુભાઈ કાનાણી (ઉ.વ. ૩૨), હીરા દલાલ જીગ્નેશ ભીમજી ખૈની (ઉ.વ. ૩૫)અરવિંદ બાબુ ગઢીયા (ઉ.વ. ૪૪), જીતેન્દ્ર ઘનશ્યામ અક્બરી (ઉ.વ. ૩૯) ટેક્સટાઈલ વ્યાપારી જીતેશ ધનજી ખુંટ (ઉ.વ. ૩૫), નરેશ વલ્લભ માવાણી (ઉ.વ. ૪૦)અને કિશોર રામજી માકડીયા (ઉ.વ. ૪૮) ને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

સુરતથી યુપી શ્રમિકોને ભરી જતી બસને હાલોલ ચેકપોસ્ટ પર અટકાવાઈ



સુરત

લોકડાઉન વચ્ચે પરપ્રાંતિય શ્રમિકોને વતન જવા દેવાની મંજૂરી આપવામાં આવી રહી છે. સુરતના સચિન વિસ્તારમાંથી શ્રમીકોને લઈને વારાણસી જઈ રહેલી બસને પરત મોકલવામાં આવી છે.હાલોલ ચેકપોસ્ટ પરથી ગુજરાત પોલીસ દ્વારા સુરતથી રવાના થયેલી ચાર બસ પરત મોકલવામાં આવતા શ્રમિકોની મુશ્કેલીમાં વધારો થયો છે.

પ્રવાસીઓનુ કહેવું છે કે, હાલોલ ચેકપોસ્ટ પર પરવાનગીના કાગળો જોવાની પણ પોલીસે તસ્દી લીધી નહોતી. અમે વિનંતી કરી તેમ છતાં પરત મોકલવામાં આવ્યાં છે. પાવાગઢ હાલોલ-કલોલ પોઈન્ટ પર પોલીસે યુપીની પરવાનગી નથી એમ કહી પરત મોકલ્યા છે.બસના ડ્રાઈવર સલીમભાએ જણાવ્યું હતું કે, શુક્રવારની રાત્રે ૨ વાગે પરત સુરત મોકલ્યા હતાં. ચેકપોસ્ટ પર લગભગ ૨૦૦ જેટલી બસોને અટકાવી હતી. જેમાંથી MP-રાજસ્થાનના વાહનોને જવા દેવાયા હતાં. જ્યારે યુપી જતા યુ વ્હિલર, ટેમ્પો, ટ્રક, ખાનગી વાહનો સહિતના તમામને સુરત પરત મોકલાયા હતાં. ચાર બસમાં લગભગ ૨૦૦થી વધુ શ્રમિકો પરત મોલવામાં આવ્યાં છે.

દિવ્યાંગોને હોમિયોપેથિક દવા, અનાજ કીટ તેમજ મલ્ટીવિટામીન લીકવિડનું વિતરણ કરાયું



સુરત

આજ રોજ સક્ષમ (સમદ્રષ્ટિ ક્ષમતા વિકાસ અનુસંધાન મંડળ)જે દિવ્યાંગો માટે કાર્ય કરતું રાષ્ટ્રીય સંગઠન,ઇડિયન રેડ ક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાન્ચસુરત જિલ્લા હોમગાર્ડઝ તેમજ નેહરૂ યુવા કેન્દ્રના સઘોગથી સુરત શહેરના યોગીચોક વિસ્તારના દિવ્યાંગો પૈકી જરૂરિયાત મંદ દિવ્યાંગોના પરિવારોને સુરત શહેરના હોમગાર્ડઝ કમાન્ડન્ટ સાથે સાથે સક્ષમના પશ્ચિમ ભારત વિભાગના કેન્દ્ર શાસિત પ્રદેશના કાર્યવાહક કન્વીનર એવા ડો.પ્રફુલભાઈ શિરોયાના હસ્તે હોમિયોપેથિક દવા, અનાજ કિટ, સાથે મલ્ટીવિટામિન લીવિડનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ડો. પ્રફુલભાઈ શિરોયા એ દરેક દિવ્યાંગોના પરિવારોને આપના દેશના વડાપ્રધાન શ્રી અને મુખ્યમંત્રી શ્રીના કહેવા પ્રમાણે હાલના સમયમાં દરેકે એકબીજાથી સોશિયલ ડિસ્ટન્સ રાખવુંહાથને વારંવાર ધોઈને સેનેટાઈજ કરવા અને માસ્ક ફરજિયાત પહેરવા કહ્યું હતું.

આ સેવાકીય પ્રવૃતિમાં નેહરુ યુવા કેન્દ્રના સહયોજક સચિન શર્મા, ડો.પ્રફલભાઈ શિરોયા, દિનેશભાઈ જોગાણી, દિવ્યાંગ કલ્પેશભાઈ બાલધા, દિવ્યાંગ અતુલભાઈ રામાણી ઉપસ્થિત રહ્યા હતા.

સુરતમાં પ્રેમિકાને મળવા જતા રત્નકલાકારને પિતાએ ટોકતા નદીમાં ઝંપલાવી જીવન ટુંકાવ્યું



સુરત

સુરતમાં એક બાજુ લોકો લૉકડાઉનમાં ઘરમાં બંધ છે ત્યારે વરાછા રત્નકલાકારે પરિવારને ઠપકાથી નાસીપાસ થતા તાપીમાં છલાંગ લગાવીને મોતનને વ્હાલું કરતા ખળભળાટ મચી ગયો છે. રત્નકલાકારે પિતાના ઠપકાબાદ તાપીમાંથી છલાંગ લગાવીને મોતનો કૂદકો માર્યો હતો. દરમિયાન આજે કાપોદ્રા ફાયર બ્રિગેડે નદીમાંથી તેની લાશ કાઢી હતી બનાવની વિગત એવી છે કે શહેરના શહેરના વરાછા વિસ્તારમાં રહેતા અને મૂળ અમરેલીના સાવરકુંડલાના વતની અજય કાંતિભાઈ ધોળકિયા સુરતના કાપોદ્રામાં રત્નકલાકાર તરીકે કામ કરતો હતો અને પરિવારને મદદ કરતો હતો. દરમિયાન અજયે પ્રેમિકાને મળવા માટે જવા ઘરની બહાર નીકળવાનું બહાનું કર્યુ હતું.

પિતાએ લૉક ડાઉન ચાલું હોવાથી બહાર જવાની ના પાડતા તેને લાગી આવ્યું હતું. ગુરૂવારે રાત્રે પિતા સાથે થયેલી ચડસાચડસી બાજ અજય ધોળકિયા ઘરેથી કોઈને કીધા વગર જતો રહ્યો હતો અને તેને માઠું લાગી આવતા ઉત્રાણ તાપી બ્રિજ પરથી નદીમાં છલાંગ લગાવી હતી. દરમિયાન ગઈકાલે મોડી રાત સુધી અજય ઘરે ન આવતા વ્યાકૂળ બનેલા પિતાએ કાપોદ્રા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનામાં બાદ શુક્રવારે સવારે અજયના તંપલ કાપોદ્રા- ઉત્રાણ બ્રિજ પરથી મળી આવ્યા હતા. અંદાજે ૩૫ ફૂટ ઉંચેથી નદીમાં ખાબકેલા અજય ધોળકિયાનું મોત નીપજ્યું હતું.

દરમિયાન તેની લાશ પાણીમાં જણાતા કાપોદ્રા ભરવાડી ફળિયા પાસેથી ફાયર બ્રિગેડે લાશ બહાર કાઢવાની કામગીરી કરી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ પાણીમાં તરીને દોરીથી બાંધી અજય ધોળકિયાના મૃતદેહને બહાર કાઢ્યો હતો અને તેની ઓળખ કરી પરિવારને જાણ કરી હતી. આ મામલે કાપોદ્રા પોલીસે જણાવ્યું કે અજયે સુસાઈડ નોટ લખીને અંતિમ પગલું ભર્યું હતું અને તેમાં યુવતી સાથે પ્રેમ સંબંધ હોવાની માહિતી આપી હતી. પોલીસ અજયની લાશનું પોસ્ટમોર્ટ કરીને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કોરોના ઈફેક્ટ વચ્ચે આવકવેરા વિભાગને ફરી બંધ કરવાની ઉઠી માગ

સુરત

કોરોના ઈફેક્ટ વચ્ચે જ્યાં આવકવેરા વિભાગને ફરી બંધ કરવાની માગ કર્મચારી યુનિયન દ્વારા કરવામાં આવી છે. અગાઉ પહેલાં લોકડાઉનમાં આવકવેરા કચેરી બંધ કરી દેવામાં આવી હતી પરંતુ બાદમાં ૩૩ ટકા સ્ટાફ સાથે કચેરી ફરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નોંધનીય છે કે ચાર દિવસ પહેલાં જ આઈટી કચેરીમાં ફરજ બજાવતા એક કર્મચારીનો કેસ પોઝિટિવ આવ્યો હતો. યુનિયન સાથે સંકળાયેલાં અમર ભરતિયાએ કહ્યુ કે અમે માગ કરીછે ઓરલી પણ કરી છે અને લેખિતમાં પણ કરવામાં આવી છે. અમે ઇચ્છીએ છીએ કે સ્થિતિ સારી થાય પછી જ કચેરી શરૂ કરવામાં આવે કેમકે અમદાવાદમાં પણ હાલ કચેરી બંધ છે.

શિવદયાલ વિરૂદ્ધ ધરપકડ વોરન્ટ જારી

સુરત

સૂરત શહેરના મહિધર પુરા પોલીસ સ્ટેશનના ફસ્ટ ગુ.ર.નંબર-૨૩૮/૨૦૧૯ ઈ.પી.કો કલમ ૪૦૮ મુજબ સાયણની નિલમ નગર સોસાયટી, મુરલી કોમ્પલેક્ષના ઘર નં. ૬૨,૬૩/૨૦૪માં રહેતા અનિલ શિવદયાલ શર્મા શોધખોળ ચાલી રહી છે. જે પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરે છે. જેથી શિવદયાલ વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબ કોર્ટ પાસેથી ધરપકડ વોરન્ટ મેળવવામાં આવ્યું છે તેમ મહિધરપુરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટરશ્રી પી.એ.આર્ય દ્વારા જણાવાયું છે.

સુરત શહેરમાં લોકડાઉન ભંગ કરાતા ૧૦૪૯ વાહનો ડીટેઈન

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગતરોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૩૧૩ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૧૦૪૯ લોકોના વાહનો જમ કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરાની મદદથી ૦૮ તથા સી.સી.ટીવી કેમેરા દ્વારા ૦૧ ગુનાઓ નોંધવામાં આવ્યા છે. નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૧,૦૪૧ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૨૧,૯૫૪ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. સુરત શહેરમાં લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

સુરતમાં પરપ્રાંતિયોએ ટિકિટ અને પરવાનગી લેટર માટે કલેક્ટર કચેરીએ લાઈનો લગાવી



સુરત

લોક ડાઉન લંબાઈ રહ્યું છે ત્યારે પરપ્રાંતિયોની સાથે સૌરાષ્ટ્ર સહિતના ગુજરાતભરના સુરતમાં વસતા લોકોને વતન જવા માટે તાલાવેલી વધી છે. વતન જવા માટે સુરતમાં વસતા લોકોએ આજે કલેક્ટર કચેરીએ ટિકિટ અને મંજૂરી પત્ર માટે લાઈનો લગાવી દીધી હતી. ગેરમાર્ગે દોરાયેલા આ લોકોને પોલીસે સમજાવ્યાં હતા કે આ રીતે અહિંથી ટિકિટ કે મંજૂરી મળતી નથી. પરંતુ તેમ છતાં આ લોકો જવા તૈયાર ન હોય તેમ ઉભા રહેતા પોલીસે ઓનલાઈન સહિતની અન્ય વ્યવસ્થા અંગે માહિતી આપતાં લોકો ગયાં હતાં.

કલેક્ટર કચેરી સામે ઓડિશાના ૬૦,નેપાલના ૨૦૦,છત્તિસગઢના ૭૦. સૌરાષ્ટ્ર-અમરેલીનાના ૧૨ ખેડૂત, મહારાષ્ટ્રના ૧૫, ઝારખંડના ૨૦ અને બિહારના ૬૦થી વધુ લોકો વતન જવા માટેની ટીકીટ અને પરવાનગી લેટર માટે કલેકટર બહાર લાઈન લગાવી ઉભા હતાં. ભારે ભીડને લઈ પોલીસે સમજાવ્યા પણ તેઓ અડીખમ રહ્યા હતાં. ગેરમાર્ગે દોરાયેલા લોકોએ કહ્યું કે, અમને કતારગામ પોલીસે બિહારવાસીને કહ્યું પરવાનગી અને ટિકિટ કલેકટરમાંથી જ મળશે એટલે અમે કલેકટર પાસે આવ્યા છીએ.તમામ કારીગરો સંચા ખાતા, ડાયમંડ, સહિતના મજૂરો છે.પોલીસે આખરે તમામ લોકો સાથે સમજાવટથી કામ લઈને લોકોને પરત મોકલ્યાં હતાં.

સુરતમાં કોરોનાના વાયરસના ૧૨ નવા કેસ : વધુ ત્રણના મોત

કોરોનાગ્રસ્ત ત્રણ દર્દીઓના મોત નિપજ્યા : જુદા જુદા વિસ્તારોમાંથી નવા ૧૨ કેસ પોઝિટિવ મળી આવ્યા

સુરત

સુરત શહેરમાં કોરોના પોઝિટિવ ધરાવતા દર્દીઓ પૈકી વધુ ત્રણ દર્દીના મૃત્યુ થયા હોવાનું જાણવા મળ્યું છે. તેમજ આજે સવારે ૧૧ વાગ્યા સુધીમાં વધુ ૧૨ કોરોના પોઝિટિવ દર્દીઓ નોંધાયા હોવાનું જાણવા મળ્યું છે.

સુરત શહેરમાં કોરોના વાયરસની ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થઈ ચૂક્યું છે. ગઈકાલે સુરત મનપા કમિશનર બચ્છાનિધિ પાનીએ માર્કિંગ કરેલા કલર ઝોનમાં રેડ ઝોનમાં વધુ વિસ્તારોનો સમાવેશ થયો હતો. જેના પરથી સ્પષ્ટ થાય છે કે સુરત શહેરમાં કોરોના વાયરસની મહામારી વધુને વધુ ફેલાય રહી છે.

સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ ગઈકાલે સાંજે છ વાગ્યા સુધીમાં ૨૭ પોઝિટિવ દર્દીઓની સાથે સુરતમાં કોરોના વાયરસના કુલ દર્દીનો આંક ૬૨૧ ઉપર પહોંચ્યો હતો. ત્યારબાદ આજે સવારે ૧૧ વાગ્યા સુધીમાં સુરત શહેરમાંથી વધુ ૧૨ કોરોના વાયરસના પોઝિટિવ દર્દીઓ મળી આવ્યા છે. સુરત શહેરમાં અત્યાર સુધી કુલ ૬૩૩ કોરોના પોઝિટિવ દર્દીઓ નોંધાઈ ચૂક્યા છે. સુરત શહેરમાં કોરોના પોઝિટિવ ધરાવતા દર્દીઓ પૈકી મૃતકોની સંખ્યામાં પણ સતત વધારો નોંધાઈ રહ્યો છે. આજે કોરોના પોઝિટિવ ધરાવતા વધુ ત્રણ દર્દીના મૃત્યુ થતા સુરત શહેરમાં મૃતકોની સંખ્યા ૨૮ થઈ હોવાનું જાણવા મળ્યું છે.

સુરતમાં નોંધાયેલા નવા ત્રણ મૃતકોમાં ૧.ગુલામ મો.અબ્દુલ રઝાક, ૨. જયંતીલાલ ફીરકીવાલા, ૩. નસરીન અકીલ શેખનો સમાવેશ થાય છે. ઉપરોક્ત ત્રણેય મૃતકો કોરોના વાયરસ પોઝિટિવ આવતા નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા એમ જાણવા મળે છે.

ઉજવાયો ઓનલાઈન જન્મદિવસ



સુરત

કોરોના વાઈરસના પોઝિટિવ ચેપની સારવાર લઈ રહેલા દર્દીના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સુરતના કોવીડ સેન્ટરમાં સારવાર લઈ રહેલા મોહમદ સાદીકનો શુક્રવારના રોજ જન્મદિવસ હતો. જેથી ધારાસભ્ય હર્ષ સંઘવી અને તેમની ટીમ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી. બેન્ડ દ્વારા ઓનલાઈન ગીત વગાડવામાં આવ્યું હતું. બીજી તરફ ઘરેથી તેમના પરિવારને એક સ્ક્રિનમાં અને અન્ય સ્ક્રિનમાં મોહમદ સાદીક તથા ધારાસભ્ય હતાં. બેન્ડ દ્વારા આશા એ ખીલે દિલ કી ગીત વગાડાયું બાદમાં સાદીકભાઈએ કેક કાપીને અને તમામે શુભકામના આપી હતી.

કોવીડ હોસ્પિટલમાં કોરોના પોઝિટિવની સારવાર વચ્ચે ઉજવાયેલા જન્મદિવસ અંગે સાદીકભાઈએ જણાવ્યું હતું કે આ જન્મ દિવસ યાદગાર રહેશે. મારા જન્મ દિવસે અંતરિક્ષ બેન્ડ દ્વારા ગીત વગાડવામાં આવ્યું. ૨૧મીથી હોસ્પિટલમાં દાખલ છું. જન્મદિવસ નિમિતે પરિવારને ઓનલાઈન મળવાનો મોકો મળ્યો. મને ખૂબ ખુશી મળી કે મારા જેવા સામાન્ય વ્યક્તિઓ માટે પણ લોકો કેટલી મહેનત કરી રહ્યા છે. વહેલી સવારે ઉઠીને એક બેન કેક બનાવે છે અને બધી વ્યવસ્થા કરે છે. હું તમામ લોકોનો આભારી રહીશ.

પોઝિટિવ દર્દીઓ માટે સિવિલ હોસ્પિટલમાં ખૂબ સારી સંભાળ લેવામાં આવી રહ્યાનું કહેતા ઉમરાના ધારાસભ્ય હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, કોવીડ સેન્ટરમાં લોકોના ચહેરા પર ખુશી રેલાય તે માટે ઓનલાઈન ટેક્નોલોજી લોકો માટે ઉપયોગી સાબિત થઈ રહી છે. અમે દર્દીના જન્મ દિવસને લઈને કંઈક અનોખી રીતે ઉજવણી કરવા માંગતા તેમાં અંતરીક્ષ બેન્ડ અને સવારે છ વાગ્યાથી કેક બનાવનાર સ્વાતી કાપડીયા સહિતની ટીમે સાથ સહકાર આપ્યાનું તેમણે વધુમાં ઉમેર્યું હતું.

રાજપીપળાના અને હાલ વડોદરા સી.આઈ.ડી.આઈ.બી.માં ફરજ બજાવતા મુકેશ નેગી એ હવે ફુટ સેનેટાઈઝર યુનિટ તૈયાર કરાવડાવ્યું



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

વૈશ્વિક મહામારી કોવીડ-૨૦૧૯ જ કોરોના ભારત દેશમાં વાયુવેગ પ્રસરી રહ્યું છે ત્યારે વડોદરા ખાતે સી.આઈ.ડી. આઈ.બી. માં ફરજ બજાવતા આસી. ઈન્ટે. ઓફિસર મુકેશ નેગી દ્વારા ગત માસે સેનેટાઈઝર કેબિન કોન્સેપ્ટને સફળતા મળતા હાલ આ યુનિટ વડોદરા શહેર પોલીસ કમિશનરની કચેરી, માંડવી, કારેલીબાગ તથા સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત છે અને પ્રજાજનો સાથે પોલીસ અને આરોગ્ય વિભાગના ફ્રન્ટ લાઈન વર્કસ તેનો લાભ લઈ રહ્યા છે.

જયરાજસિંહ વાળા નાયબ કમિશનર સી. આઈ. ડી. આઈ. બી.,વડોદરાના માર્ગદર્શન હેઠળ એ. આઈ. ઓ. મુકેશ નેગી દ્વારા સેવાકીય પ્રવૃતિના વિચારને આગળ ધપાવતા'ફુટ સેનેટાઈઝર યુનિટ' ના વિચારને સાકાર કરી આઈ. ઓ. સી. એલ.ના સૌજન્યથી ચાર યુનિટ તૈયાર કરાવેલ છે આ યુનિટમા લોખંડના રોડને પગ વડે દબાવવાથી સેનેટાઈઝર ની બોટલમાંથી ડ્રોપ્સ હાથ ઉપર પડે છે અને કોઈ પણ વસ્તુ ને ટચ કર્યા વિના હાથ સેનેટાઈઝ થાય છે જેથી વાઈરસથી ચેપથી સુરક્ષા મળે છે.

આ ચાર યુનિટો પૈકી ૧. આઇ.જી.પી કચેરી,વડોદરા, ૨. વડોદરા શહેર પોલીસ હેડ કવાટર્સ, ૩.વેસ્ટન રેલ્વે એસ.પી.કચેરી તથા વડોદરા સી.આઈ.ડી.આઈ.બી.કચેરી ખાતે કાર્યરત કરવામાં આવ્યા છે પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મીઓ કોઈ પણ ચીજવસ્તુને ટચ કર્યા વિના હાથને સેનેટાઇઝ કરી વાઇરસ થી સુરક્ષિત હોવાનું અનુભવી રહ્યા છે.

આવા વૈશ્વિક મહામારીના સમયે મુકેશ નેગી જેવા કોરોના વોરીયર્સ ને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેઓના ઈનોવેટીવ વિચાર અને હકારાત્મક અભિગમની પ્રશંસા કરી તેમની સાથે સાથે આઈ. ઓ. સી. એલ. ને પણ અભિનંદન પાઠવી તેમની આ કામગીરીને બિરદાવવામાં આવી રહી છે.

ભરૂચના ઝઘડીયા પાસેનો કિસ્સો : આધેડ ઉંમર નો વ્યક્તિ તરુણી ને ભગાડી જઈ પોતાના ઘરે રાખતા અભયમ ટિમ મદદરૂપ બની



નાદાન બુદ્ધિ ની ૧૫ વર્ષની તરુણી ને લલચાવી આધેડ વ્યક્તિ ગેરકાયદેસર ઘરે રાખતો હોય તેની ચૂંગલ માંથી તરુણી ને અભ્યામે બચાવી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ભરૂચ જિલ્લાના ઝગડીયા પાસેના એક ગામ થી જાગૃત વ્યક્તિનો અભયમ ૧૮૧મહિલા હેલ્પ લાઈન મા કોલ આવ્યો જેમાં જણાવ્યું કે ૧૫ વર્ષ ની એક તરુણી ને ગામ નો માથાભારે વ્યક્તિ કે જેની ઉંમર ૪૮ વર્ષ ની છે જે તેને પોતાના ઘરે રાખેલ છે જેથી ભરૂચ અભયમ રેસ્ક્યુ ટીમ તાત્કાલિક પહોંચી સગીરા અને તેના પરિવાર ને સાથે રાખી ઝગડીયા પોલીસ સ્ટેશન મા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ ઝગડીયા પાસે ના ગામ મા રહેતી ૧૫ વર્ષ ની તરુણી ને લલચાવી તેજ ગામ નો એક ૪૮ વર્ષનો આધેડ પોતાને ઘરે છેલ્લા પાંચેક દિવસ થી રાખતો હતો જેની જાણ એક જાગૃત વ્યક્તિ એ અભયમ ને કરી હતી અને સગીરા ને આધેડ ની ચુંગલ માંથી છોડાવવા અનુરોધ કર્યો હતો.

ત્યારબાદ અભયમ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી સગીરાને તેના પરિવાર ને સોંપી હતી સગીરા ની વાતચીત ઉપર થી જણાઈ રહ્યું હતું કે તેની નાદાન બુદ્ધિ અને ઉંમર નો આધેડ લાભ લઈ તેને લલચાવી તેને ગેરકાયદેસર પોતાના ઘરે રાખતો હતો.

આ કેસ મા સગીર વય હોવાથી પોસ્કો એક્ટ હેઠળ ગુનો ગણાય જેની ગંભીરતા લઈને ઝગડીયા પોલીસ સ્ટેશન મા આધેડ વિરુદ્ધ ફરિયાદ અપાવવામાં આવી છે આગળ ની કાર્યવાહી પોલીસ કરી રહી છે.

રાજપીપળા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા આર્થિક પછાત વર્ગના લોકોને જીવન જરૂરી સામગ્રીની કીટનું વિતરણ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, રાજપીપળા ના મેનેજીંગ ટ્રસ્ટી ભરતભાઈ વ્યાસ ની સેવા પારાયણ હર હમેશ ગરીબો,જરૂરિયાતમંદો માટે જ જોવા મળે છે ત્યારે હાલ લોકડાઉન વચ્ચે ધંધા રોજગાર બંધ હોય તેવા કપરા સમયે જરૂરી ચીજ વસ્તુ યોગ્ય જરૂરીયાતમંદો લોકો સુધી પહોંચાડવાની કામગીરી આર્થિક પછાત વર્ગના લોકોને મદદ કરવા ની તેમની વિચાર ધારા ને ખરેખર સલામ છે. ગતરોજ તેમના મિત્રો ની મદદ રુપતા થી રાજપીપળા ની આસપાસ ના વિસ્તાર મા ચોખા,દાળ,તુવર,ખાંડ, ચાહ,મીઠુ,હળદર,મરચુ, બટાકા, ડુંગળી,લસણ જેવી ખાસ જરૂરી ચીજ વસ્તુઓ સાથે સાબુ અને હાલની સ્થિતિ એ અત્યંત જરૂરી એવા માસ્ક ની કીટ બનાવી જરુરીયાત મંદો ને વિતરણ



કરવાની વ્યવસ્થા કરી છે.

આજ સુધી મા ૪૦૦ થી વધુ સાડીઓ ૫૦૦જેવા જુના નવા કપડા ૫૦૦ કિલો ખાંડ ૧૨૦૦ કિલો અનાજ ૧૨૦૦ માસ્ક,૧૫૦૦ સાબુ ૫૦૦ કિલો ચાહ ૧૫૦૦ કિલો ડુંગળી બટાકા ની ૧૩૦૦ થી વધુ કીટ વિતરણ માટે બનાવાઈ હતી.ત્યારે આ ઉમદા કાર્યમાં તેમને સહયોગ આપનાર બધાનો ભરતભાઈ વાયસે આભાર માન્યો હતો.

રાજપીપળા મુખ્ય બગીચા સામે શરૂ કરાયેલું શાક માર્કેટ કોરોના કહેર વચ્ચે આશીર્વાદરૂપ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના મહામારી અને લોકડાઉન માં સોસીયલ ડિસ્ટન્સ ખાસ જરૂરી હોય તેવા સંજોગોમાં રાજપીપળા નગર પાલિકા ના ચીફ ઓફિસર જયેશ પટેલ ની સૂચના બાદ મુખ્ય શાક માર્કેટ ને બે ભાગ માં વહેંચાયું હતું જેમાં કન્યાશાળા અને બીજું ગવર્મેન્ટ હાઈસ્કૂલ માં શરૂ કરાયું પરંતુ ગવર્મેન્ટ હાઈસ્કૂલ માં વધુ ભીડ થતી હોય કોરોના મહામારી માટે જોખમરૂપ સાબિત થઈ શકે તેમ લાગતા ચીફ ઓફિસર જયેશ પટેલ ની સૂચના બાદ પાલીકા ની ટીમે આ શાક માર્કેટ મુખ્ય બગીચા ની સામેની વિશાળ ખુલ્લી જગ્યા માં ખસેડી લોકો ની બહુ ભીડ ન જામે અને સોસીયલ ડિસ્ટન્સ પણ યોગ્ય રીતે જળવાઈ તેવું આયોજન કરતા મુખ્ય બગીચા સામે શરૂ કરાયેલું શાક માર્કેટ લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે.

કરજણ કેનાલમાં નાહવા પડેલો યુવાન ડૂબી જતાં મોત



૪૦ ડીગ્રી ગરમીમાં લોકો હેરાન થતા નદી, કેનાલોમાં નાહવા જતા જોખમ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના નવાગામ પાસે આવેલી કરજણ કેનાલમાં નાહવા પડેલો યુવાન ડૂબી જતા મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલ પડી રહેલી આકરી ગરમીમાં લોકો શેકાઈ રહ્યા હોય તેવા સમયે નજીક ની નદી કે કેનાલ ના ઠંડા પાણીમાં નાહવા જતા હોય છે ત્યારે રાજપીપળા ના ટેકરા ફળીયા માં રહેતો મોહરમઅલી ઉર્ફે મેલસિંગ મહમદહનીફ શેખ (ઉવ ૨૯) પણ ગતરોજ આકરી ગરમી માં ઠંડક મેળવવા કરજણ કેનાલમાં નાહવા પડ્યો પરંતુ ત્યાં ઊંડા પાણીમાં ગરકાવ થતા તે ડૂબી જતા તેનું મોત થયું હતું.રાજપીપળા પોલીસે અ.મોત દાખલ કરી તપાસ હાથ ધરી છે.

નર્મદા ગરૂડેશ્વરના મંદીર ફળીયામાં ૯ જુગારીઓને જુગાર રમતા ઝડપી પાડતી ગરૂડેશ્વર પોલીસ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા પોલીસ વડા હિમકર સિંહના માર્ગદર્શન હેઠળ પ્રોહી/જુગારની પ્રવુતી બંધ કરવા જરૂરી સુચના મળતા સર્કલ પો.ઈન્સ. ડી.બી. શુક્લના સુપરવીઝન હેઠળ નર્મદા જીલ્લામાં અસામાજીક તત્વો સામે કાયદેસર કાર્યવાહી કરવાના પગલે પો.સ.ઈ. જે.એમ પટેલ ગરુડેશ્વર પોલીસ સ્ટેશનના માર્ગદર્શન આધારે ગરુડેશ્વર પોલિસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ સાથે ગરુડેશ્વર મંદીર ફળીયામાં એક ઝાડ નીચે ખુલ્લામાં કેટલાક લોકો જુગાર રમે છે તેવી બાતમી મળતા પો.સ.ઈ જે.એમ.પટેલ તથા ટિમ સાથે ત્યાં રેઈડ કરતા કુલ જુગાર રમતા નવ જુગરિયાઓ ને ઝડપી લીધા હતા જે પૈકી.. (૧) મેઘજી રામજીભાઈ તડવી, ગરૂડેશ્વર (૨) દિનેશ દલસુખભાઈ તડવી, રહે, ગરૂડેશ્વર તા. ગરુડેશ્વર (૩) ધર્મેન્દ્ર બીપીનભાઈ તડવી, રહે, કલીમકવાણા તા. ગરૂડેશ્વર (૪) યોગેશ દિનેશભાઈ તડવી, રહે, ગરુડેશ્વર, (૫) તુલસીભાઈ સમજીભાઈ તડવી, રહે, ગરુડેશ્વર, (૬) હરેશ રમણભાઈ તડવી, રહે, ગરુડેશ્વર (૭)સતિષ ગોપાળભાઈ તડવી રહે. ગરુડેશ્વર, (૮)હિતેષ ભરતભાઈ તડવી,રહે ગરુડેશ્વર (૯) અશ્વિન ચીમનભાઈ તડવી, રહે, ગરુડેશ્વર તા.ગરૂડેશ્વર ને ઝડપી પાડી તેમની પાસેથી અંગ ઝડતી માંથી કુલ રૂ.૨૪, ૯૬૦/-તથા દાવ ઉપરના રૂ.૯,૨૦૦/- તથા મોબાઈલ નંગ-પાંચ જેની કુલ કી.રૂ.૪૨૦૦/-મળી કુલ રૂ.૩૮,૩૬૦/- ના મુદ્દામાલ સાથે અટક કરી ગરુડેશ્વર પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા નો ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

સુરત ગ્રામ્ય શ્રમિકોના વિસ્તારમાં પોલીસ જ અફવાઓ ફેલાવી રહ્યાના સમાચારથી મચી અફરા-તફરી

સુરત

લોકડાઉનમાં અફવાનું બજાર ગરમ કરનારા સામે પોલીસ કાર્યવાહી કરે છે, પરંતુ સુરત ગ્રામ્યમાં પોલીસ પોતે અફવાઓ ફેલાવી રહી છે. ખાલી એક વીડિયો વાયરલ થયો છે, જેમાં જેં એચ.ગોહીલ પોતે પરપ્રાંતીય શ્રમિકોને ૨ દિવસની અંદર પોતાના વતન જવા માટે કહી રહ્યા છે. એટલું જ નહીં ધમકી પણ આપી રહ્યા છે કે, તેઓ જો પોતાના વતન નહીં ગયા તો તેમને અત્યાર સુધી જમવાની વ્યવસ્થા આપવામાં આવી રહી હતી તે પણ આપવામાં આવશે નહીં અને ઘરની બહાર પણ નીકળવા દેવાશે નહીં. સુરતમાં લાખોની સંખ્યામાં પરપ્રાંતીય લોકો વસવાટ કરે છે. લોકડાઉનના સમયે તેઓ પોતાના જ વતન જવા માટે ઈચ્છી રહ્યા હતા. બેરોજગારીના સમયે આર્થિક સંકળામણ અનુભવી રહેલા શ્રમિકોને આવી રીતેં જેં દ્વારા ધમકી આપી અને અફવા ફેલાવનારો વિડીયો સામે આવતા લોકો પણ ચોંકી ઉઠ્યા છે. કારણ કે, અત્યાર સુધી ઉત્તર પ્રદેશ અને બિહાર જવા માટે સરકારે પરવાનગી આપી નથી, તેમ છતાં સુરત ગ્રામ્ય પોલીસ આ લોકોને તેમના વતન જવા માટે PCR વેન થકી એનાઉન્સમેન્ટ કરાવી રહ્યા છે.કેટલાક પોલીસકર્મીઓ કોરોના વાઈરસના આ કપરા સમયમાં કાબિલે તારીફ કાર્ય કરી રહ્યા છે, ત્યારે બીજી બાજૂ સુરત ગ્રામ્યથી વાઈરલ થયેલા અમાનવીય વિડીયોમાં પોલીસ ધમકી અને અફવા ફેલાવી રહીં છે.

સુરત શહેરના ૨૬ સ્લમ વિસ્તારોમાં વધુ ૨૬ ફિવર ક્લીનિક ચાલુ કરાયા

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈકાલે તા.૦૧લી મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં ગઈ કાલે પોઝિટીવ કેસોની સંખ્યા ૫૯૪ હતી. કુલ ૧૧,૫૭૨ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૬૨૧ પોઝિટીવ અને ૧૦,૯૫૧ નેગેટીવ કેસો નોંધાયા છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે આજની સ્થિતિએ ૧૭૯૪ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને સમરસના કોવીડ કેર સેન્ટરમાં ૨૦૦ લોકો ક્વોરેન્ટાઈન હેઠળ છે. વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૪૦૭ લોકો છે. શ્રી પાનીએ કહ્યું કે, આપણે બધાએ ત્રણ બાબતો પર ખાસ ધ્યાન રાખવાનું હોય છે. એક કે દરેક લોકોએ માસ્ક ફરજીયાતપણે પહેરવા. સામાજિક અંતર જાળવી રાખવુ અને ત્રીજુ વારંવાર ૪૦ સેકન્ડ સુધી હાથ ધોઈશુ તો આપણે કોરોનાને હરાવી શકીશુ. હાલની પરિસ્થિતિમાં સ્લમ એરિયામાં સૌથી વધુ ધ્યાન આપવામાં આવે છે, સ્લમ એરિયામાં ૨૬ ફિવર ક્લિનિક ચાલુ કવામાં આવ્યા છે. તથા ૮૬ હેન્ડવોશીંગ મશીન મુકવામાં આવ્યા છે. ૯૧૮ સર્વે ટીમ કામ કરી રહી છે. પાંચમા રાઉન્ડનું ડોર ટુ ડોર સર્વેલન્સ ચાલુ કરવામાં આવ્યું છે.

આજે સોશ્યલ ડિસ્ટન્સિંગ માટે રૂ.૨૦ હજારનો દંડ લેવામાં આવ્યો છે. માસ્ક ન પહેરવા માટે ૨૪ વ્યક્તિઓ પાસેથી ૨૪,૬૦૦ નો દંડ લેવામાં આવ્યો છે. એક અગત્યની વાત ઉપર ભાર આપતા જણાવ્યું હતું કે, આજે જરૂરિયાતમંદોને ૭.૮૪ લાખ ફુડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારની ગાઈડલાઈન પ્રમાણે સુરત રેડ ઝોનમાં આવે છે. તેથી જે પ્રતિબંધો લગાવવામાં આવ્યા છે તે અમલી રહેશે. તેમ છતા સુરતમાં અલગ અલગ ઝોન પાડવામાં આવ્યા છે.

આખરે એડવાન્સ ભાડુ મળતાં ટ્રેન દોડાવવા રેલવે તંત્ર તૈયાર

સુરત સ્ટેશનથી મુસાફરોને લઈને પહેલી ટ્રેન બ્રહ્મપુર જવા નીકળશે

સુરત

સુરતમાં અંદાજે ૧૪ લાખથી વધુ પરપ્રાંતિયો હોવાથી તેઓને બસ કે કાર મારફતે વતન મોકલવામાં પડી રહેલી મુશ્કેલીઓના નિવારણ માટે તંત્રએ માસ ટ્રાન્સપોર્ટેશનનો વિકલ્પ વિચાર્યો હતો પરંતુ સુરત કલેક્ટર કચેરી અને રેલવે તંત્ર વચ્ચે સંકલનના અભાવે હજારો ઓરિસ્સાવાસીઓ દિવસભર તાપમાં તપ્યા હતાં. છેવટે એડવાન્સ ભાડાની રેલવે તંત્રની ડિમાન્ડ માની લેવામાં આવતા આજે જ શનિવારે સુરતથી ઓડિસાના બ્રહ્મપુર સુધી ટ્રેન દોડવવાનો માર્ગ મોકળો થયો હતો. સાંજે ૪ વાગ્યે સુરત સ્ટેશનથી મુસાફરોને લઈને પહેલી ટ્રેન બ્રહ્મપુર જવા નીકળશે.

રેલવેતંત્રએ એડવાન્સ ભાડું લેવાનો આગ્રહ રાખતા આખો મામલો ગુંચવાયો હતો પરંતુ છેલ્લાં ૩૮ દિવસથી લોકડાઉનમાં ફસાયેલા વતન લોકો કોઈ પણ સમસ્યાનો સામનો કરવા તૈયાર હતા. શુક્રવારે મોડી સાંજે રેલવેના અધિકારીઓ અને કલેકટર વચ્ચે બેઠક યોજાયા બાદ ઓડિસા તરફ ટ્રેન દોડાવવાનો રસ્તો ખુલ્લો થયો હતો. કલેકટરે ઓડિસા સમાજના આગેવાનોને બોલાવી એડવાન્સ ભાડું ચૂકવી દેવા જણાવ્યું હતું અને ઓડિસાવાસીઓ એડવાન્સમાં ભાડું ચૂકવવા તૈયાર થતાં રેલવે તંત્રએ ટ્રેનની જાહેરાત કરી હતી. આમ શનિવારને તા. ૨જી મેનાં રોજ ૨૦ કોચ સાથે સુરતથી ઓડિશાના બ્રહ્મપુર વચ્ચેટ્રેન દોડાવાશે. કુલ ૨૦ટ્રેન દોડાવવા તંત્રની તૈયારી છે.